


# શ્રી જયંત ભજન દર્શન

પ. પૂ. શ્રી જયંતિરામબાપા રચિત પદ્યકૃતિઓનું સંકલન

**શ્રી જયંત ભજન દર્શન**


**આરતી* ..... 1**

જય સદ્‌ગુરુ સ્વામી, વાલા જય સદ્‌ગુરુ સ્વામી ..... 1

જય લાભેશ્વરનાથ, વાલા જય લાભેશ્વરનાથ ..... 1

આરતી ઉતારું પીપળિયાના પીરની, દયાળુ દેવારામની ..... 2

આરતી કરીએ સૌ સંત મળી સાથ, ભાંગી મનની ભ્રાંત ..... 2

ધન્ય ધન્ય સદ્‌ગુરુ દેવારામને, જે મુજ પ્રાણ આધાર ..... 3

હું તો આરતી ઉતારું દેવારામની રે, મારે હૈયે હરખ ન માંય ..... 3

આરતી દેવારામ ગુરુની થાય, આજ મારે હૈયે હરખ ન માંય ..... 4

આરતી ઉગમેશ્વર દેવની થાય, ઝાલર નાદ બ્રહ્મની સંભળાય ..... 4

આરતી લાભેશ્વરનાથની થાય, ગતગંગા દર્શન કરવા જાય ..... 5

આરતી ભલારામ ગુરુની થાય, આજે આનંદ મંગળ વરતાય ..... 5

ગતગંગા ઉતારે ગુરુની આરતી, નર નારી મળી નમન કરે ..... 6

આરતી વાગે છે અપરંપાર, વાગે પરાની પાર ..... 7

આરતી કરીએ ગતગંગા સાથ, સાંધી શ્વાસો શ્વાસ ..... 7

જય હીરસાગર દેવ, વાલા જય હીરસાગર દેવ ..... 8

ઉગમેશ્વરની કરીએ આરતી, સદા ચરણમાં રેવા ..... 8

જય જય પુંજલપીર, વાલા જય જય પુંજલપીર ..... 9

જય હરજીવનરામ, વાલા જય હરજીવનરામ ..... 9

દયાળુ દેવારામ તમને, નમીએ વારંવાર ..... 10

અખંડ ઉગારામ તમારું, નવખંડમાં છે નામ ..... 10

**ઝીલણિયા* ..... 11**

ગુરુ જોઉં છું તમારી વાટ, વેલા વેલા આવોને ..... 11

આવો આવો ને સદ્‌ગુરુ શ્યામ, આવો આંગણિયે ..... 11

ઉગારામ મો'લે પધારો મારા વાલમા, તમે ચાલીને ધીમી ધીમી ચાલમાં ..... 12

સખી ધન્ય કૃપા સદ્‌ગુરુદેવની, સુધાર્યા સર્વ અમારા કાજ ..... 12

આજ મારા દિલ મંદિરને દ્વારે, ગુરુજી મારા આવે છે ..... 13

ધન્ય ધન્ય ભાગ્ય જેને સદ્‌ગુરુ મળિયા ..... 13

સખી સદ્‌ગુરુ ચરણ સેવતા, મારે થઈ છે આનંદ લહેર ..... 14

સખી સદ્ગુરુ મળિયા અમને સહજમાં, મારો મટી ગયો મનનો સંતાપ.......... 14
સખી ચાલો જઈએ સતસંગમાં, લાગે ભક્તિ કેરો રંગ.......... 15
સખી ચાલો ગુરુજીના દેશમાં, જ્યાં દુઃખ નહિ લવલેશ.......... 15
ચાલોને સખી આજે ગુરુચરણે જઈએ.......... 16
આવ્યો છે રૂડો અવસર, સમજી બેની ચેતજો.......... 16
સખી અમર ઓઢણું સદ્ગુરુ સ્વામીનું, મેં તો ઓઢ્યું મારે અંગે અંગ.......... 17
સખી સોળેય કળાએ ચંદ્ર ખીલીયો રે લોલ, સદ્ગુરુ પૂરણ પરિબ્રહ્મરૂપ.......... 17
પૂજીએ પૂજીએ સદ્ગુરુજીના પાંવ, હૃદયમાં હેત ધરી.......... 18
ગુરુની વાતમાં લોભાણી સખીરી હું તો.......... 19
ગુરુ મળ્યા ગિરધારી, હું તો પૂરણ પદવી પામી.......... 19
તું કરી લે ગુરુજીનો સંગ, અવસર એળે વયો જાય છે.......... 20
કૃપાસિંધુ મોરારિ, સદ્ગુરુ મારા આનંદકારી.......... 20
દયા કરોને મોરારિ ગુરુદેવા, દયા કરોને મોરારિ.......... 21
શ્યામ છે શ્યામ છે શ્યામ છે રે, સદ્ગુરુ મારા શ્યામ છે.......... 21
લાગે છે રે લાગે છે, મને સદ્ગુરુ વાલા લાગે છે.......... 22
બાંદરા ગામ મોટું ધામ છે, ઉગારામ અલખ ધણીનો અવતાર છે.......... 23
તમારા ગુણ છે અપરંપાર, સદ્ગુરુ અખંડ ઉગારામ.......... 23
વંદે ગતગંગા જોડી હાથ, જય હો જય લાભેશ્વરનાથ.......... 24
મારા હૃદય મંદિરના શ્યામ, સદ્ગુરુ દયાળુ દેવારામ.......... 24
ધન્ય ગુરુ લાભેશ્વરનાથને રે, ધન્ય દેવી હીરામાતને રે.......... 25
ધન્ય ધન્ય લાભેશ્વરનાથને રે, જેણે સમજાવી સત સાનને રે.......... 25
ધન્ય ગુરુ ઉગમેશ્વર દેવને રે, ધન્ય દેવી સોનલમાતને રે.......... 26
ધન્ય ધન્ય સંત ભલારામને રે, ગુરુ ઉગમના બાળને રે.......... 26
ભલી ધારણા વખાણું ભલારામની રે, ભલારામની રે લાખુમાતની રે.......... 27
ભલી ભક્તિ વખાણું ભલારામની રે, ભલારામની રે લાખુમાતની રે.......... 27
તાલી પાડી ઉગારામ બોલજો રે, માતા સોનલને ઉરમાં ધરજો રે.......... 28
મને વાલુ લાગે નામ ઉગારામનું રે, ઉગારામનું રે સોનલમાતનું રે.......... 28
ધન્ય ધન્ય સદ્ગુરુ ઉગમેશ્વર દેવા,.......... 29
ધન્ય ધન્ય સદ્ગુરુ, ઉગમેશ્વરના બાળને.......... 29

જેને ઉગમ ગુરુની છાંય, ધન્ય હો લાભેશ્વરનાથને....30
લાભેશ્વર રાખો હો શરણ તુમારા, તમે દીન દયાળા હો....30
સખી પીપળિયામાં પિયુજીના બેસણા, જેના દર્શનથી દુઃખ જાય....31
અમારા જન્મ સુધારણ શ્યામ, દેવારામ ભલેને પ્રગટ્યા....31
ધન્ય ગુરુ ધન્ય ગુરુ દેવારામ અમારા....32
અખંડ નામ દેવારામનું રે, રટીએ દી'ને રાત મારી સજની....32
ધન્ય ધન્ય હો સંત દેવારામને રે, જેણે ઓળખાવ્યું સત નામને રે....33
તમે જો જો ઝપાટા દેવારામના રે, વાલો વસે પીપળિયા ધામમાં રે....33
પીપળિયા ધામમાં ગુરુજી પ્રગટ્યા, દયાળુ દેવારામ....34
બાંદરા ધામમાં ગુરુજી પ્રગટ્યા, સદ્‌ગુરુ ઉગારામ....34
ગરબે લાભેશ્વરને રમીએ, ખોટા પ્રપંચને તજીયે રે....35
આવો આવોને બાંદરા ધામ, ગરબે રમવાને....35
ગુરુદેવ તમારી જય જય હો, જ્ઞાન દાતા તમારી જય જય હો....36
શ્રી ગુરુ જય ગુરુ જય ઉગારામ, શ્રી ગુરુ જય ગુરુ જય ઉગારામ....36
સદ્‌ગુરુ શ્યામ મારા હૈયાના હાર છે, એની સાથે પ્રીત બંધાણી રે....37
સદ્‌ગુરુએ મુજ પર કરુણા કરી, અમૂલખ વસ્તુ લઈને મને અર્પણ કરી....37
દેવારામ ઘેર આનંદ ભયો, જય સદ્‌ગુરુદેવ કી....38
આજે આનંદ ભયો, જય હો ગુરુ દેવકી....38
જેનો સંગ સદા સુખદાય રે, એવા ગુરુ જેને મળે....39
આવ્યો ગુરુ પૂર્ણિમા દિન, ભાવે ગુરુ પૂજન કરીએ....40
આજે ગુરુપૂનમ ઉજવાય, ગુરુજીના ધામમાં....40
નિર્વાણ દિન છે આજ, ગુરુ ઉગારામના....41
નિર્વાણ દિન છે આજ, લાભેશ્વરનાથના....41
નિર્વાણ દિન ગુરુદેવનો હો જી રે....42
નિર્વાણ દિન છે આજ, ગુરુ દેવારામના....43
નિર્વાણ દિન દેવારામના હો જી રે....43
નિર્વાણ દિન છે આજ, ગુરુ ભલારામના....44
માત ગંગેવ સ્વર્ગે સિધાવ્યા રે, જેના પ્રગટ પ્રમાણ અમે ભાળિયા રે....45
ગુરુ દેવારામનો ભંડારો, મેળે મળ્યા સંત હજારો....45

આવ્યો પચાસમો નિર્વાણ દિન, ગુરુ ઉગારામનો ........ 46
આવ્યો પચ્ચીસમો નિર્વાણ દિન, ગુરુ દેવારામનો ........ 46
આજે અમૃત મહોત્સવ ઉજવાય, દેવારામ દ્વારમાં ........ 47
આજે શતાબ્દી દિન ઉજવાય, તરઘરી ધામમાં ........ 47
આજે નિર્વાણ દિન ભયો, જય હો ઉગારામની ........ 48
આજે મહા નિર્વાણ દિન, ગુરુ ઉગારામનો ........ 49
આજે રજત મહોત્સવ ઉજવાય, ગુરુ ભલારામના ........ 49
**ભજન* ........ 50**
જય ગુરુ ગુણપતિ ગુણના સાગર, કૃપા કરી તારો ભવસાગર ........ 50
જય ગુરુદેવા જય ગુરુદેવા, આપ ચરણકી કરું મેં સેવા ........ 50
સદ્‌ગુરુ શરણમે આવ્યો તુમ્હારે, દાસ જાણી મને દર્શન દેજો ........ 51
સજની હવે તો ચાલો રે, સદ્‌ગુરુના દેશમાં ........ 51
ધન્ય ધન્ય સદ્‌ગુરુદેવ, આપ્યું પદ તતખેવ ........ 52
માની લે ગુરુ એ જ ભગવાન, મટે મનની તાણાવાણ ........ 52
સદ્‌ગુરુની બલિહારી જેણે, અનેકને લીધા ઉગારી ........ 53
પકડ ગુરુ આધાર, મીટે મનનો ભટકાર ........ 53
સદ્‌ગુરુદેવ મોરારિ, તમે માનવ બગીચાના માળી ........ 54
મોક્ષ ગુરુ વિના નહિ મળે, અરે મન શું કરવા આથડે? ........ 54
સાચુ મળ્યું નાવ પછી, આપ બળે તરવાનું શું કામ? ........ 55
પ્રેમ થકી રિઝાય પ્રભુજી, પ્રેમ થકી રિઝાય ........ 55
સત્સંગ સાધન સાર, સમજે તો બેડો પાર ........ 56
સાચો એ જ ફકીર, જેની સુરતા નામમાં સ્થિર ........ 56
સદ્‌ગુરુનું સ્મરણ કરતા, ઉતરે વિષયના ઝેર ........ 57
સાધુ ભાઈ સમરણથી સુખ આવે, મન બાહિર ક્યું ભટકાવે ........ 57
પ્રગટ્યા સદ્‌ગુરુ શ્યામ, દયાળુ દેવારામ ........ 58
ધન્ય ધન્ય સદ્‌ગુરુ શ્યામ, દયાળુ દેવારામ ........ 58
પ્રગટ્યા લાભેશ્વર યોગી, ભક્તિ ભાવના ભોગી ........ 59
સંત ભૂમિ સૌરાષ્ટ્રની, તરઘરી નામે ગામ ........ 59
અમારો મન હર લિયો, સદ્‌ગુરુ દેવારામ ........ 60

હોકો ગુરુ ઉગારામનો, પીવે ચતુર સુજાણ........................................................................60
ધન્ય ધન્ય દેવારામ સંત, તમારી કળા છે અનંત ........................................................................ 61
ધન્ય ધન્ય ગંગામાત, તમારી ધારણા અગાધ ........................................................................ 61
સત્યની વણજ કરજો ભાઈ, અવસર આવ્યો મોંઘો હે જી........................................................................62
મનુષ્ય દેહ પદારથ મળ્યો, ભજન કરવા માટે હે જી ........................................................................62
વિષય રસમાં મનડું મોહ્યું, તે રહ્યા સત્યથી ન્યારા હે જી ........................................................................63
શું રે ગુણ વખાણું ગુરુના? શું રે ગુણ વખાણું? હે જી ........................................................................63
આસન પદમા વાળો ભાઈ, ધ્યાન ગુરુનું ધારો હે જી ........................................................................64
આનંદ ઘર સદ્દ્ગુરુએ બતાવ્યું, હવે શીદને ફરો છો બા'રા હે જી........................................................................64
ધન્ય ધન્ય સદ્દ્ગુરુ બાળ વર્તમાન પાળે, કદી દિલની માંય આળસ ન આણે........................................................................65
હરિજન રે'જો હોશિયાર, કાયરતા મેલી ........................................................................65
કરો સદ્દ્ગુરુનો સંગ, સદા સદભાવે ........................................................................66
રહે નિત આનંદ માંય ગુરુકૃપાએ, હર દમેદમની માંય તાર લગાવે ........................................................................66
આ અવસર તુજને મળ્યો, બની જાને ચકચૂર ........................................................................67
સમર્થ સદ્દ્ગુરુ અમને મળિયા, ભવની ભાવટ ગઈ........................................................................67
ગુરુ મળે તો જ્ઞાન બતાવે, સુરતા નિશાને ચડે ........................................................................68
દરજી સદ્દ્ગુરુ ડાયા, મેરા ખલકા ખૂબ બનાયા........................................................................68
જગતમાં સંત શરણ સુખદાઈ, જેના વેદ વિમલ જશ ગાઈ ........................................................................69
ગુરુચરણે જાવું વારી, ગુરુચરણ કી બલિહારી........................................................................69
સદ્દ્ગુરુ વિના ભવજલ કોન તારે, ભવજલ કોન તારે ........................................................................70
સદ્દ્ગુરુ વિના કોન સહાય કરે, કોન સહાય કરે ........................................................................70
ચરણે લ્યો ગુરુ ચરણે લ્યો, દયા કરી ગુરુ ચરણે લ્યો........................................................................ 71
દર્શન દિયો ગુરુ દર્શન દિયો, દાસ જાણી ગુરુ દર્શન દિયો ........................................................................ 71
ઉગમ ગુરુ અવતારી, જેના ગુણ અપરંપારી........................................................................72
ગામ ગોંડલના વાસી, સદા શરણ તમારું ઉપાસી........................................................................72
દાદા તમારું રૂપ મને વાલુ, અહોનિશ સુરતા તમ પર વારું........................................................................73
લાખ લાખ વંદન, ગુરુ લાભેશ્વરનાથને........................................................................73
પરવાનો ગુરુના ઘરનો, પામે વિરલા કોઈ હે જી........................................................................74
ગુરુચરણ ઉપાસી, જેણે સાચી ફરજને જાણી હે જી ........................................................................74

સુરતા બાણથી સદ્‌ગુરુનું, પૂજન કરીએ સારું હે જી ........ 75
નેમ એવા પાળીએ ભાઈ, આવે પ્રાણ નિયમની માંઈ હે જી ........ 75
મને મળ્યા પ્રગટ દેવ, હું તો કરું ગુરુની સેવ ........ 76
ગુરુશરણ સાચું, બીજું સાધન સબ કાચું ........ 76
ભવજલ તારણહાર સદ્‌ગુરુ, કરુણાના ભંડાર ........ 77
સદ્‌ગુરુના શરણ સેવતા, ભાગ્ય રેખા પલટાય ........ 77
મનુષ્ય જન્મને સફળ કરવા, સદ્‌ગુરુ માથે ધાર ........ 78
સકલ ગુણના ભંડાર સદ્‌ગુરુ, ભવજલ તારણહાર ........ 78
ગુરુના ભજન થકી, નિજરૂપ થાશે નક્કી, નિરધારા ........ 79
ગુરુના ગુણનો નહિ પાર, બ્રહ્મસિંધુ અપાર, ગુરુજી મારા ........ 79
ગુરુ તમારા ગુણનો પાર નહિ ને, અનંત ઘણો છે ઉપકાર જી રે ........ 80
સદ્‌ગુરુના ગુણનો ભાઈ પાર ન આવે, ગુણીજનો જેના ગુણ ગાય જી રે ........ 80
મોટા રે ભાગ્ય ભાઈ તેના કહીએ ને, જેને ભેટ્યા સદ્‌ગુરુરાય જી રે ........ 81
શુદ્ધ ભાવે ભાઈ પૂજન કરી ગુરુનું ને, ધરીએ હરદમ ધ્યાન જી રે ........ 81
ગુરુ તમે છો ગિરધારી રે, અરજ સુણજો અમારી રે ........ 82
હે નાથ મોરી અરજ સૂણો ગુરુરાય, કઠિન આ કળજુગ કરણી ........ 82
ગુરુ મોરી અરજ સુણોને આજ, તમે છો વિશ્વપતિ મહારાજ ........ 83
ગુરુ તમારા ગુણને કેમ વખાણું નાથ? લીધા જન્મો જન્મ સાથ ........ 83
મોટા ભાગ્યે મને ગુરુ સંગ મળિયો ........ 84
ગુરુને છોડી હવે બીજે નવ જાજે ........ 84
મનુષ્ય દેહ ભૂમિમાં, સતનામ બીજક વાવી દે ........ 85
તજી આળસને મનથી, સદાય સ્મરણ કરી લેજે ........ 85
તમે સમજી લેજો જ્ઞાની, ગુરુની થઈ છે મહેરબાની ........ 86
સદ્‌ગુરુ કૃપા કરોને નાથ, રહીએ સદા તમારી સાથ ........ 86
અદભુત શક્તિ છે શબ્દમાં, વિચારીને બોલીએ ........ 87
હે જી વાલા અમે રે બાળક સદ્‌ગુરુદેવના, સતનામના ઉપાસી ........ 87
**દીપોત્સવી રચના ........ 88**
સદ્‌ગુરુ શ્યામ, મળ્યા રે વનમાળી ........ 88
આવો હરિજન આપણે હેતે મળીએ ........ 88

આવ્યો રૂડો દિવાળી દિન, ચાલો ગુરુ ચરણે જઈએ ........................................................................ 89
બ્રહ્મજ્ઞાની સદ્‌ગુરુ મળ્યા, પોતે પરિબ્રહ્મ રાય ........................................................................ 90

## આરતી*

## આરતી*

જય સદ્ગુરુ સ્વામી, વાલા જય સદ્ગુરુ સ્વામી;
દેવારામ દયાળા, કૃપા કરી ભારી .....................વાલા જય.

૧) ભવ સાગરની માંય, લીધા ઉગારી;
સમરથે સુરતામાં, લીધા સંભાળી .....................વાલા જય.

૨) સત વચન શણગાર, દીધા સજાવી;
શોભા થઈ છે અનેરી, પ્રગટી આનંદ લહેરી .........વાલા જય.

૩) પાપ અમારા અમાપ, પલમાં દીધા ટાળી;
ધન્ય ધન્ય ગુરુદેવા, ધન્ય અવતારી ...................વાલા જય.

૪) દાસ જન્તીના સ્વામી, કળા અપરંપારી;
વિલસી રહ્યા બ્રહ્માંડે, ઠામ નહિ ખાલી ..............વાલા જય.

## આરતી*

જય લાભેશ્વરનાથ, વાલા જય લાભેશ્વરનાથ;
અલખ પુરુષ અવતારી, પરમ જ્યોત પ્રકાશ .... વાલા જય.

૧) અવિચળ જ્ઞાનના દાન, સદ્ગુરુજીએ આપ્યા;
સંશય ભય ભ્રમણા, એક પલમાં કાપ્યા ...........વાલા જય.

૨) મિટાવી કર્મ જંજાળ, સોહં પદમાં સ્થાપ્યા;
સોહં સોહં ગાતા, અનહદ લે'ર પાયા .............વાલા જય.

૩) ચૈતન બ્રહ્મ સ્વરૂપ, ઘટોઘટમાં છે વાસ;
નિત્ય ગુરુ દર્શનથી, મીટે માયાનો ફાંસ ...........વાલા જય.

૪) ગુરુશરણનો દાસ, જન્તી ગુણ ગાવે;
કર જોડીને વિનવું, રાખો શરણની પાસ ...........વાલા જય.

## આરતી*

આરતી ઉતારું પીપળિયાના પીરની, દયાળુ દેવારામની;
અલખ ધણીની આરતી ...ટેક.

૧) સદ્‌ગુરુએ દયા કરી, રાખ્યો શરણની માંય;
અમૃત રસ ચખાડ્યો રે, મારી મટી છે ત્રિવિધિની લાય ......અલખ.

૨) ગંગા યમુના ને સરસ્વતી, ત્રિવેણી સંગમ માંય;
સ્નાન કર્યું સત સુરતાથી રે, લહેર પ્રગટી રૂદિયાની માંય ....અલખ.

૩) શૂન તખત પર આપ બિરાજે, પરિબ્રહ્મ સદ્‌ગુરુ રાય;
શોભા એની શું વર્ણવું રે, જેને વેદ નેતિ નેતિ ગાય ...........અલખ.

૪) વેદનો ભેદ મારા ગુરુએ બતાવ્યો, નિજ ઘટની માંય;
ગુરુ દેવારામના પ્રતાપથી રે, દાસ જન્તી ગુરુગુણ ગાય .....અલખ.

## આરતી*

આરતી કરીએ સૌ સંત મળી સાથ, ભાંગી મનની ભ્રાંત;
લાભેશ્વરની આરતી ...ટેક.

૧) પૂરણ બ્રહ્મ પ્રગટ્યા, આ અવની મોજાર;
મુમુક્ષુજનોને તારવા રે, નિર્ગુણ બ્રહ્મ થયા છે સાકાર .....લાભેશ્વરની.

૨) અજ્ઞાન પડદા દૂર કરી, આપ્યું તત્ત્વ નવનીત;
સોહં સમજાવ્યો સાનમાં રે, જે આદિ અનાદિની રીત ......લાભેશ્વરની.

૩) અનેક હંસોને ઉગાર્યા, જેને હતી પૂર્વની પ્રીત;
પોતાના જાણીને પાળિયા રે, એવી દયાળુ ગુરુની રીત ....લાભેશ્વરની.

૪) ધન્ય ગુરુ લાભેશ્વરા, જ્ઞાન ગુણના ભંડાર;
કરુણા સાગરે કરુણા કરી રે, સહેજે ઉતાર્યા ભવપાર .......લાભેશ્વરની.

૫) જન્મો જન્મ ગુરુ સંગે રહો, એ આશા છે મનમાંય;
દેવારામ ગુરુના પ્રતાપથી રે, દાસ જન્તી ગુણ ગાય ........લાભેશ્વરની.

## આરતી*

ધન્ય ધન્ય સદ્‌ગુરુ દેવારામને, જે મુજ પ્રાણ આધાર;

ઉતારું ગુરુની આરતી ................ટેક.

૧) સતનામ સદ્‌ગુરુજીએ આપીયા, ભવ સાગરથી ગુરુજીએ તારીયા;

મુજ બૂડંતાની ઝાલી છે બાંય ..........ઉતારું.

૨) સદ્‌ગુરુ પોતે ભગવંત છે, હર દમેદમ નીરખું એ રૂપને;

નીરખી હૈયે હરખ ન માંય ............ઉતારું.

૩) સદ્‌ગુરુની કળા અપરંપાર છે, જેનો વાસ પરાની પાર છે;

જ્યાં વાગે નોબત અપાર .............ઉતારું.

૪) સદ્‌ગુરુના ગુણ અપાર છે, મેં મંદ મતિ કેમ પાવું પાર તે;

ચરણે શીશ નમાવી જોડું હાથ .........ઉતારું.

૫) નિત્ય ગુરુચરણ પખાળિયે, ચરણ રજ મસ્તકે ચડાવીએ;

કરીએ કરીએ આત્માનું કલ્યાણ ......ઉતારું.

૬) દાસ જન્તીને ગુરુ દેવારામ ભેટિયા, કર્મ જંજાળ ગુરુજીએ કાપીયા;

આપ્યા આપ્યા અજંપાના જાપ .......ઉતારું.

## આરતી*

હું તો આરતી ઉતારું દેવારામની રે, મારે હૈયે હરખ ન માંય;

હું તો આરતી ઉતારું દેવારામની રે ...ટેક.

૧) ગુરુને પ્રીતિના પલંગે બેસાડીયા રે,

ચમર ઢોળું શ્વાસ ઉશ્વાસ ...........હું તો.

૨) મેં તો પ્રેમનો દીવો પ્રગટાવ્યો રે,

ધર્યો ધ્યાન કેરો ધૂપ .................હું તો.

૩) મેં તો શ્રદ્ધાનું તિલક કર્યું રે,

હરખે ધોયા ગુરુજીના પાંવ .........હું તો.

૪) મેં તો હાર પહેરાવ્યો વૈરાગનો રે,

ગુરુને લળી લળી લાગુ પાય ........હું તો.

૫) ગુરુ દેવારામે દયા દાખવી રે,

મારા ઘટમાં થયો છે પ્રકાશ ..........હું તો.

૬) મારા અજ્ઞાન તિમિર ટળી ગયા રે,

દિલમાં દર્શાયા સદ્‌ગુરુ શ્યામ .......હું તો.

૭) દાસ જન્તીના કાજ સરિયા રે,

ગુરુ મળિયા દેવારામ ................હું તો.

## આરતી*

આરતી દેવારામ ગુરુની થાય, આજ મારે હૈયે હરખ ન માંય;
આરતી દેવારામ ગુરુની થાય .........ટેક.

૧) ગુરુજીના વેદ વિમલ જશ ગાય, ગુરુજીના ગુણ કહ્યા નવ જાય ....આરતી.
૨) ગુરુજી પૂરણ બ્રહ્મ કહેવાય, રહે આનંદ રૂપે સદાય ..................આરતી.
૩) ગુરુજી પારસ રૂપે કહેવાય, સમરતા વૃત્તિ બ્રહ્માકાર થાય ...........આરતી.
૪) ઓહંગ અનાદિ ગુરુ કહેવાય, દેહધારી સગુણરૂપ કહેવાય .........આરતી.
૫) ગુરુજીના દર્શને મહાસુખ થાય, ભાવે ભજતા ભવદુઃખ જાય .......આરતી.
૬) ગુરુજીને અજંપા જાપે જપાય, દાસ જન્તીના શ્યામ દર્શાય .........આરતી.

## આરતી*

આરતી ઉગમેશ્વર દેવની થાય, ઝાલર નાદ બ્રહ્મની સંભળાય;
આરતી ઉગમેશ્વર દેવની થાય .......ટેક.

૧) ગુણીજનો નિત્ય ગુણ એના ગાય, સમરતા ભવોભવના દુઃખ જાય ....આરતી.
૨) કરુણાસાગર એ દેવ કહેવાય, ચરણે આવ્યાની લિયે સંભાળ ...........આરતી.
૩) પરાની પાર એનો વાસ કહેવાય, નિત્ય આનંદ ઉત્સવ ત્યાં થાય .......આરતી.
૪) ઝળહળ જ્યોત ત્યાં દર્શાય, નિરંજન નિજરૂપ ઓળખાય ...............આરતી.
૫) ઉગમ અલખ અવતારી કહેવાય, દાસ જન્તીનું મન હરખાય ...........આરતી.

## આરતી*

આરતી લાભેશ્વરનાથની થાય, ગતગંગા દર્શન કરવા જાય;
આરતી લાભેશ્વરનાથની થાય ...ટેક.

૧) દીપક સત્ય જ્ઞાનનો પ્રગટાય, અજવાળા અનુભવના થાય ....આરતી.
૨) નિજ ધ્યાનનો ધૂપ ધરાય, ભાવની ભભક ઉઠે ત્યાંય ............આરતી.
૩) ઝીણો ઝીણો શંખનાદ સંભળાય, વાજા અનહદ વાગે ત્યાંય ....આરતી.
૪) પૂરણ પરિબ્રહ્મરૂપ દર્શાય, શ્રી હરિ લાભેશ્વર આપોઆપ ......આરતી.
૫) આ લાભ પૂરણ ભાગ્યે પમાય, મુમુક્ષ સમજે મનમાંય ..........આરતી.
૬) દાસ જન્તી એના ગુણ ગાય, સદ્‌ગુરુ સદા રહેજો સહાય ........આરતી.

## આરતી*

આરતી ભલારામ ગુરુની થાય, આજે આનંદ મંગળ વરતાય;
આરતી ભલારામ ગુરુની થાય .......ટેક.

૧) શુદ્ધ ભાવનો દીપ પ્રગટાય, ગુરુના ધ્યાનનો ધૂપ ધરાય ........આરતી.
૨) નાદબ્રહ્મનો શંખ ઘુરાય, જાલરી ઝીણી ઝીણી વાગે ત્યાંય .......આરતી.
૩) નિજનામના નિશાન ચડાય, ધર્મનો ધ્વજ અખંડ લહેરાય ......આરતી.
૪) ગુરુના દર્શને સદા સુખ થાય, અનુભવી સમજે મનમાંય ........આરતી.
૫) દાસ જન્તી ગુરુગુણ ગાય, સદા રાખો ચરણની માંય ............આરતી.

## <u>આરતી*</u>

ગતગંગા ઉતારે ગુરુની આરતી, નર નારી મળી નમન કરે;
ઉગારામ તમારી આરતી ...............ટેક.

૧) પેલો પરચો પુંજારામને આપ્યો,
શિકારીને સંત બનાવ્યા રે........ઉગારામ.

૨) બીજો પરચો હરજીવનરામને,
આવીને દર્શન દીધા રે............ઉગારામ.

૩) ત્રીજો પરચો પાળીયાદ ગામે,
પુત્રનું પારણું બંધાવ્યુ રે............ઉગારામ.

૪) ચોથો પરચો બરવાળામાં,
ભુરારામની ભીડુને ભાંગી રે......ઉગારામ.

૫) પાંચમો પરચો ગીગારામને,
ટાઢા દૂધ ઉભરાવ્યા રે..............ઉગારામ.

૬) છઠ્ઠો પરચો રેવુરામને,
બૂડતા વહાણને તાર્યા રે............ઉગારામ.

૭) સાતમો પરચો બાંદરા ધામમાં,
જીવારામને જીવન આપ્યું રે.......ઉગારામ.

૮) આઠમો પરચો દેવારામને,
દેવું દીધું ભરી રે......................ઉગારામ.

૯) નવમો પરચો અઢારે વર્ણને,
એક જ રૂપે બનાવી રે...............ઉગારામ.

૧૦) મોટો પરચો લાભેશ્વરનાથને,
આપ સ્વરૂપે બનાવ્યા રે............ઉગારામ.

૧૧) લાભમ ઉગમ એક જ રૂપે,
જુદા નહિ જરાઈ રે..................ઉગારામ.

૧૨) દાસ જન્તી ગુણ ગાય ગુરુના,
ચરણે શીશ નમાવી રે..............ઉગારામ.

## આરતી*

આરતી વાગે છે અપરંપાર, વાગે પરાની પાર;
ઉગમેશ્વરની આરતી ................ટેક.

૧) નાભિ સિંહાસને શોભતા, અખંડ અવિનાશી આપ;
નિર્ગુણ બ્રહ્મ ન્યારા સદા રે, ઘટોઘટમાં વસ્યો છે વાસ .............ઉગમેશ્વરની.

૨) નાદરૂપ ગાજી રહ્યું, શંખ ઝાલરનો ઝણકાર;
નોબત નગારા નામના રે, વાગે છે અલખ ધણીને દ્વાર ...........ઉગમેશ્વરની.

૩) ધજા નિજ ધર્મની, અનંત જુગથી લહેરાય;
જ્ઞાન જ્યોત અખંડ જલે રે, જલે છે ચાર વેદની પાર ...............ઉગમેશ્વરની.

૪) પદમા આસન વાળીને, અખંડ ધ્યાન લગાય;
શ્વાસો શ્વાસે સમરતાં રે, સદ્‌ગુરુના દર્શન થાય .....................ઉગમેશ્વરની.

૫) અનાદિ શિવ ઉગમેશ્વરા, શક્તિ સોનલમાત;
દાસ જન્તી પર દયા દાખવી રે, ભાંગી છે મારા મનની ભ્રાંત .....ઉગમેશ્વરની.

## આરતી*

આરતી કરીએ ગતગંગા સાથ, સાંધી શ્વાસો શ્વાસ;
ત્રણ દેવની આરતી ....ટેક.

૧) બ્રહ્મારૂપ હરજીવનરામ છે, શિવરૂપ પુંજલપીર;
વિષ્ણુ રૂપે ઉગમેશ્વરા રે, લક્ષ્મી રૂપે સોનલમાત ............ત્રણ દેવની.

૨) આ અવનીમાં આવ્યા, અધમનો કરવા ઉદ્ધાર;
નામ નિશાન બતાવ્યા રે, તાર્યા ભવસાગર ઝાલી હાથ ....ત્રણ દેવની.

૩) સુંદર સિંહાસને શોભતા, નાભિ કમળની માંય;
અખંડ વાસો ત્યાં વસે રે, મારી સુરતા લાગી છે ત્યાંય .......ત્રણ દેવની.

૪) નિશદિન ગુરુને નિરખવા, ધરિયે નિજરૂપમાં ધ્યાન;
સહજ સુરતાથી સમરતા રે, પલેપલ દર્શન થાય .............ત્રણ દેવની.

૫) સદા અમારી સાથ છો, દૂર નથી જરાય;
દાસ જન્તીના સ્વામી રે, ઘટોઘટમાં દર્શાય ..................ત્રણ દેવની.

## આરતી*

જય હીરસાગર દેવ, વાલા જય હીરસાગર દેવ;
પૂર્વના પીર પુરાણી, કરીયે તમારી સેવ .......વાલા જય

૧) અમરાબાપાના દ્વારે, આપે આવ્યા દેવ;
અકળ પુરૂષ અવિનાશી, કરૂણાસાગર દેવ ...વાલા જય

૨) બાળપણથી વૈરાગ, નિજ ભકિતના નેમ;
સેવા કીધી ખંતે, ગુરુ ધાર્યા કરમશી દેવ .......વાલા જય

૩) નિજ સ્વરૂપના ધ્યાને, પામ્યા પદ તતખેવ;
સુરતાના દોર સાંધી, ઉગાર્યા હંસ અનેક ......વાલા જય

૪) ઉગમસાહેબ પર આપે, કરૂણા કીધી દેવ;
અમર આંબો રોપ્યો, શાખા પ્રગટી અનેક ....વાલા જય

૫) ધન્ય તમ અવતાર, ધન્ય સદ્‌ગુરુદેવ;
દાસ જન્તીના સ્વામી, ભવતારણ છો દેવ ....વાલા જય

## આરતી*

ઉગમેશ્વરની કરીએ આરતી, સદા ચરણમાં રેવા ...........ટેક.

૧) યુગ પુરુષ અલખ અવતારી, દેવ દેવાધિ દેવા .............ઉગમેશ્વરની
૨) કરુણા સાગરે કરુણા કીધી, દીધા મોક્ષપદ મેવા ...........ઉગમેશ્વરની
૩) જન્મો જન્મ હું સંગે રાખું, વચન દીધા છે એવા .............ઉગમેશ્વરની
૪) તમે ભૂલશો પણ હું નહિ ભૂલું, બોલ બોલ્યા છો એવા .... ઉગમેશ્વરની
૫) આપી આશિષને વિદાય લીધી, ઉગારામ ગુરુ દેવા ........ઉગમેશ્વરની
૬) લાભેશ્વર ભલારામ સંગે, સંગે દેવારામ દેવા ................ઉગમેશ્વરની
૭) ગતગંગા મળી કરી આરતી, ઉગમ સ્વરૂપમાં રેવા ..........ઉગમેશ્વરની
૮) દાસ જન્તી ગુણ ગાય ઉગમના, નિજ નિજાનંદ લેવા .......ઉગમેશ્વરની

## આરતી*

જય જય પુંજલપીર, વાલા જય જય પુંજલપીર;
પીરહુંદા પીરાણી, નિજ સ્વરૂપમાં સ્થિર ...................વાલા જય

૧) પૂર્વ જન્મની પ્રીતે, થયા ઉગમ શરણમાં સ્થિર;
જ્ઞાન ધ્યાનને પામી, બન્યા મસ્ત ફકીર ....................વાલા જય

૨) ઉગમ ગુરુથી પામ્યા, અઢાર વર્ષનો યોગ;
અખંડ નામ ભજનમાં, સુરતા રાખી સ્થિર.................વાલા જય

૩) રામ રહેમાનનો ભેદ, દીધો સમજાવી;
તત્ત્વ સ્વરૂપે જોવા, દીધો લક્ષ લગીર.......................વાલા જય

૪) બે હજાર તેરની સાલે, ઉગમ શરણની માંય;
દીધેલ સમયે સમાયા, નિજ સ્વરૂપમાં પીર.................વાલા જય

૫) અનેક હંસોને ઉગાર્યા, બંધાવી ધારણ ધીર;
દાસ જન્તીના સ્વામી, તરણ તારણ પીર. ..................વાલા જય

## આરતી*

જય હરજીવનરામ, વાલા જય હરજીવનરામ;
ખરી ખાંતે ખોજ્યું, અખંડ અમર નામ .........વાલા જય.

૧) સંત સમાગમ કરવા, ફરિયા ધામેધામ;
ખોજ કરતા મળિયા, સદ્‌ગુરુ સુંદર શ્યામ .....વાલા જય.

૨) આદિ અનાદિના યોગી, ઉગમ પુંજારામ;
નામ નિશાન બતાવ્યું, નિજ સ્વરૂપનું ભાન ...વાલા જય.

૩) ધન્ય તમારો વૈરાગ, ધન્ય તમારો ત્યાગ;
સુરતાનો દોર સાંધી, પામ્યા આતમ ધ્યાન ....વાલા જય.

૪) દાસ જન્તી કહે વાલા, આપે પૂરણરામ;
ધન્ય તમારી ધારણા, ધન્ય તમારું નામ ........વાલા જય.

## <u>સ્તુતિ*</u>

દયાળુ દેવારામ તમને, નમીએ વારંવાર;

સદ્‌ગુરુ દયાળુ દેવારામ .......ટેક.

૧) અધમ ઓધારણ સદ્‌ગુરુ દાતા, વિઘ્ન વિદારણ સદા સુખ પાતા;
અજ્ઞાની બાળક શરણે આવ્યો, સુરતામાં લેજો શ્યામ ...............સદ્‌ગુરુ.

૨) પ્રેમ પુષ્પ ચરણે ધરું છું, સદ્‌ગુરુ તમને વિનંતી કરું છું;
ભૂલના ભરેલાની ભૂલ ન જોશો, સદાય રહેજો સાથ ................સદ્‌ગુરુ.

૩) ભક્તિ જ્ઞાન વૈરાગ્ય દેજો, પ્રપંચને ગુરુ હરી લેજો;
નિત્ય સ્વરૂપનું ધ્યાન દેજો, વ્યાપે નહિ મોહે કામ ...................સદ્‌ગુરુ.

૪) ગંગેવ માતા સેવા વ્રતધારી, કરુણાની મૂર્તિ છે ભારી;
નિત્ય તમ સંગાથે નિહાળી, દર્શન કરી થયો ન્યાલ .................સદ્‌ગુરુ.

૫) યુગેયુગમાં છો અવતારી, અમ ભક્તોના છો હિતકારી;
મંગલ મૂર્તિ પાવનકારી, દાસ જન્તીના શ્યામ .......................સદ્‌ગુરુ.

## <u>સ્તુતિ*</u>

અખંડ ઉગારામ તમારું, નવખંડમાં છે નામ;

સદ્‌ગુરુ અખંડ ઉગારામ ..................ટેક.

૧) ગામ બાંદરામાં અવતાર ધર્યો, ગુરુ હીરસાગરનો હાથ ગ્રહિયો;
ગુરુગમ જ્ઞાને અજંપા ધ્યાને, પામ્યા પદ નિર્વાણ ...................સદ્‌ગુરુ.

૨) પીર પુંજલને પલમાં તાર્યા, ભુરારામને ભેદ બતાયા;
કાળુરામના કર્મની કડી, તોડી છે ક્ષણવાર ...........................સદ્‌ગુરુ.

૩) હરજીવનરામને હેતે મળ્યા, નામ નિશાને સ્થિર કર્યા;
મામૈયાપીર ને દેવારામને, સુરતામાં લીધા શ્યામ ...................સદગુરુ.

૪) લાભેશ્વરને લગની લાગી, જન્મ મરણની ભ્રમણા ભાંગી;
જીવારામને જીવન આપ્યું, પહોંચાડ્યા નિજ ધામ .................સદ્‌ગુરુ.

૫) અનેક સંતોના ઉદ્ધાર કીધા, આપ સ્વરૂપમાં સમાવી લીધા;
દાસ જન્તીને ચરણે લીધો, દર્શન દીધા શ્યામ .......................સદગુરુ.

## <u>ઝીલણિયા*</u>

### <u>ઝીલણિયું - ગુરુ આગમન રચના*</u>

ગુરુ જોઉં છું તમારી વાટ, વેલા વેલા આવોને;
તમારા સેવકની લેવા સંભાળ, વેલા વેલા આવોને ......ટેક.

૧) વિલંબ કરો એ વાલા તમને ન શોભે,
તમારું દીન દયાળુ છે નામ ........વેલા વેલા.

૨) ચૌદ ભુવનના વાલા તમે છો સ્વામી,
તમે મારા પ્રાણ તણાં આધાર .......વેલા વેલા.

૩) ભવની ભીડુ વાલા બીજું કોણ ભાંગશે,
તમે મારી ભીડુના ભાંગણહાર .....વેલા વેલા.

૪) ભક્તિ મુક્તિના વાલા તમે છો દાતા,
તમે મારી ભ્રાંતિના ભાંગણહાર ...વેલા વેલા.

૫) સ્થૂળ સૂક્ષ્મને વાલા કારણની ઉપરે,
મહાકારણમાં મોજ માણનાર ......વેલા વેલા.

૬) આપ દર્શનની વાલા એકપલ ઘણી છે,
મીટે જન્મ મરણનો સંતાપ .........વેલા વેલા.

૭) દાસ જન્તીના વાલા તમે છો સ્વામી,
મારા મનના માનેલા મેરામ ........વેલા વેલા.

### <u>ઝીલણિયું - ગુરુ આગમન રચના*</u>

આવો આવો ને સદ્‌ગુરુ શ્યામ, આવો આંગણિયે ......................ટેક.

૧) આપ આગમનથી આનંદ ઉપજે, આંગણા અમારા બહુ જ દીપશે;
જ્ઞાનગંગાજી રેલાય, હોય મન નિર્મળ અમારા ........................આવો.

૨) આપ દર્શનથી દોષ સહુ ટળશે, જન્મો જન્મના પાતક બળશે;
મળશે અમૂલખ લા'વ, જન્મ સફળ અમારા .............................આવો.

૩) આપ વચનામૃત ચરણામૃત સાચું, પ્રેમથી જો કોઈ પીવે જિજ્ઞાસુ;
પાનથી પ્યાસા બુઝાય, ઉપજે આનંદ અપારા ...........................આવો.

૪) દાસ જન્તી કહે વે'લા પધારો, કાર્ય અમારા સર્વ સુધારો;
આપ છો દીન દયાળ, સદ્‌ગુરુ શ્યામ અમારા ...........................આવો.

## **ધોળ - ગુરુ આગમન રચના***

ઉગારામ મો'લે પધારો મારા વાલમા, તમે ચાલીને ધીમી ધીમી ચાલમાં;
ઉગારામ મો'લે પધારો મારા વાલમા .....ટેક.

૧) મો'લે પધારો તો તમને વધાવું, શુદ્ધ હૃદયના ભાવમાં ...............ઉગારામ.

૨) અતિ ઉમંગે વાલા આરતી ઉતારું, નિત્ય સુરતાના ધ્યાનમાં .........ઉગારામ.

૩) શ્વાસાના સિંહાસને સદા બિરાજો, દર્શન આપો પલેપલમાં ..........ઉગારામ.

૪) આપ દર્શનની વાલા એક જ પલથી, બંધન તૂટે ભવોભવના ........ઉગારામ.

૫) જ્ઞાન અમૃતનું પાન કરાવો, ગતગંગાના ભાવમાં .....................ઉગારામ.

૬) દાસ જન્તી એવું રે ઈચ્છે, રાખો તમારા સંગમાં ........................ઉગારામ.

## **ધોળ - ગુરુ આગમન રચના***

સખી ધન્ય કૃપા સદ્ગુરુદેવની, સુધાર્યા સર્વ અમારા કાજ;
હરિવર ઘેરે આવીયા ..................ટેક.

૧) સખી શ્રદ્ધાના સિંહાસને પધરાવ્યા,
પહેરાવ્યા પ્રેમ પુષ્પના હાર .........હરિવર.

૨) સખી કૃપાના વરસાદ વરસાવ્યા,
ભીંજવ્યા કઠોર અમારા મન ........હરિવર.

૩) સખી ભ્રમણા ભાંગી ભવોભવની,
આપ્યું નિજ સ્વરૂપનું ભાન ..........હરિવર.

૪) સખી દાસ જન્તીને લીધો ઉરમાં,
વર્તાયો આનંદ જય જયકાર ........હરિવર.

## ધોળ*

આજ મારા દિલ મંદિરને દ્વારે, ગુરુજી મારા આવે છે;
આજ મારા મનમાં થાય એનો ભાસ, ગુરુજી મારા આવે છે ...ટેક.

૧) ધીમા ધીમા પગલે ચાલતા, મંદ મંદ મલકે એનું મુખ;
મૂર્તિ દીસે સોહામણી, સાક્ષાત્ પરિબ્રહ્મનું દીસે રૂપ ............ગુરુજી.

૨) આવી બિરાજ્યા આસને, પ્રેમથી કર્યું પૂજન;
ચરણે શીશ નમાવ્યું રે, મારા મસ્તક પર ધરિયો હાથ ..........ગુરુજી.

૩) ટાઢક થઈ મારા તનમાં, ટળ્યો ત્રિવિધિનો તાપ;
ભ્રમણા ટળી ભવોભવની, થયો છે સત્ય જ્ઞાનનો પ્રકાશ ......ગુરુજી.

૪) વાજા વાગે નાદ બ્રહ્મના, શરણાઈ સૂર સંભળાય;
આનંદ વધ્યો મારા ઉરમાં, જે મુખેથી કહ્યો નવ જાય ...........ગુરુજી.

૫) ગંગધાર પ્રગટી ગુરુના મુખથી, વરસે સ્વાતિના બુંદ;
જિજ્ઞાસુ ચાતક ઝીલે પ્રેમથી, થયા છે ગુરુ સ્વરૂપે તદરૂપ .....ગુરુજી.

૬) ન્યાલ કર્યો નિજ દાસને, દિલમાં દીધા દીદાર;
જન્તી વખાણું દેવારામને, જે મારા મનના માનેલા મેરામ ....ગુરુજી.

## ધોળ*

ધન્ય ધન્ય ભાગ્ય જેને સદ્‌ગુરુ મળિયા,
દયાળુની દયા થકી ભક્તિ પદ જડિયા ...ટેક.

૧) પૂર્વ જન્મના પુણ્ય અમારા ફળિયા,
નિજ નિજાનંદી સદ્‌ગુરુ મળિયા ..........ધન્ય.

૨) સદ્‌ગુરુ દ્રષ્ટિથી દોષ સર્વે ટળીયા,
શ્વાસો શ્વાસના જાપ અજંપા મળિયા .....ધન્ય.

૩) આદિ અનાદિના હંસો મળિયા,
સદ્‌ગુરુ ચરણોમાં શબ્દ મોતી ચણીયા ...ધન્ય.

૪) ભાગ્યશાળી હંસ ગુરુશરણ માણે,
અવિનાશીના અખંડ સુખને જાણે ........ધન્ય.

૫) દાસ જન્તી સદ્‌ગુરુ સર્વ દુઃખ ટાળે,
જે બને દાસ એની પત વાલો પાળે .......ધન્ય.

## ધોળ*

સખી સદ્‌ગુરુ ચરણ સેવતા, મારે થઈ છે આનંદ લહેર;
સુખ મારે અતિ ઘણું .............ટેક.

૧) સખી ગુરુ મળિયાને ગમ જડી,
હું તો ચડી શૂન શિખર ગઢ ......સુખ.

૨) સખી શૂન રે મંડળની શેરીએ,
વાગે અનહદ વાજા અપાર ......સુખ.

૩) સખી અખંડ ધૂન લાગી રહી,
હું તો ભૂલી દેહનું ભાન ..........સુખ.

૪) સખી સદ્‌ગુરુદેવના સંગમાં,
છૂટ્યો મનનો સર્વ જંજાળ ........સુખ.

૫) સખી દેવારામ ગુરુએ દયા કરી,
દીધો સદા ચરણમાં વાસ ........સુખ.

## ધોળ*

સખી સદ્‌ગુરુ મળિયા અમને સહજમાં, મારો મટી ગયો મનનો સંતાપ;
સદ્‌ગુરુ ચરણ સેવતા .............ટેક.

૧) સખી અવિદ્યાનું આવરણ બહુ મોટું,
ગુરુ દર્શને ટળ્યું તતકાળ .........સદ્‌ગુરુ.

૨) સખી સુરતા લાગી ગુરુ નામમાં,
પામી અખંડ આનંદ તતકાળ ...સદ્‌ગુરુ.

૩) સખી ભ્રમણા ટળી ભવોભવની,
પામી સત્ય જ્ઞાન તતકાળ ........સદ્‌ગુરુ.

૪) સખી દાસ જન્તીના સ્વામી સમરથ છે,
બન્યા નિર્ભય તતકાળ ...........સદ્‌ગુરુ.

## <u>ધોળ*</u>

સખી ચાલો જઈએ સતસંગમાં, લાગે ભક્તિ કેરો રંગ;

ચાલો ગુરુના સતસંગમાં ...........ટેક.

૧) સખી સત્સંગથી આપું ગળે, ટળે મોહ મમતા વિકાર ..........ચાલો ગુરુના.

૨) સખી સત્ય સનાતનને જાણવા, સરળ સહેલો ઉપાય ..........ચાલો ગુરુના.

૩) સખી જે નામે સર્વ સંત સિધ્યા, થાય તે નામની ઓળખાણ ...ચાલો ગુરુના.

૪) સખી વાદ વિવાદ સર્વ ટળે, થાય નિશ્ચળ જ્ઞાનનું ભાન .......ચાલો ગુરુના.

૫) સખી દાસ જન્તી એમ વિનવે, માનવ જન્મ સફળ થાય ......ચાલો ગુરુના.

## <u>ધોળ*</u>

સખી ચાલો ગુરુજીના દેશમાં, જ્યાં દુઃખ નહિ લવલેશ;

ચાલો સદ્‌ગુરુના દેશમાં ...ટેક.

૧) સખી આનંદ છોળું અખંડ ઉડે, વરસે અમૃત ધારા મેઘ .........ચાલો સદ્‌ગુરુના.

૨) સખી મોર બોલે નાદ બ્રહ્મના, કરે કોયલ ટહુકા હંમેશ ..........ચાલો સદ્‌ગુરુના.

૩) સખી હું ને મારું જડે નહીં, લાગ્યો તુંહી તુંહી એકતાર ..........ચાલો સદ્‌ગુરુના.

૪) સખી જન્મ મરણનો ભય નહીં, છે નિર્ભય પદ સદાય ..........ચાલો સદ્‌ગુરુના.

૫) સખી સુખ સવાયુ માણવા, જઈએ ગુરુચરણમાંય ..............ચાલો સદ્‌ગુરુના.

૬) સખી દાસ જન્તીની વિનંતી, લેજો હરદમ ઉરમાંય .............ચાલો સદ્‌ગુરુના.

## **ધોળ***

ચાલોને સખી આજે ગુરુચરણે જઈએ,

તન મન ધન અર્પી મહાપદ લઈએ ...........ટેક.

૧) આવો રૂડો લાભ લેવા વેલા વેલા જઈએ,

વખત વયો જાય પછી કોને જઈ કહીએ .....ચાલોને.

૨) સદ્‌ગુરુ મળે એ મોટા ભાગ્ય કહીએ,

સદ્‌ગુરુની સેવાએ સાચા સુખિયા થઈએ ....ચાલોને.

૩) સદ્‌ગુરુના ચરણે જીવન અર્પી દઈએ,

મનની મોટાઈ તજી એના થઈને રહીએ .....ચાલોને.

૪) રક્ષક દાતા સદ્‌ગુરુ કહીએ,

સદ્‌ગુરુ શરણોમાં સદા નિર્ભય થઈએ .......ચાલોને.

૫) દાસ જન્તી સદા સદ્‌ગુરુ ભજીએ,

મનના પ્રપંચો સદા તજીએ ....................ચાલોને.

## **ધોળ***

આવ્યો છે રૂડો અવસર, સમજી બેની ચેતજો;

કરજો સદ્‌ગુરુનો સંગ, હુંપણાને મેલજો ...................ટેક.

૧) બેની મિથ્યા સુખમાં ન રાચવું,

હેતે પ્રીતે જપવું ગુરુનું નામ ...સમજી.

૨) બેની અખંડ આનંદ પામવા,

કહ્યો છે સરલ સહેલો ઉપાય ...સમજી.

૩) બેની મોટા મુનિવરો મથતા,

સમજણ વિના ઘર છે દૂર .......સમજી.

૪) બેની ગુરુકૃપાએ સહેજે પામીયે,

અજર અમર પદ નિર્વાણ ......સમજી.

૫) બેની સદ્‌ગુરુના સંગમાં,

દાસ જન્તીને સદા આનંદ ......સમજી.

## <u>ધોળ *</u>

સખી અમર ઓઢણું સદ્‌ગુરુ સ્વામીનું, મેં તો ઓઢ્યું મારે અંગે અંગ;
પ્રીત બાંધી સદ્‌ગુરુ સ્વામીથી .......ટેક.

૧) સદ્‌ગુરુએ હાથે ઓઢાડીયું, મેં પ્રેમે કર્યું ધારણ;
ઓઢતા આનંદ ઉપજ્યો, જે મુખેથી વર્ણવ્યો ન જાય .....પ્રીત.

૨) ઓઢણું બે દોરાનું, એમાં છ બુટાની ભાત;
શીલ સંતોષ જ્ઞાન વૈરાગથી, બીબે પડી બીજી ભાત .....પ્રીત.

૩) આ ઓઢણામાં અનેક ઊગર્યા, ઋષિમુનિ ને સંત;
ઓઢણું અમર લોકનું, જેને નહિ આદિ મધ્ય કે અંત .....પ્રીત.

૪) આ ઓઢણાની કળા શું કહું, જે જગભરમાં દેખાય;
ગુરુગમ દ્રષ્ટિએ નિહાળતા, મારે હૈયે હરખ ન માંય .....પ્રીત.

૫) મેં સખી સદ્‌ગુરુની, બાંય ઝાલી નાથ;
દાસ જન્તી ગુરુને વિનવું, જુગોજુગ મૂકશો ન સાથ .....પ્રીત.

## <u>ધોળ *</u>

સખી સોળેય કળાએ ચંદ્ર ખીલીયો રે લોલ, સદ્‌ગુરુ પૂરણ પરિબ્રહ્મરૂપ;
સખી ભાવેથી ગુરુજીને પૂજીયે રે લોલ ...........ટેક.

૧) સખી મોટા ભાગ્યનો ઉદય થયો રે લોલ,
મળિયા સદ્‌ગુરુ ભગવાન .............સખી ભાવેથી.

૨) સખી વેદ વર્ણવે વિસ્તારથી રે લોલ,
ગુરુજીના ગુણ તણો નહિ પાર ........સખી ભાવેથી.

૩) સખી સંશય છોડાવે એક પલમાં રે લોલ,
ટાળે ભય ભ્રમણા ને ભટકાર ..........સખી ભાવેથી.

૪) સખી નામ અનામી ઓળખાવીને રે લોલ,
કરે કર્મ મુક્ત સદાય ....................સખી ભાવેથી.

૫) સખી ગુરુ મહિમા અપાર છે રે લોલ,
સમજી સહેજે પાર પહોંચાય ...........સખી ભાવેથી.

૬) સખી દેવારામ ગુરુની દયા થકી રે લોલ,
દાસ જન્તી ગુરુગુણ ગાય ..............સખી ભાવેથી.

## ધોળ *

પૂજીએ પૂજીએ સદ્‌ગુરુજીના પાંવ, હૃદયમાં હેત ધરી;
લીજીએ લીજીએ રૂડો લા'વ, અવસર નહિ આવે ફરી ...........ટેક.

૧) સખી ગુરુ સેવ્યા જેણે ભાવથી, એનો ફાવ્યો સંસારમાં દાવ .....અવસર.
૨) સખી ગુરુમાં લક્ષ જેનું લાગ્યું, એનો મટી ગયો દ્વૈત ભાવ ........અવસર.
૩) સખી ગુરુ સેવાએ સતપદ પામીએ, ગુરુ સેવાનો એવો લાભ ...અવસર.
૪) સખી ગુરુ ગુરુ નિત્ય ભજતા, થાય વૃત્તિ બ્રહ્માકાર ..............અવસર.
૫) સખી દાસ જન્તીની વિનંતી, સદ્‌ગુરુ ઉતારે ભવપાર ...........અવસર.

## <u>પદ *</u>

ગુરુની વાતમાં લોભાણી સખીરી હું તો;

ગુરુની વાતમાં લોભાણી ....ટેક.

૧) સંસારના ઘાટમાં અવળી અટવાણી,

મારે વાલે આવીને ઉગારી ....સખીરી.

૨) વ્રેહ અગ્નિ તપે બહુ તનમાં,

મને સાન કરીને બોલાવી .....સખીરી.

૩) નામ નિશાન મને નક્કી બતાવી,

અમૂલખ વાત સમજાવી ......સખીરી.

૪) જાણી મર્મને ભર્મ ભાંગ્યો,

ગુરુ દર્શનને પામી ...........સખીરી.

૫) દાસ જન્તી ગુરુની કૃપાને,

અધિક અધિક વખાણી .......સખીરી.

## <u>પદ *</u>

ગુરુ મળ્યા ગિરધારી, હું તો પૂરણ પદવી પામી ............ટેક.

૧) દયાળુ ગુરુએ દયા કરીને, મોહ નિદ્રાથી જગાડી ...........હું તો.

૨) વિષય રસમાં ભૂલી ભટકતી, વૃત્તિ પાછી વાળી ............હું તો.

૩) અનાદિની રીતે ઉલટી વાટમાં, બંકનાળે ચડાવી ............હું તો.

૪) વ્રજવાસમાં મૂળ મહેલમાં, અખંડ રાસ રમાડી ..............હું તો.

૫) પૂરણ પ્રેમ મારા સદ્‌ગુરુદેવનો, વર્ણવી શકે નહિ વાણી ....હું તો.

૬) દાસ જન્તી ગુરુ સ્વરૂપને, જોઈ જોઇને સમાણી .............હું તો.

## ઝીલણિયું *

તું કરી લે ગુરુજીનો સંગ, અવસર એળે વયો જાય છે;
તું તારા મનમાં વિચાર, અવસર એળે વયો જાય છે ..........ટેક.

૧) ગુરુ વિના નહિ આવે આરો, વીતી જાશે આખો જન્મારો;
ફેરો તારો ફોગટ જાય, અવસર એળે વયો જાય છે ............તું કરી લે.

૨) તત્ત્વદર્શી કોઈ સદ્‌ગુરુ ધારો, લઈને ચાલો એનો સહારો;
પલમાં ઉતારે પાર, અવસર એળે વયો જાય છે .................તું કરી લે.

૩) ઘટમાં બતાવે ગુરુ ઠાકર દ્વારો, મન વૃત્તિને એમાં વારો;
હરદમ ધરીલે ધ્યાન, અવસર એળે વયો જાય છે ..............તું કરી લે.

૪) ગુરુ મૂર્તિને સુરતામાં ધારો, અજંપા જાપે કરો ગુંજારો;
પલેપલ દર્શન થાય, અવસર એળે વયો જાય છે ...............તું કરી લે.

૫) સદ્‌ગુરુનો સંગ બહુ સારો, બની જા તું એનો પ્યારો;
ભવોભવની ભાવટ જાય, અવસર એળે વયો જાય છે .........તું કરી લે.

૬) ભવસિંધુનો ગુરુ કિનારો, દાસ જન્તી મનમાં વિચારો;
ફેરો તારો સફળ થાય, અવસર એળે વયો જાય છે .............તું કરી લે.

## ઝીલણિયું *

કૃપાસિંધુ મોરારિ, સદ્‌ગુરુ મારા આનંદકારી ............ટેક.

૧) મનોહર મૂર્તિ મંગલકારી, દર્શન કરતા ભવદુઃખ ટાળી;
શરણ સદા સુખકારી ...........સદ્‌ગુરુ.

૨) મોહપાશના બંધન ભારી, સદ્‌ગુરુ પલમાં દિયે ટાળી;
બતાવે જુગતી સારી ............સદ્‌ગુરુ.

૩) ઘણાં જન્મથી ભટકતી બા'રી, એવી વરતી ગુરુએ સુધારી;
બતાવી નામ નિશાની ..........સદ્‌ગુરુ.

૪) બ્રહ્મ અગ્નિ પ્રગટી ભારી, સંચિત કર્મ નાખ્યા બાળી;
આપી મોક્ષની બારી ............સદ્‌ગુરુ.

૫) પર ઉપકારી સદ્‌ગુરુ ભારી, જન્મો જન્મ લિયે સંભાળી;
પલપલની રખવાળી ............સદ્‌ગુરુ.

૬) દેવારામ ગુરુ દયા તમારી, દાસ જન્તીની બીગડી સુધારી;
વારંવાર બલિહારી .............સદ્‌ગુરુ.

## ઝીલણિયું *

દયા કરોને મોરારિ ગુરુદેવા, દયા કરોને મોરારિ ...ટેક.

૧) આપ દયા વિના અમે ન તરીએ,
ભવજલ દુઃખ અપારી ........ગુરુદેવા.

૨) આપ સુરતાથી અનેક સિધ્યા,
સુરતામાં લેજો સંભાળી ........ગુરુદેવા.

૩) મનના આવરણ છે બહુ ભારી,
આપ દયાથી જડે બારી ........ગુરુદેવા.

૪) અવર સાધન હવે સાધવા શું કામે ?
દયા કરો પડીએ મુકામે ........ગુરુદેવા.

૫) દોઈ કર જોડી દાસ જન્તી વિનવે,
અરજ સુણજો મોરારિ ..........ગુરુદેવા.

## ઝીલણિયું *

શ્યામ છે શ્યામ છે શ્યામ છે રે, સદ્‌ગુરુ મારા શ્યામ છે;
એની કૃપા અપરંપાર છે રે, સદ્‌ગુરુ મારા શ્યામ છે ...........ટેક.

૧) કરુણા મૂર્તિ ગુણના ભંડાર છે,
અખંડ સુખના ધામ છે રે ........સદ્‌ગુરુ.

૨) નિજાનંદ મૂર્તિ નૈનુંમાં રમતી,
ઓહંગ અનાદિ નામ છે રે .......સદ્‌ગુરુ.

૩) મનના પ્રેરક બુદ્ધિના પ્રકાશ છે,
અંતઃકરણના ઉદગાર છે રે .......સદ્‌ગુરુ.

૪) ઘટોઘટમાં વાસ વસ્યો છે,
નાભિ પરામાં મુકામ છે રે .......સદ્‌ગુરુ.

૫) શોભા ગુરુની અગમ અપાર છે,
વાણી વિલાસથી બા’ર છે રે .....સદ્‌ગુરુ.

૬) સાકાર બ્રહ્મ સદ્‌ગુરુ મળિયા,
દાસ જન્તીને વિશ્રામ છે રે ......સદ્‌ગુરુ.

## <u>ઝીલણિયું *</u>

લાગે છે રે લાગે છે, મને સદ્‌ગુરુ વાલા લાગે છે .............ટેક.

૧) સદ્‌ગુરુના ચરણ સેવતા, મોહનિદ્રાથી જીવ જાગે છે ........મને.

૨) દયાળુ ગુરુના દર્શન કરતા, ભવોભવના દુઃખ ભાંગે છે ....મને.

૩) ધ્યાન સમરણે નિજઘટમાં જોતા, પૂરણબ્રહ્મ ગુરુ લાગે છે ...મને.

૪) નવ ઇન્દ્રિ ને દસમાં મનના, પ્રેરક ગુરુ લાગે છે ...............મને.

૫) સદ્‌ગુરુની કૃપા થકી, અનુભવની જ્યોત જાગે છે ...........મને.

૬) દેવારામ ગુરુની મૂર્તિ જોતા, જન્તીને પ્યારી લાગે છે .........મને.

## ઝીલણિયું *

બાંદરા ગામ મોટું ધામ છે, ઉગારામ અલખ ધણીનો અવતાર છે ...ટેક.

૧) સોનલમાતા સાક્ષાત્ દેવી, જગદંબાનો અવતાર છે ................ઉગારામ.

૨) સરલ જ્ઞાન સાદી ભાષામાં, વેદ વેદાંતને ગાય છે ....................ઉગારામ.

૩) મનુષ્ય અવતારમાં મુક્તિપદ મોંઘુ, સહેજે સહેજે પમાય છે .........ઉગારામ.

૪) કર્મકાંડની પંચાત મેલી, સત વચન ઓળખાય છે ....................ઉગારામ.

૫) દાસ જન્તી ગુરુકૃપાથી, ગુણ ઉગમના ગાય છે .......................ઉગારામ.

## ઝીલણિયું *

તમારા ગુણ છે અપરંપાર, સદ્ગુરુ અખંડ ઉગારામ;
તમને નમીએ વારંવાર, સદ્ગુરુ અખંડ ઉગારામ .............ટેક.

૧) આ અવનીમાં ભલે પધાર્યા, કાર્ય અમારા સર્વ સુધાર્યા;
કરી કરુણા ગુરુ અપાર, સદ્ગુરુ અખંડ ઉગારામ ............તમારા.

૨) મોહ મમતાના મારથી, છોડાવ્યા સર્વ જંજાળથી;
આપી મહાધર્મની સાન, સદ્ગુરુ અખંડ ઉગારામ ............તમારા.

૩) ગોવિંદરૂપ જાણ્યું તમારું, નામ નિરંજન ન્યારું;
ઘટોઘટમાં ગર્જનહાર, સદ્ગુરુ અખંડ ઉગારામ .............તમારા.

૪) વાલા તમારી વાત શું કરીએ, નામ લેતા ભવજલ તરીએ;
તમારું તારણહારું નામ, સદ્ગુરુ અખંડ ઉગારામ ...........તમારા.

૫) ગામ બાંદરાના વાસી, અખંડ અવિનાશી;
તમારી અકળ કળા છે શ્યામ, સદ્ગુરુ અખંડ ઉગારામ ......તમારા.

૬) આપ સુરતાથી અનેક તાર્યા, ત્રિવિધિ તાપ નિવાર્યા;
આપ્યા અભય પદના દાન, સદ્ગુરુ અખંડ ઉગારામ ........તમારા.

૭) દાસ જન્તીના સ્વામી, આપે અંતર્યામી;
દમેદમમાં છો વસનાર, સદ્ગુરુ અખંડ ઉગારામ .............તમારા.

## ઝીલણિયું *

વંદે ગતગંગા જોડી હાથ, જય હો જય લાભેશ્વરનાથ .......ટેક.

૧) પૂરણ બ્રહ્મ પ્રીતમ પ્યારા, સ્થૂળ સૂક્ષ્મથી ન્યારા;
તમારો અભય શૂનમાં વાસ, જય હો જય લાભેશ્વરનાથ ...વંદે.

૨) વેદ મૂર્તિ નાથ અમારા, જ્ઞાનગંગાની ધારા;
પાયા અમૃત રસના પાન, જય હો જય લાભેશ્વરનાથ ......વંદે.

૩) નિજ નિજાનંદરૂપ તુમ્હારા, અખંડ આનંદની ધારા;
તમે ગુણાતીત છો નાથ, જય હો જય લાભેશ્વરનાથ ........વંદે.

૪) દયા સાગર ગુરુ અમારા, ભવબંધન તોડનારા;
તમે પર ઉપકારી નાથ, જય હો જય લાભેશ્વરનાથ .........વંદે.

૫) પારસરૂપ સદ્‌ગુરુ સારા, લોહ કંચન કરનારા;
સુધારી જડ વૃત્તિને નાથ, જય હો જય લાભેશ્વરનાથ .......વંદે.

૬) ઉગમ ગુરુની આશિષ લીધી, સર્વ પર કરુણા કીધી;
દીધી મોંઘી મુક્તિ નાથ, જય હો જય લાભેશ્વરનાથ ........વંદે.

૭) ગતગંગા ગુણ ગાય તમારા, પ્રાણ પતિ છો પ્યારા;
તમે દાસ જન્તીના નાથ, જય હો જય લાભેશ્વરનાથ ........વંદે.

## ઝીલણિયું *

મારા હૃદય મંદિરના શ્યામ, સદ્‌ગુરુ દયાળુ દેવારામ;
મારા પ્રાણ તણાં આધાર, સદ્‌ગુરુ દયાળુ દેવારામ ............ટેક.

૧) સદ્‌ગુરુજી સ્વરૂપ તમારું, લાગે અમને બહુ જ પ્યારું;
આપ છો વિશ્વમાં વસનાર ...........સદ્‌ગુરુ.

૨) ભવસાગર મહાજળ માંહી, આપ વિના નહિ કોઈ સહાઈ;
તમે તારણહારા શ્યામ ................સદ્‌ગુરુ.

૩) દેહાધ્યાસની મોટી આંટી, ગૂંચવાણી બહુ ઘાટી;
તમે સાર સમજાવનહાર .............સદ્‌ગુરુ.

૪) મન વૃત્તિના દોર માંહી, વાસનાએ જીવ રહ્યો બંધાઈ;
એમાંથી તમે છોડાવનહાર ...........સદ્‌ગુરુ.

૫) તારણહારું નામ તમારું, બાવન વિલાસથી બારું;
ઘટોઘટમાં ગર્જનહાર .................સદ્‌ગુરુ.

૬) આપે છો અંતર્યામી, દાસ જન્તીના સ્વામી;
કરી હો કરુણા ગુરુ અપાર ............સદ્‌ગુરુ.

## <u>ઝીલણિયું *</u>

ધન્ય ગુરુ લાભેશ્વરનાથને રે, ધન્ય દેવી હીરામાતને રે;
ધન્ય ગુરુ લાભેશ્વરનાથને રે ....ટેક.

૧) ગુરુ ધાર્યા ઉગમેશ્વરનાથને રે, ધન્ય નીમાધારી નર નારને રે .......ધન્ય ગુરુ.
૨) ધન્ય ધન્ય એના સેવાભાવને રે, સદા રહ્યા દાસ ભાવમે રે ...........ધન્ય ગુરુ.
૩) લગની લાગી ગુરુના નામની રે, અડોલ વૃત્તિ અખંડ ધ્યાનમે રે ....ધન્ય ગુરુ.
૪) પ્રગટી ધારા ગુરુગમ જ્ઞાનની રે, ભાન કરાવે પૂરણ બ્રહ્મની રે .......ધન્ય ગુરુ.
૫) સંભાળ લિયે સર્વ ગતની રે, સમાન ભાવના એ સંતની રે ............ધન્ય ગુરુ.
૬) દાસ જન્તી ધન્ય એની ધારણા રે, વારંવાર લઉં એના વારણા રે .....ધન્ય ગુરુ.

## <u>ઝીલણિયું *</u>

ધન્ય ધન્ય લાભેશ્વરનાથને રે, જેણે સમજાવી સત સાનને રે;
ધન્ય ધન્ય લાભેશ્વરનાથને રે .......ટેક.

૧) ગુરુગમમાં જેણે મન ગાળીયું રે,
ઘટોઘટમાં ઉગમરૂપ ભાળીયું રે .....ધન્ય ધન્ય.
૨) સમદ્રષ્ટિ સમાન ભાવના રે,
જેણે મહાપદને માણીયું રે ............ધન્ય ધન્ય.
૩) નિજ પદમાં લક્ષ સદા રાખ્યું રે,
વાલે અદ્દભુત જ્ઞાન ભાખીયું રે ......ધન્ય ધન્ય.
૪) પ્રેમી હંસોએ ભાવે ચાખ્યું રે,
ભવોભવની ભૂખ ભાંગીયું રે ........ધન્ય ધન્ય.
૫) દાસ જન્તીને ઉરમાં આવ્યું રે,
ચિત્ત ગુરુશરણમાં લાગીયું રે .......ધન્ય. ધન્ય.

## <u>ઝીલણિયું *</u>

ધન્ય ગુરુ ઉગમેશ્વર દેવને રે, ધન્ય દેવી સોનલમાતને રે;
ધન્ય ગુરુ ઉગમેશ્વર દેવને રે .............ટેક.

૧) ગુરુ સેવ્યા હીરસાગર દેવને રે,
તેથી પામ્યા આતમ ધ્યાનને રે ....ધન્ય ગુરુ.

૨) કરી ખોજ ગુરુગમ જ્ઞાનમે રે,
પાયા અમૃત સર્વને દાનમે રે .......ધન્ય ગુરુ.

૩) દયા મૂર્તિ ગુરુદેવ છે રે,
સકલ ગુણના ભંડાર છે રે ..........ધન્ય ગુરુ.

૪) સર્વ સિદ્ધિ જેની સામને રે,
છતાં મોહ્યા નહિ માન પાનમે રે ...ધન્ય ગુરુ.

૫) નેજા ખોડ્યા નવે ખંડમે રે,
જે જે કાર થયો જગભરમે રે ........ધન્ય ગુરુ.

૬) દાસ જન્તી ગતગંગાની સંગમે રે,
સદા લેજો આપ શરણમે રે .........ધન્ય ગુરુ.

## <u>ઝીલણિયું *</u>

ધન્ય ધન્ય સંત ભલારામને રે, ગુરુ ઉગમના બાળને રે;
ધન્ય ધન્ય સંત ભલારામને રે ..............ટેક.

૧) તીર્થ ભૂમિ પવિત્ર બાંદરા રે,
જન્મ ધર્યો સંત ચરણમાં રે ...........ધન્ય ધન્ય.

૨) બાલ્ય વયમાં સદ્‌ગુરુ સેવિયા રે,
ગુરુ ઉગમ અવતારી ઓલિયા રે ....ધન્ય ધન્ય.

૩) કીધી સેવા પૂરણ ખંતથી રે,
કીધું સ્મરણ એક મનથી રે ............ધન્ય ધન્ય.

૪) અડગ ધૈર્ય અડગ ભાવના રે,
લિયે ઉગમ ગુરુના વારણા રે .........ધન્ય ધન્ય.

૫) કહે જન્તી ધન્ય એની ધારણા રે,
અખંડ રહી એની નામના રે ..........ધન્ય ધન્ય.

## <u>ઝીલણિયું *</u>

ભલી ધારણા વખાણું ભલારામની રે, ભલારામની રે લાખુમાતની રે;
ભલી ધારણા વખાણું ભલારામની રે ..........ટેક.

૧) ધન્ય ટેક બંને નર નારની રે, ભાવે સેવા કરી ઉગારામની રે ............ભલી.
૨) પૂરણ કૃપા થઈ સદ્‌ગુરુ શ્યામની રે, કરી ઓળખ આતમરામની રે ....ભલી.
૩) ધ્યાન દ્રઢતા ગુરુજીના નામની રે, અખંડ યાદી ઉગારામની રે ..........ભલી.
૪) સદા યાદી આવે એના ભાવની રે, બહુ ખૂબી એના સત્કારની રે ........ભલી.
૫) આપે શિખામણ દાસ ભાવની રે, મેલો મોટાઈ ભાઈઓ મનની રે ......ભલી.
૬) કરો કમાઈ સત્ય ભજનની રે, એવી યાદી એની વારંવારની રે ...........ભલી.
૭) ધન્ય ધન્ય કમાઈ એ સંતની રે, જન્તી છબી નિરખું એ ભગવંતની રે ...ભલી.

## <u>ઝીલણિયું *</u>

ભલી ભક્તિ વખાણું ભલારામની રે, ભલારામની રે લાખુમાતની રે;
ભલી ભક્તિ વખાણું ભલારામની રે ...ટેક.

૧) કીધી સેવા તે ખરા ખંતથી રે, પૂજ્ય પિતા ગુરુ ઉગારામની રે .............ભલી.
૨) ધારણા બાંધી ગુરુજીના નામની રે, ખરી ટેક રાખી સેવા ભાવની રે .......ભલી.
૩) કરાવે ભોજન સર્વને ભાવથી રે, રાખે સંભાળ સત્સંગી હંસની રે ..........ભલી.
૪) ફરજ બજાવી ગૃહસ્થાશ્રમની રે, મીઠો આવકાર, યાદી આપે એમની રે ...ભલી.
૫) નીમાધારી બંને નર નારી રે, એને વંદન કરું વારંવારી રે ....................ભલી.
૬) દાસ જન્તી કૃપા ગુરુ શ્યામની રે, ગુરુ ભજતા ભાંગી ભે ભવની રે ........ભલી.

## ધોળ *

તાલી પાડી ઉગારામ બોલજો રે, માતા સોનલને ઉરમાં ધરજો રે;

તાલી પાડી ઉગારામ બોલજો રે ......ટેક.

૧) તાલી પાડી પુંજલપીર પઠાણે રે,

એને આયુષ્ય આપ્યું એંધાણે રે .......તાલી.

૨) તાલી પાડી હરજીવનરામે રે,

ગુરુ ઉગમ પધાર્યા એના કાજે રે ..... તાલી.

૩) તાલી પાડી મામૈયાપીર ઓલિયા રે,

એના મોક્ષના દ્વારને ખોલિયા રે ......તાલી.

૪) તાલી પાડી લાભેશ્વરનાથે રે,

ગુરુ ઉગમ છે એની સાથે રે ............તાલી.

૫) તાલી પાડી દેવારામ દેવે રે,

માન મેલીને સંતોને સેવે રે .............તાલી.

૬) દાસ જન્તીના નાથને ઓળખો રે,

એને પ્રીતે કરીને પરખો રે .............તાલી.

## ધોળ *

મને વાલુ લાગે નામ ઉગારામનું રે, ઉગારામનું રે સોનલમાતનું રે;

મને વાલુ લાગે નામ ઉગારામનું રે .......ટેક.

૧) નામ નિર્ગુણરૂપ ગુરુદેવનું રે, કરું સ્મરણ દમેદમનું રે ................મને.

૨) નામ લેતા તૂટે તાળું ભ્રમનું રે, થાય ભાન પૂરણ પરિબ્રહ્મનું રે .......મને.

૩) બંધીછોડ બિરદ ગુરુદેવનું રે, તોડે બંધન ભવોભવનું રે ..............મને.

૪) સાચું સુખ ગુરુના નામનું રે, અવર સુખ નહિ કામનું રે ...............મને.

૫) ગાન ગાવું ગુરુજીના નામનું રે, સદા શરણ ઈચ્છું ઉગારામનું રે .....મને.

૬) દાસ જન્તી દર્પણ સતનામનું રે, એમાં રૂપ દેખું ઉગારામનું રે ........મને.

## ધોળ *

ધન્ય ધન્ય સદ્‌ગુરુ ઉગમેશ્વર દેવા,

ધન્ય ધન્ય દેવી સોનલ માતા .............ટેક.

૧) ગામ બાંદરામાં નિવાસ કીધા,

સત્ય જ્ઞાનનાં દાન વાલે દીધા .............ધન્ય.

૨) નિજ ભક્તિને પ્રગટ કીધી,

અગમની ખબરું મારે વાલે દીધી .........ધન્ય.

૩) અનેક હંસોના ઉદ્ધાર કીધા,

પોતાના જાણીને વાલે શરણોમાં લીધા ...ધન્ય.

૪) ભવો ભવના બંધન તોડ્યા,

જમના હાથેથી મારે વાલે છોડાવ્યા .......ધન્ય.

૫) દાસ જન્તી ગુરુ ઉગમેશ્વર દેવા,

આદિનારાયણ છે દેવન કે દેવા ............ધન્ય.

## ધોળ *

ધન્ય ધન્ય સદ્‌ગુરુ, ઉગમેશ્વરના બાળને;

ઉગમ ફોજના અધિપતિ, લાભેશ્વરનાથને ................ટેક.

૧) ઉગમ ગુરુનો ઉપદેશ લીધો,

સત્ય જ્ઞાનનો વાલે પ્રકાશ કીધો ..........ધન્ય.

૨) સારનો સાર સમજાવી દીધો,

મારગ મુક્તિનો વાલે બતાવી દીધો ......ધન્ય.

૩) અતિ ઉપકાર સર્વ પર કીધો,

ઉગમ ગુરુના નામનો નેજો ખડો કીધો ...ધન્ય.

૪) ક્ષમાની મૂર્તિ અતિ દિલ ભાવે,

દર્શન કરતા દુઃખડા જાવે ...................ધન્ય.

૫) દાસ જન્તીને ઉરમાં લીધો,

આવા ગમનનો ફંદ ટાળી દીધો ...........ધન્ય.

## ધોળ *

જેને ઉગમ ગુરુની છાંય, ધન્ય હો લાભેશ્વરનાથને;
જેને પ્રગટી નિજ આતમ લહેર, ધન્ય હો લાભેશ્વરનાથને ...ટેક.

૧) પરમહંસ સ્વરૂપી પિતા, હરિ હરજીવનરામ;
યોગમાયા રૂપે દેવી, માતુશ્રી વ્રજકુંવર માત .................ધન્ય હો.

૨) અનેક હંસોને તારવા, પ્રગટ્યા અવિનાશી આપ;
સોળે કળાએ શોભતા, જેના ગુણ છે અમાપ ..................ધન્ય હો.

૩) બાળ વયથી ગુરુ સેવ્યા, દિલમાં અઢળક વૈરાગ;
ગુરુ સ્વરૂપના ધ્યાનમાં, લાગ્યો સુરતાનો એકતાર ..........ધન્ય હો.

૪) અનેક કષ્ટ વેઠ્યા, વેઠ્યા ભૂખ અંગાર;
ભગીરથ પ્રયત્ન આદર્યો, વાલે ઉતારી છે ગંગધાર ...........ધન્ય હો.

૫) ગામોગામ ગુરુદેવે, વહાવી જ્ઞાનગંગા અપાર;
મેલ ધોઈ સર્વના મનના, આપી મહાધર્મની સાન ............ધન્ય હો.

૬) પર ઉપકારમાં જીવન વિતાવ્યું, અતિ કર્યા ઉપકાર;
જીવન નૌકાનું સુકાન સંભાળી, બન્યા સર્વના તારણહાર ....ધન્ય હો.

૭) ગુણ શું ગાઈએ દાદા અમે, અતિ અબુધ બાળ;
પલેપલ સુરતાથી તમે, લીધી છે અમારી સંભાળ .............ધન્ય હો.

૮) ઉપમા રહિત આપ છો, અકળ અવિનાશી આપ;
દાસ જન્તીના સ્વામી, સદાય રહેજો અમારી સાથ .............ધન્ય હો.

## ધોળ *

લાભેશ્વર રાખો હો શરણ તુમારા, તમે દીન દયાળા હો;
સદ્‌ગુરુ શ્યામ અમારા ............ટેક.

૧) પરાની પાર ગુરુ વાસ તુમારા,
તેજ તેજના અંબારા હો ..........સદ્‌ગુરુ.

૨) સહજ શૂનમાં સહજ સ્વરૂપે,
સદા વસનારા હો .................સદ્‌ગુરુ.

૩) નિજાનંદ મૂર્તિ ગુણના ભંડારા,
આપો આનંદ અપારા હો ........સદ્‌ગુરુ.

૪) જ્ઞાન ભાણ ગુરુ પ્રકાશ અપારા,
ટાળ્યા અજ્ઞાન અંધારા હો .......સદ્‌ગુરુ.

૫) દાસ જન્તીના પ્રાણ પ્યારા,
રાખો સંગ તુમારા હો ............સદ્‌ગુરુ.

## ધોળ *

સખી પીપળિયામાં પિયુજીના બેસણા, જેના દર્શનથી દુઃખ જાય;
ચાલોને જઈએ દર્શને ......ટેક.

૧) સખી દેવારામ ચરણે શીશ નમાવીએ, આપે શ્વાસાના સમરણ .........ચાલોને.
૨) સખી જ્ઞાનગંગા અખંડ વહે, ન્હાતા મન નિર્મળ થાય ....................ચાલોને.
૩) સખી ગંગામાં ગંગાજી સ્વરૂપ છે, સંત સેવાએ પામ્યા નિજરૂપ .........ચાલોને.
૪) સખી સદ્‌ગુરુ ચરણ સેવતા, મીટે ચોરાસીનો કૂપ .........................ચાલોને.
૫) સખી દેવારામ દયાળુ દેવ છે, દાસ જન્તીના તારણહાર .................ચાલોને.

## ધોળ *

અમારા જન્મ સુધારણ શ્યામ, દેવારામ ભલેને પ્રગટ્યા;
વાલો અલખ ધણી કિરતાર, દેવારામ ભલેને પ્રગટ્યા ..........ટેક.

૧) અમે ભવરણમાં રે ભટકતા, ગુરુએ આવીને ઝાલી બાંય ........દેવારામ.
૨) ગુરુએ કળા રે બતાવી કારમી, હવે કારણ નડે નહિ કાંઈ ........દેવારામ.
૩) ગુરુએ ચાવી દીધી રે સતનામની, ઉઘડ્યા અગમ ઘરના દ્વાર ...દેવારામ.
૪) વાલો અગમ ઘરમાં બિરાજતા, એના પામ્યા અખંડ દીદાર .....દેવારામ.
૫) દાસ જન્તી સમરું દેવારામને, હર દમે દમની માંય ..............દેવારામ.

## <u>ધોળ *</u>

ધન્ય ગુરુ ધન્ય ગુરુ દેવારામ અમારા,
કરી ગુરુએ કૃપા તૂટ્યા ભ્રમણાના તાળા ...ટેક.

૧) વેદથી અધિક ગુરુએ જ્ઞાન સુણાવ્યા,
લીધા શરણમાંને ફેરા અમારા ફાવ્યા ........ધન્ય.

૨) સદ્‌ગુરુ નામમાં બાંધી મારી પ્રીતિ,
સુરતા વિરામીને છૂટી મારી ગ્રંથિ ...........ધન્ય.

૩) રોમે રોમમાં લાગી છે તાળી,
મીઠા મીઠા સૂરની મોરલી વાગી .............ધન્ય.

૪) ગુરુકૃપાનું મારે અઢળક નાણું,
ગઈ છે રજની ને વાયું છે વા'ણું .............ધન્ય.

૫) સદ્‌ગુરુરૂપ મારા ઘટમાં નિહાળી,
દાસ જન્તીને થઈ છે દિવાળી ................ધન્ય.

## <u>ધોળ *</u>

અખંડ નામ દેવારામનું રે, રટીએ દી'ને રાત મારી સજની;
અખંડ નામ દેવારામનું રે ................ટેક.

૧) ભેડાપીપળિયા થાણા થાપિયા રે, કરવા ભક્તિના કાજ મારી સજની ......અખંડ.
૨) ગુરુ હરજીવનરામ સેવિયા રે, તરઘરી ગામ મોજાર મારી સજની ...........અખંડ.
૩) સોહં સાધ્યો સ્નેહથી રે, પડે શબ્દોની ટંકશાળ મારી સજની ..................અખંડ.
૪) પિતાજીના વચન પાળવા રે, આદર્યા બીજના વ્રત મારી સજની ............અખંડ.
૫) સંત ઉકારામના સાથમાં રે, ધર્મનો ધ્વજ લહેરાય મારી સજની .............અખંડ.
૬) ગુરુવચનમાં નિષ્ઠા બાંધતા રે, સફળ થયા સર્વ કાજ મારી સજની ..........અખંડ.
૭) અનેક જિજ્ઞાસુને તારવા રે, કીધો સત્સંગ ગામે ગામ મારી સજની ..........અખંડ.
૮) દેવારામ દેવ બનિયા રે, અનેકને બનાવ્યા દેવ મારી સજની ................અખંડ.
૯) માગશર સુદ બીજ શનિવારના રે, સવારના ચારનો સુમાર મારી સજની ...અખંડ.
૧૦) દેવારામ દેવ નિવાજિયા રે, આપ્યો ગુરુગમ ભેદ મારી સજની .............અખંડ.
૧૧) ઓહંગ સોહંના તારમાં રે, મિલાવ્યો મારો તાર મારી સજની .................અખંડ.
૧૨) દાસ જન્તી ભજુ પ્રેમથી રે, ભજુ છું વારંવાર મારી સજની .....................અખંડ.

## ઝીલણિયું *

ધન્ય ધન્ય હો સંત દેવારામને રે, જેણે ઓળખાવ્યું સત નામને રે;
ધન્ય ધન્ય હો સંત દેવારામને રે ...ટેક.

૧) પૂર્ણ સેવા કરીને ગુરુ સેવિયા રે,
ગુરુ હરજીવનરામ ઓલિયા રે ............ધન્ય.

૨) ધૂણો ધખાવ્યો નિજ ધર્મનો રે,
કરે ઉપદેશ સદા બ્રહ્મ જ્ઞાનનો રે ...........ધન્ય.

૩) દયાનો ઝારો ઝરે જેના દિલમાં રે,
મહા મોજમાં રહે નિજ સ્વરૂપમાં રે .......ધન્ય.

૪) સ્વરૂપ ભાને સદા જાગૃત છે રે,
જેણે દૂર કર્યા માયા પ્રપંચને રે ............ધન્ય.

૫) પોતે પૂરણ પરિબ્રહ્મરૂપ છે રે,
દાસ જન્તી નિરખું એ રૂપને રે ............ધન્ય.

## ઝીલણિયું *

તમે જો જો ઝપાટા દેવારામના રે, વાલો વસે પીપળિયા ધામમાં રે;
તમે જો જો ઝપાટા દેવારામના રે .....ટેક.

૧) વાલાના શબ્દો જાણે મીઠી મોરલી રે, સૂણી નાદ ભૂલ્યા ભાન દેહની રે .....તમે.

૨) કૂડ કપટને કોરે મેલ્યા રે, વાલે આનંદ રસ રેલાવીયા રે .......................તમે.

૩) કીધા નિર્ભય ગુરુજીએ અમને રે, હવે જન્મ મરણ નથી તમને રે .............તમે.

૪) હવે આ પદમાં આનંદ કરજો રે, તમે ત્રિવિધિ તાપમાં નહિ તપશો રે ........તમે.

૫) સમર્થ ધણી દેવાધિદેવ ઓલિયા રે, કહે જન્તી દેવારામ એમ બોલીયા રે ....તમે.

## ઝીલણિયું *

પીપળિયા ધામમાં ગુરુજી પ્રગટ્યા, દયાળુ દેવારામ;

ગુરુજીના નેજા સવાયા ...ટેક.

૧) ગુરુ સેવ્યા વાલે હરજીવનરામને, તરઘરી ગામ મોજાર .........ગુરુજીના.

૨) ઉગમ પુંજલને વાલે ભાવથી સેવ્યા, સેવ્યા લાભેશ્વરનાથ ......ગુરુજીના.

૩) સત્ય શોધીને વાલે સત્સંગ કીધો, લીધો ભક્તિનો ભેખ ........ગુરુજીના.

૪) અનેક હંસોને વાલે શરણોમાં લીધા, દીધા બ્રહ્મના ભેદ .........ગુરુજીના.

૫) ગામ પીપળિયા વાલે ધામ બનાવ્યું, નિત નિત સત્સંગ થાય ...ગુરુજીના.

૬) દાસ જન્તીના વાલા સ્વામી શામળિયા, સદ્‌ગુરુ દેવારામ .......ગુરુજીના.

## ઝીલણિયું *

બાંદરા ધામમાં ગુરુજી પ્રગટ્યા, સદ્‌ગુરુ ઉગારામ;

ગુરુજીના નેજા સવાયા .......ટેક.

૧) ત્રિકાળ ધ્યાનીને વળી બ્રહ્મનિષ્ઠ, ગુરુ મળ્યા હીરસાગર દેવ ....ગુરુજીના.

૨) નિજરૂપ ધ્યાને અજંપા જાપે, પામ્યા પદ તતખેવ ..................ગુરુજીના.

૩) ગુરુ આજ્ઞાએ પુંજલપીરને, પ્રમોધ્યા દઈને પ્રમાણ .................ગુરુજીના.

૪) અઢાર વર્ષની અવધિ આપી, કરાવ્યો યોગ પૂરણ .................ગુરુજીના.

૫) હરજીવનરામ પર હેત કરીને, સુરતે લીધી સંભાળ ................ગુરુજીના.

૬) ભુરારામની ભીડુ ભાંગીને, કીધો કુળ કુટુંબનો ઉદ્ધાર .............ગુરુજીના.

૭) શંભુરામને સુરતાના ધ્યાનથી, સમાવ્યા આપ શરણની માંય .....ગુરુજીના.

૮) મામૈયાબાપુનો સેવા ભાવ જોઇને, પલમાં બનાવ્યા પીર ..........ગુરુજીના.

૯) દેવારામ પર દયા કરીને, દીધા ભક્તિના દાન ......................ગુરુજીના.

૧૦) ભલારામનો ભાવ ભાળીને, રાખ્યા નિજ ચરણ માંય ..............ગુરુજીના.

૧૧) લાભેશ્વરનાથ પર રહેમ કરીને, આપ્યો જ્ઞાન ભંડાર ...............ગુરુજીના.

૧૨) ધન્ય ઉગારામ ધન્ય સોનલમાત, ધન્ય તમ અવતાર ...............ગુરુજીના.

૧૩) દાસ જન્તી ગુણ ગાય તમારા, સદા રાખો શરણની માંય ...........ગુરુજીના.

## ગરબો *

ગરબે લાભેશ્વરને રમીએ, ખોટા પ્રપંચને તજીયે રે;
ભાવથી ગુરુદેવને ભજીયે રે, ગરબે લાભેશ્વરને રમીએ ............ટેક.

૧) ચાલો સર્વ સાહેલીઓ સાથ, આજે નીરખીએ દીનોનાથ;
આવો અવસર નવ તજીયે રે ..............ગરબે.

૨) ગુરુજીએ કરુણા એવી કીધી, બાવડી પલમાં ઝાલી લીધી;
સંગ તેનો કદી નવ તજીયે રે ...............ગરબે.

૩) ગુરુજીએ શબ્દ સુણાવ્યો એવો, આપણો ફેરો ફાવી ગયો કેવો!
મનમાં સમજીને રહીએ રે ..................ગરબે.

૪) ગુરુજીએ કામણ એવું કીધું, અમારું ચિતડું હેરી લીધું;
દાસ જન્તીએ શરણું લીધું રે ................ગરબે.

## ગરબો *

આવો આવોને બાંદરા ધામ, ગરબે રમવાને;
એવા સદ્‌ગુરુની સંગાથ, ગરબે રમવાને ..........ટેક.

૧) ઉગારામ સંગે અતિ ઉમંગે,
એવા સોનલમાતાની સંગાથ ...ગરબે રમવાને.

૨) પુંજલપીર પીર પીરાણી,
એવા મામૈયાપીરની સંગાથ ....ગરબે રમવાને.

૩) હરજીવનરામને હરદામાં રાખી,
એવા વજીમાતાની સંગાથ ......ગરબે રમવાને.

૪) લાભેશ્વરનાથની ગુરુ ભક્તિમાં,
એવા હીરામાતાની સંગાથ ......ગરબે રમવાને.

૫) ભલારામના ભાવ ભજનમાં,
એવા લાખુમાતાની સંગાથ ......ગરબે રમવાને.

૬) દેવારામના દયા ભાવમાં,
એવા ગંગામાતાની સંગાથ ......ગરબે રમવાને.

૭) આ ગરબો છે ગુરુ ભક્તિનો,
લઈએ સોહંપદની સાન ..........ગરબે રમવાને.

૮) દાસ જન્તી ગુરુને વિનવે,
સદા રાખો શરણની માંય ........ગરબે રમવાને.

## ધૂન *

ગુરુદેવ તમારી જય જય હો, જ્ઞાન દાતા તમારી જય જય હો ...ટેક.

૧) એવી પાવનકારી ગંગાજી, ગુરુદેવ તમારા શરણોમાં .........ગુરુદેવ.

૨) એવા સર્વ તીરથ સમાયા, ગુરુદેવ તમારા શરણોમાં ...........ગુરુદેવ.

૩) એવા હજારો યજ્ઞનું ફળ છે, ગુરુદેવ તમારા શરણોમાં .........ગુરુદેવ.

૪) એવા સર્વ સાધનનું સાધન છે, ગુરુદેવ તમારા શરણોમાં ......ગુરુદેવ.

૫) એવા પાપી જીવોનો ઉગારો છે, ગુરુદેવ તમારા શરણોમાં ....ગુરુદેવ.

૬) એવા ચંચલ મન વિરામે છે, ગુરુદેવ તમારા શરણોમાં .........ગુરુદેવ.

૭) એવા ત્રિવિધિ તાપ મીટાવે છે, ગુરુદેવ તમારા શરણોમાં .....ગુરુદેવ.

૮) દાસ જન્તીનો ઉગારો છે, ગુરુદેવ તમારા શરણોમાં ............ગુરુદેવ.

## ધૂન *

શ્રી ગુરુ જય ગુરુ જય ઉગારામ, શ્રી ગુરુ જય ગુરુ જય ઉગારામ ....ટેક.

૧) બાંદરા નિવાસી સદ્‌ગુરુ શ્યામ, મનોહર મૂર્તિ ઉગારામ ........શ્રી ગુરુ.

૨) કરૂણા મૂર્તિ સોનલમાત, આદ્યશક્તિ છે સાક્ષાત્ ................શ્રી ગુરુ.

૩) ગતગંગાના રખવાળા શ્યામ, અખંડ ઉજાગર ઉગારામ .........શ્રી ગુરુ.

૪) પુંજલપીરના પ્યારા શ્યામ, તરણ તારણ ઉગારામ ..............શ્રી ગુરુ.

૫) હરજીવનરામની પૂરી હામ, કરૂણા સાગર ઉગારામ ............શ્રી ગુરુ.

૬) લાભુદાદાના સદ્‌ગુરુ શ્યામ, હરદમ ભજે એ ઉગારામ ..........શ્રી ગુરુ.

૭) દેવારામના દીન દયાળ, સુરતામાં લીધા ઉગારામ ...............શ્રી ગુરુ.

૮) ભલારામના છે ભગવાન, પૂજ્ય પિતાશ્રી ઉગારામ .............શ્રી ગુરુ.

૯) સોહં સ્વરૂપી સદ્‌ગુરુ શ્યામ, ઘટોઘટ બોલે ઉગારામ ............શ્રી ગુરુ.

૧૦) ઉગમ ફોજને ઠરવાનું ઠામ, એક જ નામ ઉગારામ ................શ્રી ગુરુ.

૧૧) દાસ જન્તી સુધરે કાજ, ભાવે ભજે જો ઉગારામ ..................શ્રી ગુરુ.

## ધૂન *

સદ્‌ગુરુ શ્યામ મારા હૈયાના હાર છે, એની સાથે પ્રીત બંધાણી રે;
એની સાથે પ્રીત બંધાણી મારા વાલા, એની સાથે પ્રીત બંધાણી રે ....ટેક.

૧) સગુણ બ્રહ્મ મારા સદ્‌ગુરુદેવ છે, એની સાથે પ્રીત બંધાણી રે .........સદ્‌ગુરુ.
૨) કરુણાસાગર મારા સદ્‌ગુરુદેવ છે, એની સાથે પ્રીત બંધાણી રે .......સદ્‌ગુરુ.
૩) ધ્યાનની મૂર્તિ મારા સદ્‌ગુરુદેવ છે, એની સાથે પ્રીત બંધાણી રે .......સદ્‌ગુરુ.
૪) સુરતાના સ્વામી મારા સદ્‌ગુરુદેવ છે, એની સાથે પ્રીત બંધાણી રે ....સદ્‌ગુરુ.
૫) પ્રાણના પ્રાણ મારા સદ્‌ગુરુદેવ છે, એની સાથે પ્રીત બંધાણી રે ........સદ્‌ગુરુ.
૬) અમૃત પાનારા મારા સદ્‌ગુરુદેવ છે, એની સાથે પ્રીત બંધાણી રે ......સદ્‌ગુરુ.
૭) મુક્તિના દાતા મારા સદ્‌ગુરુદેવ છે, એની સાથે પ્રીત બંધાણી રે .......સદ્‌ગુરુ.
૮) નિત્યના સંગાથી મારા સદ્‌ગુરુદેવ છે, એની સાથે પ્રીત બંધાણી રે ....સદ્‌ગુરુ.
૯) જન્તીના સ્વામી દેવારામ દેવ છે, એની સાથે પ્રીત બંધાણી રે............સદ્‌ગુરુ.

## કીર્તન *

સદ્‌ગુરુએ મુજ પર કરુણા કરી, અમૂલખ વસ્તુ લઈને મને અર્પણ કરી;
સદ્‌ગુરુએ મુજ પર કરુણા કરી ...........ટેક.

૧) પ્રથમ ગુરુએ પ્રીત તો કરી ઘણી, મુજ અણઘણનો ઘાટ તો નાખ્યો ઘડી ...સદ્‌ગુરુએ.
૨) મારી મતિ મૂઢ તો હતી ઘણી, નામ નિશાને રાખી ગુરુએ દયા કરી ........સદ્‌ગુરુએ.
૩) જે રે પદમાં સર્વ સંતો રહ્યા ઠરી, એ જ પદની ખબર મુજને દીધી ખરી .....સદ્‌ગુરુએ.
૪) ગુરુગુણને ગાઉં કેમ જીભે કરી? વાણીથી જે પર છે વિષય ખરી ............સદ્‌ગુરુએ.
૫) ધન્ય ધન્ય ગુરુ ઉગમેશ્વરદેવને, ધન્ય ધન્ય પુંજલપીર ધણી ................સદ્‌ગુરુએ.
૬) ધન્ય ધન્ય ગુરુ હરજીવનરામને, ધન્ય ધન્ય લાભેશ્વર શ્રીહરિ ..............સદ્‌ગુરુએ.
૭) ધન્ય ધન્ય ભલારામ દેવને, ધન્ય ધન્ય પીર મામૈયાપીરને ..................સદ્‌ગુરુએ.
૮) ધન્ય ધન્ય સર્વ ઉગમ ફોજને, નામ નિશાને જઈને નીરભે ચડી .............સદ્‌ગુરુએ.
૯) ધન્ય ધન્ય દયાળુ ગુરુ દેવારામને, દાસ જન્તી પર કરુણા તો કરી ઘણી ....સદ્‌ગુરુએ.

## કીર્તન *

દેવારામ ઘેર આનંદ ભયો, જય સદ્‌ગુરુદેવ કી;
જય સદ્‌ગુરુદેવ કી, જય સદ્‌ગુરુદેવ કી ............ટેક.

૧) જન્મ અમારો સફળ કર્યો, જય સદ્‌ગુરુદેવ કી ......દેવારામ.
૨) જ્ઞાનગંગા પાન કિયો, જય સદ્‌ગુરુદેવ કી ...........દેવારામ.
૩) તત્ત્વરૂપી માખણ ખાયો, જય સદ્‌ગુરુદેવ કી ........દેવારામ.
૪) ગુરુ દર્શન સહેજે પાયો, જય સદ્‌ગુરુદેવ કી .........દેવારામ.
૫) દાસ જન્તીનો કાજ સર્યો, જય સદ્‌ગુરુદેવ કી ........દેવારામ.

## કીર્તન *

આજે આનંદ ભયો, જય હો ગુરુ દેવકી;
જય હો ગુરુ દેવકી, જય હો ગુરુ દેવકી .............ટેક.

૧) સદ્‌ગુરુનો સંગ ભયો, આનંદ મંગળ ભયો;
નિજ નિજાનંદ ભયો, કૃપા ગુરુ દેવકી ..............આજે.
૨) ગતગંગાનો સંગ ભયો, ભક્તિનો રંગ ભયો;
ગુરુગુણ ગવાઈ રહ્યો, કૃપા ગુરુ દેવકી .............આજે.
૩) બ્રહ્મસાયર હિલોળે ચડ્યો, કૃપાનો વરસાદ ભયો;
મોતીડે વરસી રહ્યો, કૃપા ગુરુ દેવકી ................આજે.
૪) દેવમુનિનો મેળો ભયો, જ્ઞાનગંગાનો નીર વહ્યો;
જિજ્ઞાસુએ પાન કિયો, કૃપા ગુરુ દેવકી .............આજે.
૫) તત્ત્વનો બોધ દિયો, અજંપા જાપ દિયો;
પરમપદ સુખ દિયો, કૃપા ગુરુ દેવકી ...............આજે.
૬) દયા કરી દર્શન દિયો, મનમાં ઉમંગ ભયો;
આનંદ આનંદ થઈ રહ્યો, કૃપા ગુરુ દેવકી ............આજે.
૭) અકળ ગુરુ કળા કિયો, અનંત લીલા કિયો;
દાસ જન્તી જોઈ રહ્યો, કૃપા ગુરુ દેવકી ..............આજે.
૮) જય હો ઉગારામની, જય હો સોનલમાતની;
જય હો પુંજલપીરની, જય હરજીવનરામની .........આજે.
૯) જય લાભેશ્વરનાથની, જય હો ભલારામની;
જય મામૈયાપીરની, જય હો જીવારામની ............આજે.
૧૦) દાસ જન્તીનો કાજ સર્યો, કૃપા દેવારામની;
જય હો દેવારામની, જય હો ગંગામાતની ............આજે.

**<u>કીર્તન*</u>** (રાગ-મારી હુંડી સ્વીકારો મહારાજ)

જેનો સંગ સદા સુખદાય રે, એવા ગુરુ જેને મળે;
એનો ભવ ભટકાર મટી જાય રે, એવા ગુરુ જેને મળે ........ટેક.

૧) સદ્‌ગુરુના સંગે રહેતા, આનંદ વધે ઉરમાંય;
નિજાનંદ સુખ ઉપજે, એવા આવરણ અવિદ્યાના જાય રે ...એવા.

૨) જન્મ મરણના દુઃખથી, છોડાવે સદ્‌ગુરુરાય;
એવો મહિમા ગુરુદેવનો, જેને શિવ સનકાદિક ગાય રે .....એવા.

૩) સદ્‌ગુરુના ચરણ સેવતા, અડસઠ તીરથ થાય;
પાપ ટળે જન્મો જન્મના, એના મન નિર્મળ થાય રે .........એવા.

૪) નિજ અનુભવનો ઉદય, ગુરુકૃપા વિના ન થાય;
સદ્‌ગુરુ જો કૃપા કરે તો, નિજ સ્વરૂપ દર્શાય રે ..............એવા.

૫) નિત નિત નવલો આનંદ, ગુરુ ચરણની માંય;
બ્રહ્મ વિલાસના સુખને, મુખેથી કેમ કહેવાય રે .............એવા.

૬) દિન રાત ગુરુને ભજીએ, ભજીએ સુરતાની માંય;
સદા સદ્‌ગુરુ સહાય કરે, જેને દિનબંધુ કહેવાય રે ...........એવા.

૭) દેવારામ ગુરુની દયા થકી, યથામતિ ગુણ ગાય;
દાસ જન્તીને સદ્‌ગુરુની, સદા રહી છે સહાય રે ............એવા.

## <u>ઝીલણિયું - ગુરુપૂનમ રચના *</u>

આવ્યો ગુરુ પૂર્ણિમા દિન, ભાવે ગુરુ પૂજન કરીએ;
ચરણે નમાવીને શીશ, ગુરુ આશિષ લઈએ ..........................ટેક.

૧) ભીતર ભેદ ભ્રમણાને ટાળવા, નિજ સ્વરૂપનો આનંદ માણવા;
પામવા પૂરણ પદ, ભાવે ગુરુ પૂજન કરીએ ...........................આવ્યો.

૨) જન્મો જન્મના કર્મ બાળવા, જીવન ચોપડા ચોખ્ખા કરવા;
કરવા રૂડી કમાઈ, ભાવે ગુરુ પૂજન કરીએ ............................આવ્યો.

૩) પરવરતી સંગ સદા પરહરવા, નિવૃત્તિ ઘરમાં વાસો કરવા;
લેવા શાંતિનું સુખ, ભાવે ગુરુ પૂજન કરીએ ............................આવ્યો.

૪) સદ્‌ગુણોનો શણગાર સજવા, દુર્ગુણોને સદંતર તજવા;
એક જ સહેલો ઉપાય, ભાવે ગુરુ પૂજન કરીએ ........................આવ્યો.

૫) પૂરણ બ્રહ્મ સદ્‌ગુરુને જાણવા, સહજ સુરતામાં કાયમ ભાળવા;
દમેદમ કરવા પ્રણામ, ભાવે ગુરુ પૂજન કરીએ ........................આવ્યો.

૬) ગુરુશરણમાં કાયમ પૂનમ છે, અમાસ એકમનો નહિ ત્યાં ભેદ છે;
છે અખંડ જ્ઞાન પ્રકાશ, ભાવે ગુરુ પૂજન કરીએ ........................આવ્યો.

૭) દાસ જન્તી નિજ સુખ માણવા, ભાવ ધરી સદ્‌ગુરુ સેવવા;
ટાળવા હું તુંનો ભેદ, ભાવે ગુરુ પૂજન કરીએ ..........................આવ્યો.

## <u>ઝીલણિયું - ગુરુપૂનમ રચના *</u>

આજે ગુરુપૂનમ ઉજવાય, ગુરુજીના ધામમાં;
ગુરુ ઉગમના ગુણલા ગવાય, બાંદરા ધામમાં ................ટેક.

૧) દેશ પરદેશથી પ્રેમી ભક્તો, દર્શન કરવા જાય ...............બાંદરા.
૨) ગુરુ દર્શનનો મહિમા અધિક છે, દર્શનથી દોષ ટળી જાય ...બાંદરા.
૩) ગુરુ મહિમા અગમ અપાર છે, વેદ પુરાણ ગુણ ગાય ........બાંદરા.
૪) સદ્‌ગુરુના કૃપા કિરણથી, અજ્ઞાન અંધકાર જાય ............બાંદરા.
૫) મન વૃત્તિના અનેક વમળો, ગુરુકૃપાએ મટી જાય ...........બાંદરા.
૬) સદ્‌ગુરુને અખંડ ભજતા, ગુરુ સ્વરૂપમાં સમાય .............બાંદરા.
૭) નાદ બ્રહ્મના અનેક વાજા, સાંભળીને સુખ થાય .............બાંદરા.
૮) દાસ જન્તીના સ્વામીને મળતા, ભવ ભટકાર મટી જાય .....બાંદરા.

## <u>ઝીલણિયું - નિર્વાણ દિન રચના *</u>

નિર્વાણ દિન છે આજ, ગુરુ ઉગારામના;
શ્રાવણ વદ દશમને દિન, બાંદરા ધામમાં ....ટેક.

૧) સોનાલમાતાને સંગે નિહાળી, આનંદ ઘણેરો થાય .................બાંદરા ધામમાં.
૨) ગામોગામથી પ્રેમી હંસો, પધાર્યા છે આજ ..........................બાંદરા ધામમાં.
૩) મારા તારાનો ભેદ ટાળીને, એક મને કરીએ આરાધ ..............બાંદરા ધામમાં.
૪) ભાવેથી ગુરુ પૂજન કરીએ, દર્શનથી દુઃખડા જાય .................બાંદરા ધામમાં.
૫) ભાવના ભોજન ગુરુ ભલારામ પીરસે, લાખુમાતાનો સંગાથ ....બાંદરા ધામમાં.
૬) જ્ઞાનના ભોજન ગુરુ લાભેશ્વર પીરસે, જમો જમો સંત સમાજ ....બાંદરા ધામમાં.
૭) ભવોભવના બંધન તૂટે, આવાગમન મટી જાય .....................બાંદરા ધામમાં.
૮) દાસ જન્તીના સ્વામી શામળિયા,સદ્‌ગુરુ ઉગારામ ................બાંદરા ધામમાં.

## <u>ઝીલણિયું - નિર્વાણ દિન રચના *</u>

નિર્વાણ દિન છે આજ, લાભેશ્વરનાથના;
આનંદ મંગલ વરતાય, તરઘરી ધામમાં ..................ટેક.

૧) પૂરણ બ્રહ્મ આપે પધાર્યા, આ અવની મોજાર ............તરઘરી ધામમાં.
૨) ઉગમ ગુરુનો ઉપદેશ લીધો, પામ્યા આતમ ધ્યાન .......તરઘરી ધામમાં.
૩) ગુરુ સ્વરૂપમાં ખૂબ જ ખેલ્યા, સાંધી સુરતાનો તાર ......તરઘરી ધામમાં.
૪) ગુણાતીત ધારા ખૂબ જ રેલી, થયા નિર્મળ નર નાર ......તરઘરી ધામમાં.
૫) ધન્ય લાભેશ્વર ધન્ય ઉગમેશ્વર, ગતગંગાના રખવાળ ...તરઘરી ધામમાં.
૬) દાસ જન્તી નિર્વાણ દિને, ગુણ ગાઉં છું વારંવાર ..........તરઘરી ધામમાં.

**ઝીલણિયું - નિર્વાણ દિન રચના*** (રાગ-મારા ગુરુજીએ વચનબાણ માર્યા હો જી રે)

નિર્વાણ દિન ગુરુદેવનો હો જી રે,
ગાઈએ ગુરુના ગુણગાન મારા વાલા ....ટેક.

૧) લાભેશ્વરરૂપે લાભ આપવા હો જી રે,
આવ્યા આ અવની મોજાર મારા વાલા ...નિર્વાણ.

૨) જ્ઞાનમૂર્તિ ગુરુદેવ છે હો જી રે,
આપ્યા સતજ્ઞાનના દાન મારા વાલા .....નિર્વાણ.

૩) નિજ સ્વરૂપ ઓળખાવ્યા હો જી રે,
અખંડ સુરતાની માંય મારા વાલા .........નિર્વાણ.

૪) ભેદ ભ્રમણાને ટાળીયા હો જી રે,
છોડાવ્યો મનનો જંજાળ મારા વાલા ......નિર્વાણ.

૫) દયા મૂર્તિ ગુરુદેવ છે હો જી રે,
સુરતામાં રાખે સંભાળ મારા વાલા ........નિર્વાણ.

૬) મોટા ભાગ્યના ઉદયથી હો જી રે,
મળ્યો ગુરુદેવનો સંગ મારા વાલા ..........નિર્વાણ.

૭) દાસ જન્તી ગુરુદેવને હો જી રે,
નમીએ વારંવાર મારા વાલા ...............નિર્વાણ.

### <u>ઝીલણિયું - નિર્વાણ દિન રચના *</u>

નિર્વાણ દિન છે આજ, ગુરુ દેવારામના;
આનંદ ઓચ્છવ થાય, પીપળિયા ધામમાં ................ટેક.

૧) ગતગંગા મળી ઘર આંગણે, એક મનના નર ને નાર ...પીપળિયા.
૨) ભાવે પ્રેમે ગુરુ પૂજન કરતાં, હૈયે હરખ ન માંય .........પીપળિયા.
૩) ગુરુ મહિમા અગમ અપાર છે, ગુણ છે અપરંપાર ......પીપળિયા.
૪) કાચા પીતળને સોના બનાવે, કાઢે વર્ણ વિકાર ..........પીપળિયા.
૫) મારા તારાના ભેદ ટાળીને, સમજાવે એક રસ સાર .....પીપળિયા.
૬) જ્ઞાનગંગા ગુરુશરણમાં, રેલી છે અપરંપાર .............પીપળિયા.
૭) જન્મો જન્મના પાતક ધોઈને, થયા નિર્મળ નર નાર ....પીપળિયા.
૮) દાસ જન્તીના સોહં સ્વામી, સદ્‌ગુરુ દેવારામ ............પીપળિયા.

### <u>ઝીલણિયું - નિર્વાણ દિન રચના *</u>

નિર્વાણ દિન દેવારામના હો જી રે,
આનંદ ઉત્સવ થાય મારા વાલા ........ટેક.

૧) દયા મૂર્તિ ગુરુદેવ છે હો જી રે,
આપ્યા ભક્તિના દાન મારા વાલા ....નિર્વાણ.

૨) મનના પ્રપંચ મેલાવ્યા હો જી રે,
ટાળ્યા વિષય વિકાર મારા વાલા ......નિર્વાણ.

૩) સોહંપદની સાનમાં હો જી રે,
સુરતા કરાવી સ્થિર મારા વાલા .......નિર્વાણ.

૪) ગુરુ સ્વરૂપના ધ્યાનમાં હો જી રે,
આવે આનંદ આઠે પોર મારા વાલા ...નિર્વાણ.

૫) ધન્ય કરુણા ગુરુદેવની હો જી રે,
સફળ કરાવ્યો અવતાર મારા વાલા ...નિર્વાણ.

૬) દેવારામ ગુરુના ચરણમાં હો જી રે,
દાસ જન્તી ગુણ ગાય મારા વાલા ......નિર્વાણ.

## <u>ઝીલણિયું - નિર્વાણ દિન રચના *</u>

નિર્વાણ દિન છે આજ, ગુરુ ભલારામના;
એક મને કરીએ આરાધ, બાંદરા ધામમાં .....................ટેક.

૧) ભાવે પ્રેમે ગુરુગુણ ગાઈએ, લીજીએ અમૂલખ લાવો ......બાંદરા ધામમાં.
૨) સંત જીવનની પ્રેરણા લઈને, શીખીએ સેવાના કામો .......બાંદરા ધામમાં.
૩) સેવા ભક્તિના શણગાર સજીને, જીવન પંથ ઉજાશો ........બાંદરા ધામમાં.
૪) ધન્ય ભલારામ ધન્ય લાખુમાત, ધન્ય છે તમારા ભાવો .....બાંદરા ધામમાં.
૫) ઉગમ ગુરુની છાંયામાં રહીને, વચને વચન કર્યા પ્રમાણો ...બાંદરા ધામમાં.
૬) ગતગંગાની સંગે રહીને, દાસ જન્તી ગુણ ગાવો .............બાંદરા ધામમાં.

## ઝીલણિયું - પ્રાસંગિક રચના *

માત ગંગેવ સ્વર્ગે સિધાવ્યા રે, જેના પ્રગટ પ્રમાણ અમે ભાળિયા રે;
માત ગંગેવ સ્વર્ગે સિધાવ્યા રે ...ટેક.

૧) ઘટોઘટમાં આનંદ ઉભરાવિયા રે,
પ્રેમના દીવડા માતાએ પ્રગટાવ્યા રે ...........માત ગંગેવ.

૨) સુંદર પાલખી શોભે શણગારથી રે,
સામૈયું ભરપૂર છે નર નારથી રે ................માત ગંગેવ.

૩) શ્રીફળ સાકર ચરણે ધરતા રે,
કરી દર્શન ધન્ય બનતા રે ........................માત ગંગેવ.

૪) ધન્ય ધન્ય છે ગંગામાતને રે,
સફળ કર્યા અમ અવતારને રે ...................માત ગંગેવ.

૫) ગુરુ સેવ્યાનું પ્રમાણ દેખાય છે રે,
આનંદ હેલી અતિ ઉભરાય છે રે ................માત ગંગેવ.

૬) ગુરુ દેવારામના પ્રતાપથી રે,
દાસ જન્તી એના ગુણ ગાય છે રે ................માત ગંગેવ.

## ભજન - પ્રાસંગિક રચના *

ગુરુ દેવારામનો ભંડારો, મેળે મળ્યા સંત હજારો;
ગુરુ દેવારામનો ભંડારો ....................ટેક.

૧) ભલારામ સંગે ગુરુ લાભેશ્વર પધાર્યા, ભક્તિનો સાજ સજ્યો સારો;
પૂર્ણ યોગી બ્રહ્મરસ ભોગી, એને જાણે જાણનહારો .......................ગુરુ.

૨) અખંડ વહે જ્ઞાનગંગા, પાન કરે હંસ હજારો;
અમીરસ પ્યાલા પિયે પ્રેમથી, હોય જ્ઞાન જ્યોત ઉજિયારો ..............ગુરુ.

૩) ભાવના ભોજન જમે પ્રેમથી, જમાડે જમાડનારો;
સર્વ સંતો મારા ગુરુના રૂપે, જોઈ થયો આનંદ અપારો ..................ગુરુ.

૪) અનેક હંસોને ઉગાર્યા વાલે, મોક્ષ દાન દેનારો;
ધન્ય દેવારામ ધન્ય માત ગંગેવ, ધન્ય તમ અવતારો ....................ગુરુ.

૫) દાસ જન્તીને ચરણે લીધો, કીધો પલમાં ઉગારો;
નિત્ય ગાવ ગુણ તમારા, મટ્યો ભવ ભટકારો ............................ગુરુ.

## ઝીલણિયું - પ્રાસંગિક રચના *

આવ્યો પચાસમો નિર્વાણ દિન, ગુરુ ઉગારામનો;
આનંદ ઓચ્છવ થાય, ગુરુજીના ધામમાં ...........................ટેક.

૧) મોટો મહિમા ગુરુજીના નામનો, ગુણીજન ગુણલા ગાય .........ગુરુજીના ધામમાં.
૨) દેશ વિદેશથી પ્રેમી ભક્તો, પધાર્યા છે આજ ........................ગુરુજીના ધામમાં.
૩) અલખ અવતારી સદ્‌ગુરુદેવ છે, એના દર્શનથી આનંદ થાય ....ગુરુજીના ધામમાં.
૪) જ્ઞાનગંગા ત્યાં અખંડ વહે છે, વહે છે અપરંપાર ..................ગુરુજીના ધામમાં.
૫) ધન્ય ઉગારામ ધન્ય સોનલમાત, આપ્યા છે જ્ઞાનના દાન ........ગુરુજીના ધામમાં.
૬) દાસ જન્તી ગુણ ગાય તમારા, સદા રાખો શરણનીમાંય ...........ગુરુજીના ધામમાં.

## ઝીલણિયું - પ્રાસંગિક રચના *

આવ્યો પચ્ચીસમો નિર્વાણ દિન, ગુરુ દેવારામનો;
બોલે ગતગંગા જય જયકાર, ગુરુજીના નામનો ..................ટેક.

૧) ધન્ય દેવારામ ધન્ય ગંગામાત, જપ્યા અખંડ જાપ .............ગુરુજીના નામનો.
૨) નિશ્ચળ વૃત્તિ ગુરુ સ્વરૂપમાં, રાખ્યો પૂરણ વિશ્વાસ .............ગુરુજીના નામનો.
૩) આત્મ ધ્યાનને સહેજે પામી, ગાયો અધિક મહિમાય ...........ગુરુજીના નામનો.
૪) અનેક હંસો પર કૃપા કરીને, આપ્યો અજંપા જાપ .............ગુરુજીના નામનો.
૫) ગામ પીપળિયા ધામ બનાવ્યું, ધર્મ ધ્વજ લહેરાય .............ગુરુજીના નામનો.
૬) આનંદ ઓચ્છવ પીપળિયા ધામમાં, ઉજવાય નિર્વાણ દિન ....ગુરુજીના નામનો.
૭) આજની શોભા અધિક દીસે, ભાવનો મેળો ભરાય .............ગુરુજીના નામનો.
૮) ગુરુ પૂજન ગુરુગુણ ગાઈએ, બોલીએ જય જયકાર ...........જન્તીના શ્યામનો.

## ઝીલણિયું - પ્રાસંગિક રચના *

આજે અમૃત મહોત્સવ ઉજવાય, દેવારામ દ્વારમાં;
ગુરુજીના ગુણલા ગવાય, દેવારામ દ્વારમાં ........................ટેક.

૧) ઉગમ પુંજલ હરજીવનરામની, કરુણા મહેર અપાર ............દેવારામ દ્વારમાં.
૨) લાભેશ્વરનાથને દેવારામ મુખથી, જ્ઞાનગંગા રેલી છે અપાર ....દેવારામ દ્વારમાં.
૩) ગુરુશરણનો મહિમા જાણીને, ધન્ય બન્યા નર ને નાર ...........દેવારામ દ્વારમાં.
૪) બાર બીજના ઉત્સવમાંહી, આંનદ મંગલ વરતાય ...............દેવારામ દ્વારમાં.
૫) હર દમેદમ ગુરુજીને ભજતા, ગુરુ સ્વરૂપમાં સમાય .............દેવારામ દ્વારમાં.
૬) ગતગંગા જોઈ ગુરુજીના રૂપમાં, દાસ જન્તીનું મન હરખાય ....દેવારામ દ્વારમાં.

## ઝીલણિયું - પ્રાસંગિક રચના *

આજે શતાબ્દી દિન ઉજવાય, તરઘરી ધામમાં;
ગતગંગા ગુણલા ગાય, લાભેશ્વરનાથના ...............ટેક.

૧) પૂરણ બ્રહ્મ આપે પ્રગટ્યા, હરજીવનરામને દ્વાર .......તરઘરી.
૨) બાલમુકુંદને લાડ લડાવે, માતુશ્રી વ્રજકુંવરમાત .......તરઘરી.
૩) પૂર્વ કમાયે સદ્‌ગુરુ મળિયા, ગુરુ ઉગમેશ્વરનાથ .......તરઘરી.
૪) સુરતાના ધ્યાને સહેજે પામ્યા, નિજ સ્વરૂપનું ધ્યાન ...તરઘરી.
૫) જ્ઞાનગંગાની ધારા પ્રગટી, રેલી છે અપરંપાર ..........તરઘરી.
૬) જ્ઞાનગંગાનું પાન કરીને, થયા નિર્મળ નર નાર ........તરઘરી.
૭) ધન્ય લાભેશ્વર ધન્ય હીરામાત, ધન્ય તમ અવતાર ....તરઘરી.
૮) દાસ જન્તી ગુણ ગાય તમારા, ગતગંગાની સાથ ........તરઘરી.

## કિર્તન - પ્રાસંગિક રચના *

આજે નિર્વાણ દિન ભયો, જય હો ઉગારામની;
જય હો ઉગારામની, જય હો સોનલમાતની ....ટેક.

૧) બાંદરામાં પ્રગટ થયો, જ્ઞાન ભાણ ઉદય ભયો;
એનો આ ઉત્સવ ભયો, જય હો ઉગારામની...

૨) તત્ત્વનો બોધ દિયો, ગતગંગાને ન્યાલ કિયો;
એનો આ ઉત્સવ ભયો, જય હો ઉગારામની...

૩) નિરંજન બ્રહ્મ કિયો, પૂરણ પરિબ્રહ્મ કિયો;
એનો આ ઉત્સવ ભયો, જય હો ઉગારામની...

૪) પુંજારામને પ્રેમ કિયો, આયુષ્યનો દાન દિયો;
એનો આ ઉત્સવ ભયો, જય હો ઉગારામની...

૫) હરજીવનરામને હેત કિયો, ઘોડા પર સ્વાર થીયો;
આવીને દર્શન દિયો, જય હો ઉગારામની...

૬) જ્ઞાનનો દાતા થયો, મુક્તિનો લાભ દિયો;
એનો આ ઉત્સવ ભયો, જય હો ઉગારામની...

૭) ગતનો ગોવાળ થયો, સદાનો સંગાથી ભયો;
એનો આ ઉત્સવ ભયો, જય હો ઉગારામની...

૮) ઘરોઘર પૂજાઈ રહ્યો, ગામોગામ ગવાઈ રહ્યો;
એનો આ ઉત્સવ ભયો, જય હો ઉગારામની...

૯) જ્ઞાન દીપક જલતો રહ્યો, ઉગારામે દીવેલ પૂર્યો;
એનો આ ઉત્સવ ભયો, જય હો ઉગારામની...

૧૦) દેવારામના દ્વારમાં, પીપળિયા ધામમાં;
આનંદ ઉત્સવ ભયો, જય હો ઉગારામની...

૧૧) ઋષિમુનિનો મેળો થયો, ગતગંગાનો સાથ ભયો;
દાસ જન્તીને ન્યાલ કિયો, જય હો ઉગારમની.

૧૨) જય હીરસાગર દેવની, જય હો ઉગારામની;
જય હો પુંજારામની, જય હરજીવનરામની...

૧૩) જય લાભેશ્વરનાથની, જય હો ભલારામની;
જય હો દેવારામની, જય હો જીવારામની...

૧૪) જય મામૈયાપીરની, જય હો વીરજીરામની;
જય હો ઉગમફોજની, આજના ઉત્સવની...

## <u>ઝીલણિયું - પ્રાસંગિક રચના *</u>

આજે મહા નિર્વાણ દિન, ગુરુ ઉગારામનો;
અતિ ઉમંગે ઉજવાય, દેવારામ દ્વારમાં .........................ટેક.

૧) અમારા ભાગ્યનો ઉદય થયો છે, કરી ઉગમ ગુરુએ મહેર ...દેવારામ.
૨) આવો ઉગારામ આવો સોનલમાત, ગતગંગાની સાથ .......દેવારામ.
૩) નિજ આસને આપ બિરાજો, દર્શન દેવા કાજ ..................દેવારામ.
૪) શુદ્ધ ભાવનો દીપક પ્રગટાવી, ઉતારીએ આરતી આજ .......દેવારામ.
૫) કાલાઘેલા અમે બાળકો, સુરતામાં રાખો સંભાળ ..............દેવારામ.
૬) દાસ જન્તીને દર્શન દીધા, દિલ મંદિરે આજ ....................દેવારામ.

## <u>ઝીલણિયું - પ્રાસંગિક રચના*</u>

આજે રજત મહોત્સવ ઉજવાય, ગુરુ ભલારામના;
ગુરુજીના ગુણલા ગવાય, બાંદરા ધામમાં ................ટેક.

૧) ગતગંગા મળી ઘર આંગણે, એક મનના નર ને નાર ...બાંદરા ધામમાં.
૨) શુદ્ધ ભાવે ગુરુ પૂજન કરીને, કરે દર્શન નર નાર ........બાંદરા ધામમાં.
૩) સદ્‌ગુરુના દર્શન કરતા, આનંદ પ્રગટે અપાર ...........બાંદરા ધામમાં.
૪) ધન્ય ભલારામ ધન્ય લાખુમાત, ધન્ય તમ અવતાર .....બાંદરા ધામમાં.
૫) ઉગમ ગુરુના ચરણ સેવીને, કર્યો સફળ અવતાર ........બાંદરા ધામમાં.
૬) સદ્‌ગુરુના ગુણલા ગાતા, જન્તીને આનંદ અપાર .......બાંદરા ધામમાં.

## **ભજન***

**ભજન *** (રાગ-કલ્યાણ)

જય ગુરુ ગુણપતિ ગુણના સાગર, કૃપા કરી તારો ભવસાગર;
જય ગુરુ ગુણપતિ ગુણના સાગર ...........ટેક.

૧) શીલ નિધાન છો કરુણાસાગર,
બ્રહ્મજ્ઞાની ગુરુ અખંડ ઉજાગર .............જય ગુરુ.

૨) દીસે ભયંકર આ ભવસાગર,
બૂડે મારું નાવ મધ્ય સાગર ..................જય ગુરુ.

૩) બનો સુકાની હો ગુરુ ઠાકર,
વસમી વાટે ઉગારો આકર ...................જય ગુરુ.

૪) બિરદ તુમ્હારા તરણતારણ,
છો ગુરુ તમે આદિ નારાયણ .................જય ગુરુ.

૫) દેવારામ ગુરુ દયા સાગર,
તારો જન્તીને નટવર નાગર .................જય ગુરુ.

**ભજન *** (રાગ-કલ્યાણ)

જય ગુરુદેવા જય ગુરુદેવા, આપ ચરણકી કરું મેં સેવા
જય ગુરુદેવા જય ગુરુદેવા ....ટેક.

૧) અડસઠ તીરથ આપ ચરણમે,
ગંગા જમુના જેવા .............જય ગુરુ.

૨) કાશી અયોધ્યા આપ ચરણમે,
ગોકુળ મથુરા જેવા.............જય ગુરુ.

૩) સંત ભક્ત ઋષિમુનિઓ,
કરે આપ શરણની સેવા .......જય ગુરુ.

૪) આપ ચરણ છે મહાન એવા,
સહેજે મળે મોક્ષના મેવા ......જય ગુરુ.

૫) દાસ જન્તીને ચરણે રાખો,
ગુરુ દેવારામ દેવા .............જય ગુરુ.

**<u>ભજન *</u>** (રાગ-કલ્યાણ)

સદ્‌ગુરુ શરણમે આવ્યો તુમ્હારે, દાસ જાણી મને દર્શન દેજો;
સદ્‌ગુરુ શરણમે આવ્યો તુમ્હારે ...ટેક.

૧) અધમ ઓધારણ નામ તુમારા;
ભવસાગર છો તારણહારા ......સદ્‌ગુરુ.

૨) મેં મતિ મૂઢ અતિ ગેમારા;
સદ્‌ગુરુ તમે છો ઘાટ ઘડનારા ...સદ્‌ગુરુ.

૩) બડે બડે ચોર વસે ઘટ અંદર;
આપ નામ સે ભાગે સદંતર ......સદ્‌ગુરુ.

૪) અવગુણ અમારા છે અપારા;
સદ્‌ગુરુ તમે ગુણ ભંડારા ........સદ્‌ગુરુ.

૫) યોગેશ્વરો આપ શરણને ઈચ્છે;
ગુરુકૃપા વિના ગમ ન સૂઝે ......સદ્‌ગુરુ.

૬) શરણ તમારું છે સુખકારી;
દાસ જન્તીને દર્શન દેજો .........સદ્‌ગુરુ.

**<u>ભજન *</u>** ( રાગ- હરિજને માયા હરિને સોંપી )

સજની હવે તો ચાલો રે, સદ્‌ગુરુના દેશમાં;
મોહ નિદ્રાને ત્યાગો રે, સદ્‌ગુરુના દેશમાં .....................ટેક.

૧) પર સંગ હવે પડતો મેલો, મારગ છે ભક્તિનો સહેલો;
સમજી સમજી પગલા મેલો રે, સદ્‌ગુરુના દેશમાં .............સજની.

૨) આડા અવળું નવ જોશો, નહીતર આવો અવસર ખોશો;
સમય વીત્યા પછી રોશો રે, સદ્‌ગુરુના દેશમાં ................સજની.

૩) હવે સજની વિલંબ ન કીજે, ખોટા દિલાસા નવ દીજે;
તો તો મારા સદ્‌ગુરુ રીઝે રે, સદ્‌ગુરુના દેશમાં ...............સજની.

૪) એવું સુખ ગુરુના દેશમાં, અનુભવી સમજે સાનમાં;
શિખામણ કહું છું કાનમાં રે, સદ્‌ગુરુના દેશમાં ...............સજની.

૫) ગુરુ દેવારામે દયા કીધી, અજર અમર પદવી દીધી;
દાસ જન્તી પર કરુણા કીધી રે, સદ્‌ગુરુના દેશમાં ...........સજની.

**<u>ભજન *</u>** (રાગ-મળ્યા હૈયાના હાર)

ધન્ય ધન્ય સદ્‌ગુરુદેવ, આપ્યું પદ તતખેવ;
ધન્ય ધન્ય સદ્‌ગુરુદેવજી.....ટેક.

૧) ભટકેલ મનને પાછું વાળી, આપી નામની ટેકજી;
હર દમેદમ ધ્યાન ધરાવ્યું, કાઢી સર્વ કુટેવ ...............ધન્ય.

૨) બ્રહ્મ અગ્નિ પ્રગટાવી ઘટમાં, બાળ્યું વાસનાનું બીજજી;
જન્મ મરણનો ભય ટાળ્યો, પરખાવ્યું પદ નિજ .........ધન્ય.

૩) અપાર લહેર સદ્‌ગુરુની, જેને વર્ણવે ચાર વેદજી;
દીન દયાળુ દેવાધિ દેવા, મીટાવ્યો સર્વ ભેદ .............ધન્ય.

૪) ઓહંગ અનાદિ અલખ ગુરુનો, થયો નિત્ય સંગજી;
દાસ જન્તીને શરણે રાખ્યો, અંગે પ્રગટ્યો ઉમંગ ........ધન્ય.

**<u>ભજન *</u>** (રાગ-મળિયા હૈયાના હાર)

માની લે ગુરુ એ જ ભગવાન, મટે મનની તાણાવાણ;
માની લે ગુરુ એ જ ભગવાનજી .....ટેક.

૧) ગુરુ ગોવિંદ એકરૂપ છે, એવું સમજી લે નિરધારજી;
શુદ્ધ ભાવે શરણ સેવતા, સમજાય જીવન સાર .............માની લે.

૨) સર્વપરી પદ છે ગુરુનું, જેની સંતો પૂરે શાખજી;
સદ્‌ગુરુની કૃપા થકી, ભાંગે મનની ભ્રાંત ...................માની લે.

૩) છબી નીરખ સદ્‌ગુરુની, ધરી શ્વાસામાં ધ્યાનજી;
સહેજે મન વિરામતા, થાય નિજરૂપની ભાન ...............માની લે.

૪) સદ્‌ગુરુથી આ જગતમાં, કોઈ નથી મહાનજી;
દાસ જન્તી નક્કી કરી લે, દેવારામ ભગવાન ...............માની લે.

**<u>ભજન *</u>** (રાગ-મળિયા હૈયાના હાર)

સદ્‌ગુરુની બલિહારી જેણે, અનેકને લીધા ઉગારી;
ગુરુએ અનેકને લીધા ઉગારી ...........ટેક.

૧) પૂરણ પરમાર્થી સદ્‌ગુરુ બંદા, જેની કરુણા દ્રષ્ટિ સારી;
ભૂલા પડ્યા જીવને પાર ઉતારવા, કરી તન મન ધન કુરબાની ...ગુરુએ.

૨) સત્ય જ્ઞાનનો બોધ આપીને, ભાગ્ય રેખા પલટાવી;
નામ નિશાન નક્કી બતાવી, સુરતા દીધી ઠેરાવી ..................ગુરુએ.

૩) નિજઘટમાં નાથ દિખાવી, ભ્રમણા દીધી ટાળી;
ભવોભવનો ભટકાર મટાડી, સોહં સ્વરૂપે સમાવી ................ગુરુએ.

૪) આવે આનંદ આઠે પો'ર, ભેદ દ્રષ્ટિને ટાળી;
બાહિર ભીતર રમતા રામની, પાકી દીધી નિશાની ................ગુરુએ.

૫) ધન્ય ધન્ય સદ્‌ગુરુ દાતા, ધન્ય કૃપા તમારી;
દેવારામ ગુરુ દયા કરી, જન્તીને લીધો ઉગારી .....................ગુરુએ.

**<u>ભજન *</u>** (રાગ-મળિયા હૈયાના હાર)

પકડ ગુરુ આધાર, મીટે મનનો ભટકાર;
પકડ તું ગુરુ આધારજી ................ટેક.

૧) ગોવિંદ સ્વરૂપ ગુરુને જાણી, લગાવ સુરતાનો તારજી;
હર દમેદમ દર્શન કરી લે, નિજઘટ મોજાર ................પકડ તું.

૨) સદ્‌ગુરુ વિના સર્વ આધાર, અંતે નિરાધારજી;
સદ્‌ગુરુ સદા સહાયક, સૃષ્ટિના સર્જનહાર ................પકડ તું.

૩) સર્વના ઉધ્ધારક સદ્‌ગુરુ, સત મતિ દેનારજી;
મનના સર્વ મેલ ધોઈને, પલમાં ઉતારે પાર ...............પકડ તું.

૪) ગુરુ માતા ગુરુ પિતા, સર્વસ્વ ગુરુરાયજી;
દાસ જન્તી ગુરુ વિના, કોઈ ન કરે સહાય .................પકડ તું.

**<u>ભજન *</u>** (રાગ-મળિયા હૈયાના હાર)

સદ્‌ગુરુદેવ મોરારિ, તમે માનવ બગીચાના માળી;
સદ્‌ગુરુ માનવ બગીચાના માળી ...ટેક.

૧) સત્સંગરૂપી ખેડ કરી, બનાવી ભોમિકા સારી;
સતનામના બીજક વાવી, પાયા પ્રેમના પાણી ..................સદ્‌ગુરુ.

૨) ભક્તિ ભાવનો છોડ ઉગ્યો, વધ્યો બહુ વિસ્તારી;
વિવેક વિચારના ખાતર નાખ્યા, ફાલફૂલ લાગ્યા ભારી ........સદ્‌ગુરુ.

૩) સત કમાઈની સુગંધ બહેકે, ફળ લાગ્યા રસધારી;
પલેપલ ગુરુની રખેવાળી, શોભા બની બહુ સારી ..............સદ્‌ગુરુ.

૪) ધન્ય ધન્ય સદ્‌ગુરુ માળી, ધન્ય કૃપા તમારી;
દાસ જન્તીને ચરણે લીધો, આપ્યું મોક્ષ ફળ ભારી .............સદ્‌ગુરુ.

**<u>ભજન *</u>** (રાગ-મળિયા હૈયાના હાર)

મોક્ષ ગુરુ વિના નહિ મળે, અરે મન શું કરવા આથડે?
મોક્ષ ગુરુ વિના નહિ મળે ......ટેક.

૧) સદ્‌ગુરુ દાતા મોક્ષના, કર્મકાંડે નહિ જડે;
કર્મ કરી કરી થાકી જઈને, વળી ચોરાસીમાં પડે ...............મોક્ષ.

૨) ઉગ્યો સૂરજ પણ જાગ્યા વિના, અજવાળું નહિ અનુભવે;
નિજઘટમાં પ્રગટ જ્યોતિ, ખબર ગુરુ વિના નહિ પડે ........મોક્ષ.

૩) લખ્યા ઔષધ પુસ્તકમાં, ઉપયોગ ન થાય આપ મેળે;
વૈદ વિના ઉપયોગ કરે તો, કાચી કાયા સડે .....................મોક્ષ.

૪) સદ્‌ગુરુનો મહિમા મોટો, ગાય વ્યાસ શુકદેવ બડે;
જ્ઞાનેશ્વર જ્ઞાનેશ્વરી ગીતામાં, ગુરુ મહિમા ગાય પાયે પડે ....મોક્ષ.

૫) દાસ જન્તી જા ગુરુચરણે, તો અવિદ્યા નહિ નડે;
સમર્થ ગુરુના લક્ષ વિના, મોક્ષ તુને નહિ મળે ..................મોક્ષ.

**<u>ભજન *</u>** (રાગ-મળ્યા હૈયાના હાર)

સાચુ મળ્યું નાવ પછી, આપ બળે તરવાનું શું કામ?
જેને સાચું મળ્યું નાવજી .........ટેક.

૧) સમર્થ સદ્‌ગુરુ જેને મળિયા, ભવસાગર મોજારજી;
નામરૂપી નાવમાં બેસાડી, ઉતાર્યા ભવપાર ..............જેને.

૨) જ્ઞાન ભાણ ઉદય થયો, હવે દીવડીનું શું કામજી;
જ્ઞાન પ્રકાશે ઓળખાયો, પ્રગટ આતમરામ .............જેને.

૩) ગુરુ ગોવિંદ પ્રેમે પરખ્યા, નિજ ઘટની માંયજી;
પાષાણમાં તે નવ ભટકે, બાહિર દોડે ન ક્યાંય ..........જેને.

૪) નામ નિશાન નક્કી કરવા, ગુરુશરણે સિધાવજી;
દાસ જન્તી પ્રેમે સેવી લે, દેવારામ ભગવાન ............જેને.

**<u>ભજન *</u>** (રાગ-મળ્યા હૈયાના હાર)

પ્રેમ થકી રિઝાય પ્રભુજી, પ્રેમ થકી રિઝાય;
પ્રભુજી પ્રેમ થકી રિઝાયજી .....ટેક.

૧) ગુરુવચનમાં પ્રેમ રાખી, શબરી નિત્ય ધ્યાન ધરાયજી;
રામજી તેને શોધતા આવ્યા, એના જુઠા બોર ખાય ......પ્રભુજી.

૨) પ્રેમથી ભક્ત વિદુરની, ભાજી પ્રભુજી ખાયજી;
દુર્યોધનના મેવા ત્યાગી, ભાજીથી હરખાય ...............પ્રભુજી.

૩) પ્રેમ થકી સુદામાના તાંદુલ, મોટા મહિમાથી ખાયજી;
દરિદ્ર સર્વ દૂર કરી, સોનમે મો'લ બનાય .................પ્રભુજી.

૪) ગુરુકૃપાથી નામ મળે, નામથી પ્રેમ જગાયજી;
દાસ જન્તી શુદ્ધ પ્રેમે, મળે સદ્‌ગુરુ રાય ...................પ્રભુજી.

**<u>ભજન *</u>** (રાગ-મળિયા હૈયાના હાર)

સત્સંગ સાધન સાર, સમજે તો બેડો પાર;
જગતમાં સત્સંગ સાધન સારજી ...ટેક.

૧) સત્સંગે મન હોય નિર્મળ, છૂટે પ્રપંચ તમામજી;
લાગે રંગ ભક્તિ કેરો, સજે સત્ય વચન શણગાર .........જગતમાં.

૨) જ્ઞાન ધ્યાન આવે આધીનતા, પ્રગટે પ્રેમ તત્કાળજી;
લાગે લગની ગુરુ સ્વરૂપની, થાય મનવો ગુલતાન ......જગતમાં.

૩) હું ને મારું મટે, મટે દેહ અભિમાનજી;
દેહાધ્યાસની છૂટે ગ્રંથિ, ઓળખાય આતમરામ ..........જગતમાં.

૪) સદ્‌ગુરુના સત્સંગ વિના, મટે નહિ ભટકારજી;
દાસ જન્તી સદ્‌ગુરુ છે, સાચા રતનની ખાણ .............જગતમાં.

**<u>ભજન *</u>** (રાગ-મળિયા હૈયાના હાર)

સાચો એ જ ફકીર, જેની સુરતા નામમાં સ્થિર;
સંતો સાચો એ જ ફકીરજી .............ટેક.

૧) કામ ક્રોધનો ભય નહીં, ગર્વમાં ગળે નહિ લગીરજી;
મોહ માયા વ્યાપે નહીં, નહિ મનમાં અધીર .................સંતો.

૨) આઠે પહોર હોય આનંદમાં, નહિ દેહ દશા લગીરજી;
વિપત સમયે વિકળ નહીં, રહે નિજ પ્રેમમાં સ્થિર ...........સંતો.

૩) દમેદમ જપે અજંપા, નિજ સ્વરૂપમાં લવલીનજી;
સુરતા જેની નામ નિશાનેથી, ડગે નહિ લગીર .............સંતો.

૪) જન્મ મરણનો ભય નહીં, નહિ હરખ શોક જરીયજી;
દાસ જન્તી અનહદ પદમાં, રમે એ ફકીર ...................સંતો.

**<u>ભજન *</u>** (રાગ-મળિયા હૈયાના હાર)

સદ્‌ગુરુનું સ્મરણ કરતા, ઉતરે વિષયના ઝેર;
સદ્‌ગુરુ દર્દ નિવારણ દેવજી .....ટેક.

૧) વિષય ઝેર ઉતારવા, કોઈ કરે ગુરુની સેવજી;
સદ્‌ગુરુની કૃપા વિના, મીટે નહિ દુબજા ટેવ ......સદ્‌ગુરુ.

૨) સદ્‌ગુરુ કૃપા કરી, આપે ઔષધ તતખેવજી;
નિરંતર નામમાં સુરતા રાખી, હર દમેદમ સેવ ...સદ્‌ગુરુ.

૩) ઝેર ઉતરેને જોખમ જાવે, મીટે બધી કુટેવજી;
ભવોભવનો ભવરોગ મિટાવે, દયાળુ ગુરુદેવ ...સદ્‌ગુરુ.

૪) તન મન ધન ગુરુને સોંપી, કરી લે નિત્ય સેવજી;
દાસ જન્તી સદ્‌ગુરુ છે, તરણ તારણ દેવ ..........સદ્‌ગુરુ.

**<u>ભજન *</u>** (રાગ-મળ્યા હૈયાના હાર)

સાધુ ભાઈ સમરણથી સુખ આવે, મન બાહિર ક્યું ભટકાવે;
સાધુ ભાઈ સમરણથી સુખ આવે ...ટેક.

૧) ધામ તીરથમાં ભલે ભમે, નામ વિના નેઠે ના'વે;
ફરી ફરી થાકી જઈને, સાચી શ્રદ્ધાને ગુમાવે ..................સાધુ.

૨) સદ્‌ગુરુનું શરણ ગ્રહે તો, શ્વાસાનું સ્મરણ પાવે;
ખરી લગની લગાડી એમાં, મન અંતર્મુખ થાવે ................સાધુ.

૩) સ્મરણથી તો સહેજે સહેજે, શાંતિ પદમાં જાવે;
રોમે રોમે લાગે રણુંકાર, આનંદ હેલી ઉભરાવે .................સાધુ.

૪) સર્વ કલ્પના ત્યારે ટળે, પાપ તાપ મટી જાવે;
ફરી ભવમાં ભટકે નહીં, ગુરુ સ્વરૂપ સમાવે ....................સાધુ.

૫) સમર્થ ગુરુની કૃપા થકી, સમરણ સિદ્ધ થાવે;
દેવારામ ગુરુનો બાલકો, દાસ જન્તી ગુણ ગાવે ................સાધુ.

**<u>ભજન *</u>** (રાગ-મળિયા હૈયાના હાર)

પ્રગટ્યા સદ્‌ગુરુ શ્યામ, દયાળુ દેવારામ;

પ્રગટ્યા સદ્‌ગુરુ શ્યામજી ...ટેક.

૧) શામજીબાપાને કમરમાતા, ધર્મ દંપતી મહાનજી;
તેના દ્વારે આવ્યા, ધર્યું નામ દેવારામ .......................પ્રગટ્યા.

૨) જ્ઞાનસાગર ગુણ ભંડાર, મૂર્તિ દીસે મહાનજી;
સૌમ્ય મૂર્તિ સુંદર ઘણી, વર્ણ જેનો ઘનશ્યામ ..............પ્રગટ્યા.

૩) અભયપદ ઓળખાવવા, આવ્યા સુંદર શ્યામજી;
મહાયોગી બ્રહ્મરસ ભોગી, આપે પૂરણ રામ .............પ્રગટ્યા.

૪) આ અવનીમાં ભલે પધાર્યા, ભવતારણ ભગવાનજી;
દાસ જન્તીના નાથ પધાર્યા, સદ્‌ગુરુ દેવારામ ...........પ્રગટ્યા.

**<u>ભજન *</u>** (રાગ-મળિયા હૈયાના હાર)

ધન્ય ધન્ય સદ્‌ગુરુ શ્યામ, દયાળુ દેવારામ;

ધન્ય ધન્ય સદ્‌ગુરુ શ્યામજી ............ટેક.

૧) ભેડા પીપળિયા ધામ બનાવ્યું, સંતો લિયે વિશ્રામજી;
જ્ઞાનધારા અખંડ ચાલે, સદ્‌ગુરુના ધામ .................ધન્ય ધન્ય.

૨) મીઠો આવકાર મીઠી વાણી, કરુણાના ભંડારજી;
શરણે આવ્યાનો કરે ઉગારો, પૂરે હૈયાની હામ ...........ધન્ય ધન્ય.

૩) જ્ઞાનસાગર અખંડ ઉજાગર, નિજ સ્વરૂપમાં ધ્યાનજી;
અખંડ અજંપા જાપમાં, આઠે પહોર ગુલતાન ............ધન્ય ધન્ય.

૪) બાર બીજના ઉત્સવમાંહી, માનવ મેળો ભરાયજી;
દેવસભા સુંદર દીસે, સદ્‌ગુરુને દ્વાર .........................ધન્ય ધન્ય.

૫) મનોહર મૂર્તિ સોહામણી, વર્ણ જેનો ઘનશ્યામજી;
જન્તીના નાથના દર્શન કરતા, આનંદ અંગે ન માંય ......ધન્ય ધન્ય.

**<u>ભજન</u> *** (રાગ-મળિયા હૈયાના હાર)

પ્રગટ્યા લાભેશ્વર યોગી, ભક્તિ ભાવના ભોગી;
પ્રગટ્યા લાભેશ્વર યોગી .....ટેક.

૧) શુદ્ધ જ્ઞાન સમજાવવા, આવ્યા મહાયોગી;
પરમાર્થ કરવા પ્રગટ્યા, મહાપુરુષ વિજોગી ...........પ્રગટ્યા.

૨) અજ્ઞાન અંધકાર હણવા, પ્રગટી જ્ઞાન જ્યોતિ;
સ્વાતિ બુંદની ચડી વાદળી, વરસે સાચા મોતી .........પ્રગટ્યા.

૩) જિજ્ઞાસુ હંસ ચણશે, શબ્દ સ્વરૂપી મોતી;
ધન્ય ભાગ્ય એ હંસના, જેણે અગમની ગમ ગોતી .....પ્રગટ્યા.

૪) સચ્ચિદાનંદ સ્વરૂપ પોતે, આદિ અનાદિના યોગી;
દાસ જન્તીના નાથ પધાર્યા, ભે ભવની ભાંગી .........પ્રગટ્યા.

**<u>ભજન</u> *** (રાગ-અમારો મન હર લિયો)

સંત ભૂમિ સૌરાષ્ટ્રની, તરઘરી નામે ગામ;
પુરુષોત્તમ માસે પ્રગટ્યા, ગુરુ લાભેશ્વરનાથ ...............ટેક.

૧) અખંડ ભાણનો ઉદય થયો, થયો અંધકારનો નાશ;
ઘટોઘટમાં પ્રગટાવી, જ્ઞાન જ્યોત અપાર ....................સંત ભૂમિ.

૨) ધન્ય ભાગ્ય એ હંસના, જેને મળ્યા લાભેશ્વરનાથ;
માનવ જન્મમાં એ કમાણા, જેનો ગુરુએ ગ્રહ્યો હાથ .......સંત ભૂમિ.

૩) ગુરુના ગુણ શું ગાઈએ? જેનો ગાતા ન આવે પાર;
પૂરણ પરમાર્થી સદ્ગુરુ, જેણે કૃપા કરી અપાર .............સંત ભૂમિ.

૪) અનંત ઉપકાર છે તેહનો, લીધી અનેક હંસની સંભાળ;
દેહ દમીને દીધા વાલે, સતજ્ઞાનના દાન .....................સંત ભૂમિ.

૫) ધન્ય ગુરુ લાભેશ્વરા, ધન્ય ધન્ય તમ અવતાર;
દાસ જન્તીના સ્વામી, ત્રિભોવન કિરતાર ...................સંત ભૂમિ.

**ભજન ***

અમારો મન હર લિયો, સદ્‌ગુરુ દેવારામ;
મૂર્તિ અતિ સુંદર ભારી, દેખી દિલ ઊભરાય .........ટેક.

૧) સુરવાલ શોભે કફની માથે, બંડી ઠાઠમ ઠાઠ;
ડોકમાં માળા ઝળહળેને, તિલક શોભે લલાટ .......અમારો.

૨) ખંભે ટુવાલ શોભતો ને, શીર પર ટોપી લગાય;
જાણે પૂનમનો ચંદ્ર ખીલ્યો, તેજ તણો નહિ પાર .....અમારો.

૩) અડગ આસન ધારી વાલો, મુખે વહેતી ગંગધાર;
પાવન કીધા દિલ અમારા, અલખ ધણી કિરતાર ...અમારો.

૪) હું ને મારાનો ભેદ ટાળી, દિયા અભેદ જ્ઞાન;
સુરતા સાંધી શબ્દમાં ને, લગાયો હે ધ્યાન ..........અમારો.

૫) દયા કરી દયાળુએ, દિયો હે દીદાર;
દાસ જન્તીને સમાવી લીધો, શરણની મોજાર .......અમારો.

**ભજન *** (રાગ-અમારો મન હર લિયો)

હોકો ગુરુ ઉગારામનો, પીવે ચતુર સુજાણ;
સોનલમાએ ભર્યો પ્રેમથી, લિજ્જત અપરંપાર ....ટેક.

૧) દમનો હોકો સુરત નળી, જરદો તત્ત્વ સાર;
ગુરુગમથી ઘૂંટ લેતા, ચડે નશો અપાર ...............હોકો.

૨) એ નશાની ખુમારીમાં, ભૂલાય દેહનું ભાન;
પ્રપંચ સર્વ પરહરે ને, પ્રગટે આતમ જ્ઞાન ............હોકો.

૩) પ્રથમ પુંજલપીરે પીધો, પીધો હરજીવનરામ;
ઉગમ ફોજમાં અનેકે પીધો, પામ્યા સદ્‌ગુરુ દ્વાર ....હોકો.

૪) આ હોકો પીધા વિના, જીવન છે નકામ;
પ્રેમે કરીને જેણે પીધો, આનંદ અપરંપાર ............હોકો.

૫) દાસ જન્તી પર દયા કીધી, હોકો આવ્યો હાથ;
ગુરુ દેવારામે પ્રેમે પાયો, લહેર અપરંપાર ...........હોકો.

## ભજન *

ધન્ય ધન્ય દેવારામ સંત, તમારી કળા છે અનંત;
ધન્ય ધન્ય દેવારામ સંતજી ...........ટેક.

૧) પરમ વૈરાગી અખંડ આનંદી, સદ્‌ગુરુમાં લાગ્યો તંતજી;
અખંડ વરસે જ્ઞાનધારા, એમાં નહાય પ્રેમી હંસ .................ધન્ય ધન્ય.

૨) આપ સ્વાર્થ દૂર કર્યો, પરમાર્થમાં ખંતજી;
શરણે આવ્યાનો કરે ઉગારો, વાલો દેવે પદ અભંગ ............. ધન્ય ધન્ય.

૩) સર્વને સમાન ગણે, નહિ કદી મન ભંગજી;
સત્ય અનુભવ જ્ઞાનથી, લગાડે પોતાનો રંગ ..................... ધન્ય ધન્ય.

૪) દીન દયાળુ સદ્‌ગુરુ દાતા, ગુણ ગાતા ન આવે અંતજી;
દાસ જન્તીના તારણહારા, આપે પોતે ભગવંત .................. ધન્ય ધન્ય.

## ભજન *

ધન્ય ધન્ય ગંગામાત, તમારી ધારણા અગાધ;
ધન્ય ધન્ય ગંગામાતજી ....ટેક.

૧) કીધો ગૃહસ્થાશ્રમ દેવારામથી, ભક્તિ કરવા કાજજી;
સેવા કરી સાચા ભાવથી, સજ્યો ભક્તિનો સાજ ...........ધન્ય ધન્ય.

૨) સુખ દુઃખમાં સમતા રાખી, હૈયે રાખી હામજી;
કૃપાપાત્ર બની પોતે, પામ્યા ગુરુગમ જ્ઞાન .................ધન્ય ધન્ય.

૩) દીક્ષા પામ્યા ગુરુ ઉગમથી, કરેલ પ્રેમનું પાનજી;
સોહં સાધ્યો સ્નેહથી, સુરતા રહી સતનામ ..................ધન્ય ધન્ય.

૪) સાંઈઠ વર્ષની સેવા ભક્તિ, અખંડ નીમ પાળેલજી;
ઉગમ પુંજલ હરજીવનરામને, ભાવથી સેવેલ ..............ધન્ય ધન્ય.

૫) આંગણે આવે અતિથિ, તેને પ્રભુરૂપ માનેલજી;
શુદ્ધ હૃદયના ભાવથી, સર્વના મનને જીતેલ ................ધન્ય ધન્ય.

૬) કર્મ યોગે આવ્યું દેહ દુઃખ, પણ જરાય નહિ ડગેલજી;
સજ્જન ચૂકવે દેવું ભાવથી, તેમ દુઃખને માનેલ ............ધન્ય ધન્ય.

૭) તેર વર્ષની બિમારીમાં, સ્મરણમાં ચિત્ત ધરેલજી;
પ્રપંચ સર્વ દૂર કરીને, ધીરજ ધારણા ધરેલ ..................ધન્ય ધન્ય.

૮) સંવત બેહજાર અડતાલીસ, પોષ વદ ત્રીજને બુધવારજી;
સવારે છ વાગ્યે ગુરુશરણમાં, સમાયા માત ગંગેવ ........ધન્ય ધન્ય.

૯) મહાસતી સુલક્ષણા, જેણે જીવન મંત્ર શીખવેલજી;
દાસ જન્તીના તારણહારા, ધન્ય ધન્ય માત ગંગેવ ..........ધન્ય ધન્ય.

**<u>ભજન *</u>** (રાગ-મરજીવા રસ માણે)

સત્યની વણજ કરજો ભાઈ, અવસર આવ્યો મોંઘો હે જી;
ભૂલ ખાધી તો પસ્તાવું પડશે, રહેશે જમનો ધોખો .............ટેક.

૧) કર્મકાંડની પંચાત મેલો, જાપ અજંપાનો ચોખ્ખો હે જી;
ભાવ રાખી ભજી લેજો, લક્ષ છે અનોખો ભાઈ ..................અવસર.

૨) બાહિર વણજ કરતી વરતી, એને નામમાં રોકો હે જી;
હરદમ વણજ કરો નિજ નામની, મટે જમનો ધોખો ભાઈ ......અવસર.

૩) દરિદ્રતા ટળે જન્મો જન્મની, આનંદ પ્રગટે અનોખો હે જી;
મહામોજ ગુરુના ઘરની, દિલમાં દીદાર દેખો ભાઈ ............અવસર.

૪) ગુરુ દેવારામે દયા દાખવી, બદલી ભાગ્યની રેખો હે જી;
દાસ જન્તીને ઉરમાં લીધો, બોધ બ્રહ્મનો દીધો ભાઈ ............અવસર.

**<u>ભજન *</u>** (રાગ-મરજીવા રસ માણે)

મનુષ્ય દેહ પદારથ મળ્યો, ભજન કરવા માટે હે જી;
સદ્‌ગુરુનું શરણ ગ્રહી લ્યો, ભલે મળે શીશને સાટે ................ટેક.

૧) ગુરુ મૂર્તિ ઘટમાં પધરાવો, મટે પ્રપંચ ઝપાટે હે જી;
મહામંત્ર નિત્ય ઉચ્ચારો, હરદમ શ્વાસો શ્વાસે ભાઈ .............ભજન.

૨) આ દેહ તો ક્ષણભંગુર છે, વણસી જાશે વાટે હે જી;
મનની તો મનમાં રહેશે, પછી પસ્તાવો થાશે ભાઈ .............ભજન.

૩) સત્ય ભજનની સાચી કમાણી, ભવોભવ આવે સાથે હે જી;
ધનની પોટલી પડી રહેશે, પાપની રહેશે માથે ભાઈ ............ભજન.

૪) સોહં શબ્દમાં સુરતા રાખો, ગુરુ સ્વરૂપની સાથે હે જી;
દાસ જન્તી ગુરુકૃપાથી, વધાઈ મોક્ષની વાગે ભાઈ ..............ભજન.

**<u>ભજન *</u>** (રાગ-મરજીવા રસ માણે)

વિષય રસમાં મનડું મોહ્યું, તે રહ્યા સત્યથી ન્યારા હે જી .........ટેક.

૧) પંચ વિષય અતિ નઠારા, પાન કરે મન પ્યારા હે જી;
વિષય નશામાં ભાન ભૂલીને, અવળા પંથે અથડાયા ભાઈ .....તે રહ્યા.

૨) મૂળ દિશા ભ્રમમાં ભૂલ્યા, લીધા પંથ કાંટાળા હે જી;
કાંટાળા વનમાં ભૂલ્યા ભમે છે, કોણ મળે દોરનારા ભાઈ .......તે રહ્યા.

૩) અવળા માર્ગે અવળું સૂઝે, કોણ બૂજે ભેદ સારા હે જી;
ગુરુ વિના ભૂલ્યા જીવને, નહિ ઉગરવાના આરા ભાઈ ..........તે રહ્યા.

૪) સદ્‌ગુરુ સંગ જેને મળ્યો, એ જીવના નીસ્તારા હે જી;
દાસ જન્તી આદિ અનાદિ, સદ્‌ગુરુ તારણહારા ભાઈ ............તે રહ્યા.

**<u>ભજન *</u>** (રાગ-મરજીવા રસ માણે)

શું રે ગુણ વખાણું ગુરુના? શું રે ગુણ વખાણું? હે જી;
મતિ મંદ અબુધ અજ્ઞાની, ગુરુગુણને શું જાણું .............ટેક.

૧) સદ્‌ગુરુની કૃપા વિના, ઉકલે નહિ ઉખાણું હે જી;
સદ્‌ગુરુ કૃપા કરે તો, જડે ઉગરવાનું બારું ..................ગુરુના.

૨) ગંગા યમુના પાપ ધોવે, મન રહી જાય ન્યારું હે જી;
સદ્‌ગુરુ મન ધોઈને, આપે અભય પદ સારું ................ગુરુના.

૩) મન બુદ્ધિ ને અહંકાર, ચિત્ત શુદ્ધિ સારું હે જી;
ગુરુની જ્ઞાનગંગામાં ના'તા, વિષય વમળ ટળનારું ........ગુરુના.

૪) કરોડો કલ્પવૃક્ષ કરતા, ગુરુ અધિક વખાણું હે જી;
કલ્પનાતીત કરે સદ્‌ગુરુ, એવો મહિમા જાણું ................ગુરુના.

૫) સદ્‌ગુરુના શરણમાંહી, સર્વ તીર્થ જાણું હે જી;
ભાવે પ્રેમે શરણ સેવતા, ભવ બંધનને ટાળું ..................ગુરુના.

૬) સદ્‌ગુરુ સંત જેને મળિયા, એના ભાગ્ય વખાણું હે જી;
દાસ જન્તી ગુરુશરણમાં, તન મન ધન ઓવારું ............ગુરુના.

**<u>ભજન *</u>** (રાગ-મરજીવા રસ માણે)

આસન પદમા વાળો ભાઈ, ધ્યાન ગુરુનું ધારો હે જી ..........ટેક.

૧) ગુરુ મૂર્તિ સુરતામાં લાવી, હૃદય મંદિર પધરાવો હે જી;
પ્રેમે ભાવે પૂજા કરીને, સમરણમાં ચિત્ત ધારો ભાઈ ............ધ્યાન.

૨) પડે ટંકશાળ શબ્દની શૂનમાં, મનને તેમાં વાળો હે જી;
જપી જાપ અખંડ અજંપા, સંકલ્પને ટાળો ભાઈ ................ધ્યાન.

૩) ધીરે ધીરે અભ્યાસ વધારો, આનંદ આવે અનેરો હે જી;
સદ્‌ગુરુના દીદાર પામી, મટી જાવે અંધીયારો ભાઈ ............ધ્યાન.

૪) ઘણી ઘણી કૃપા સદ્‌ગુરુદેવની, મહિમા અનંત અપારો હે જી;
દાસ જન્તી દેવારામ દયાથી, નક્કી થયો નિસ્તારો ભાઈ .......ધ્યાન.

**<u>ભજન *</u>** (રાગ-મરજીવા રસ માણે)

આનંદ ઘર સદ્‌ગુરુએ બતાવ્યું, હવે શીદને ફરો છો બા'રા હે જી .........ટેક.

૧) આનંદમાં સુવો આનંદમાં જાગો, આનંદમાં કરો વ્યવહારા હે જી;
આનંદમાં આવો આનંદમાં જાવો, આનંદમાં રહો નિરધારા ..............હવે.

૨) આનંદમાં ખાવો આનંદમાં પીવો, આનંદમાં બોલ બોલો સારા હે જી;
આનંદથી આનંદમાં રહો, આનંદરૂપ તમારા .................................હવે.

૩) આનંદમાં સર્વ સુખ છે, સમજે સમજણહારા હે જી;
બીના આનંદ દુઃખ ઉપજે, હોય કલેશ અપારા ...............................હવે.

૪) ઘણી ઘણી કૃપા સદ્‌ગુરુની, આપ્યા આનંદ અપારા હે જી;
દાસ જન્તી એ આનંદમાં, દેખ્યા દેવ ઉજિયારા ..............................હવે.

**<u>ભજન *</u>** (રાગ- તને મળ્યો મનુષ્ય અવતાર)

ધન્ય ધન્ય સદ્‌ગુરુ બાળ વર્તમાન પાળે, કદી દિલની માંય આળસ ન આણે;
ધરે દમેદમ ધ્યાન નાભિ નિશાને, તે પામે પદ નિર્વાણ .......................ટેક.

૧) અનેક વાતો પરહરીને, ધરે સદ્‌ગુરુનું ધ્યાન;
દુર્વાસના દૂર કરીને, ખેલે ભક્તિ મેદાન,શૂરવીર શાણા...................... ધન્ય

૨) લક્ષ કદી ચૂકે નહીં, આઠે પો'ર હોશિયાર;
અનેક વિધ વિષયમાંહી, ભટકતું મન,પાછું વાળે............................ ધન્ય

૩) કદી ન ભૂલે ભાવ ગુરુનો, આવરણ આવે અપાર;
દ્રઢ વિશ્વાસ ગુરુ સ્વરૂપનો, તે ભટકે નહિ ક્યાંય,ખોટા ચાળે............... ધન્ય

૪) વર્તમાન જે પાળે નહિ ને, વાતોમાં હોશિયાર;
દાસ જન્તી ઝડપી લેશે, એક પળમાં કાળ, ચોરાસી ખાણે................... ધન્ય

**<u>ભજન *</u>** ( રાગ- તને મળ્યો મનુષ્ય અવતાર )

હરિજન રે'જો હોશિયાર, કાયરતા મેલી,
સમજો સંતની સાન, શિખામણ સહેલી, તો પામો પદ નિર્વાણ...............ટેક

૧) પારખ બની વચન પારખજો, તજી તાણાવાણ;
કિંમત ચૂકવજો પૂરેપૂરી, હૈયે નવ રહે હાણ, સત ભજનમાં...................હરિજન

૨) પાછો પગ તો કદી ન ભરવો, ધરવું ગુરુનું ધ્યાન;
લાગે રંગ ભક્તિ કેરો, મીટે માન અપમાન, સહેજે અંતરમાં..................હરિજન

૩) અંતર ઉજળું તો સૂઝે સઘળું, આંટી છૂટે તમામ;
અવિનાશી તો દિલમાં દર્શે, વરસે નિર્મળ નીર, જ્ઞાનગંગાના................હરિજન

૪) ગુરુ દેવારામે દયા કરી, અંતર પ્રગટી લે'ર;
દાસ જન્તીએ સમજણ લીધી, થઈ અલખ ધણીની મે'ર, મુજ રંક ઉપરે....હરિજન

**<u>ભજન *</u>** (રાગ- તને મળ્યો મનુષ્ય અવતાર)

કરો સદ્‌ગુરુનો સંગ, સદા સદભાવે;
લાગે ભક્તિનો રંગ, આવરણ નો આવે, જેને સદ્‌ગુરુનો સંગ...........ટેક

૧) સત્સંગમાં જે શૂરા, ભજનમાં ભરપૂર;
નિત્ય ધ્યાન ગુરુ સ્વરૂપનું, સંશય થાય દૂર, કબુદ્ધિ ન આવે. ............કરો.

૨) લાગી લગની એક જ નામની, આનંદ પ્રગટ્યો ઉર;
રોમે રોમે લાગ્યો રણુંકાર, પ્રગટ્યો અનુભવ સૂર, અજ્ઞાન જાવે..........કરો.

૩) સદ્‌ગુરુ સાને જેહી સમજ્યા, ભટકે નહિ તે દૂર;
ગુરુ ગોવિંદ એકરૂપ જાણી, રહે ભાવે ભરપૂર, એક નામ નિશાને.......કરો.

૪) અનાદિ બ્રહ્મ આપમાં ખેલે, નહિ જરાય દૂર;
દાસ જન્તી તેને સેવી લે, હરદમ હાલ હજૂર, સદા દિલ ભાવે............કરો.

**<u>ભજન *</u>** (રાગ- તને મળ્યો મનુષ્ય અવતાર)

રહે નિત આનંદ માંય ગુરુકૃપાએ, હર દમેદમની માંય તાર લગાવે;
નિજ નિજાનંદ માંય અખંડ રહેવે, શાંતિ પદની માંય............................ટેક.

૧) હરખ શોક નહિ કદીએ, નહિ કામ ને ક્રોધ;
લોભ મોહ ગર્વ નહીં, નહિ દેહ અભિમાન,જરા મનમાંહી.....................રહે

૨) ઘાટ ખોવે અઘાટ જોવે, દેખે સર્વ દીદાર;
વ્યષ્ટિરૂપ મટી જઈને, સમષ્ટિમાં સમાય, નિજરૂપ ધ્યાને.........................રહે

૩) સાચું સુખ તેજ માણે, જે બ્રહ્મ સાયરમાં સમાય;
નદીઓ તો સુકાઈ જાય છે, સાયર નહિ સુકાય, અવિચળ સદાઈ..............રહે

૪) સદ્‌ગુરુની સાન સમજી, રહેવું નામે સમાય;
દાસ જન્તી ગુરુકૃપાથી, નિજ નિજાનંદ માંય, અખંડ સુખ થાયે................રહે

**ભજન *** (રાગ-તારા ઘટમાં પીયુ બિરાજે)

આ અવસર તુજને મળ્યો, બની જાને ચકચૂર;

મનવા પરખી લે પદ અમૂલ ....ટેક.

૧) વિષય સુખમાં ખોટો મોહ્યો, એ જ થઈ છે ભૂલ;
વણસતા એને વાર ન લાગે, જેમ કરમાય જાય ફૂલ .........મનવા.

૨) મનુષ્ય દેહ હીરા પદારથ, મોંઘા એના મૂલ;
સદ્‌ગુરુની સમજણ વિના, કેસર મળી ગયું ધૂળ ............મનવા.

૩) હજી સમજી ગુરુ સેવી લે, આપે મુક્તિ અમૂલ;
સહેજે ભાઈ નિજાનંદમાં, થાય મન ચકચૂર ..................મનવા.

૪) સમર્થ ગુરુએ કૃપા કરી, ગઈ ભવોભવની ભૂલ;
દાસ જન્તીને આનંદ ઘણેરો, લીધો લહાવો અમૂલ ..........મનવા.

**ભજન *** (રાગ-તારા ઘટમાં પીયુ બિરાજે)

સમર્થ સદ્‌ગુરુ અમને મળિયા, ભવની ભાવટ ગઈ;

મનવા લે લે લહાવો લઈ ...ટેક.

૧) દેહ ઇન્દ્રિય વિષય બંધન, ગુરુ બિન તૂટે નઈ;
ગુરુ મિલે તો સાન બતાવે, આવરણ આવે નઈ ..........મનવા.

૨) નિર્ભય પદ ગુરુએ આપ્યું, કાળની ફિકર ગઈ;
જન્મો જન્મના બંધન તૂટ્યા, જીવન મુક્તિ થઈ ..........મનવા.

૩) પર ઉપકારી સદ્‌ગુરુ મેરા, કૃપા એની થઈ;
મુક્તરૂપ જાણ્યું મારું, હવે ભુલાય નઈ ...................મનવા.

૪) આદિ અંત મધ્યમાંહી, ગુરુ બિન સહાયક નઈ;
દાસ જન્તી સદ્‌ગુરુ વિના, ફેરો ફાવે નઈ .................મનવા.

**<u>ભજન *</u>** (રાગ- મોંઘો મનુષ્ય દેહ ફરી ફરીને)

ગુરુ મળે તો જ્ઞાન બતાવે, સુરતા નિશાને ચડે;
મૂરખ મન, ગુરુ વિના ગમ નહિ પડે ..................ટેક.

૧) ઉન માર્ગે બહુ અથડાયા, દ્રશ્યમાં ભૂલ્યા ભમે;
દ્રશ્યને જે દર્શન માને, અર્થ ક્યાંથી સરે ................મૂરખ મન

૨) દ્રષ્ટા દ્રશ્ય સમાય જેમાં, તે દર્શન સાચું ઠરે;
વિગત વિચારો સદ્‌ગુરુથી, સ્વરૂપ સાચું જડે .........મૂરખ મન

૩) સત્ય સ્વરૂપ જે અનાદિ, ગુરુ મળે તો જડે;
આપ મતે અથડાય રહે, તેને શુદ્ધ મારગ નહિ જડે ...મૂરખ મન

૪) બ્રહ્મ જ્ઞાની સદ્‌ગુરુ મળ્યા, લક્ષ્ય બાંધ્યું ઘડે;
દાસ જન્તી દેવારામ કૃપાથી, મૂળ સ્વરૂપમાં મળે .....મૂરખ મન

**<u>ભજન *</u>** (રાગ- મોંઘો મનુષ્ય દેહ ફરી ફરીને)

દરજી સદ્‌ગુરુ ડાયા, મેરા ખલકા ખૂબ બનાયા;
એવા દરજી સદ્‌ગુરુ ડાયા ............ટેક.

૧) વૃત્તિરૂપી કાપડ તાકા, સદ્‌ગુરુને અરપાયા;
સતજ્ઞાનની કાતર લઈને, અજ્ઞાન ભાગ કટાયા ..............એવા દરજી.

૨) સદભાવના સંચા ઉપર, સુરત દોર લગાયા;
સૂક્ષ્મદ્રષ્ટિ સોયથી, એકતાર સિલાઈ કરાયા ....................એવા દરજી.

૩) નૂરત નામ નિશાન ઉપર, સુરત સતારા ટંકાયા;
શીલ સંતોષ જ્ઞાન વૈરાગ્યના, વિધ વિધ બુટ્ટા ભરાયા .........એવા દરજી.

૪) સરખે માપો માપ રાખી, નહિ વધ ઘટ ભાવ કરાયા;
સુંદર કળા સદ્‌ગુરુ શ્યામની, દેખી દિલ હરખાયા .............એવા દરજી.

૫) અજબ કારીગર અમને મળ્યા, અજબ કળા બતાયા;
દેવારામ ગુરુ દરજીએ, જન્તીના ખલકા બનાયા ..............એવા દરજી.

**<u>ભજન *</u>** (રાગ - જય માધવ મદન મુરારિ)

જગતમાં સંત શરણ સુખદાઈ, જેના વેદ વિમલ જશ ગાઈ;
જગતમાં સંત શરણ સુખદાઈ ...ટેક.

૧) સદ્‌ગુરુ સંતના શરણ સેવતા, અડસઠ તીરથ થાઈ;
નિર્મળ એની જ્ઞાનગંગામાં, મનનો મેલ ધોવાઈ ............જગતમાં

૨) સંત દર્શનમાં સુખ ઘણેરું, ત્રિવિધિ તાપ બુઝાઈ;
કામ ક્રોધ મોહ મદ, સંત કૃપાએ મિટાઈ ......................જગતમાં.

૩) સંત પોતે પ્રભુ સ્વરૂપ છે, મહિમા જો સમજાઈ;
તન મન ધનથી સેવા કરતા, પાપ પરલે થાઈ ................જગતમાં.

૪) સદ્‌ગુરુ સંતની સેવા થકી, નિજ સ્વરૂપ ઓળખાઈ;
દાસ જન્તી ગુરુશરણમાં, પ્રેમે જાની સમાઈ .................જગતમાં.

**<u>ભજન *</u>** (રાગ - જય માધવ મદન મુરારિ)

ગુરુચરણે જાવું વારી, ગુરુચરણ કી બલિહારી;
ગુરુના ચરણે જાવું વારી ...ટેક.

૧) ગુરુ દર્શન છે સુખકારી, મૂર્તિ પાવનકારી;
તન મન ધનથી સેવા કરતા, દિયે દુબજા ટાળી ........ગુરુના.

૨) દોષ ભરેલો દાસ ભલે હોય, હોય અબુધ અજ્ઞાની;
કૃપા સાગર સદ્‌ગુરુદેવ છે, શરણે દિયે સમાવી ........ગુરુના.

૩) મોટું રૂપ સદ્‌ગુરુદેવનું, વેદ પુરાણ વખાણી;
સાયરથી મોટો બ્રહ્મસાયર છે, સર્વ તેમાં સમાઈ ........ગુરુના.

૪) દાસ છું ગુરુદેવ તમારો, તમે કૃપાસિંધુ મોરારિ;
કર જોડી દાસ જન્તી વિનવે, લીજીએ પાર ઉતારી .....ગુરુના.

## ભજન*

સદ્‌ગુરુ વિના ભવજલ કોન તારે, ભવજલ કોન તારે;
સદ્‌ગુરુ વિના ભવજલ કોન તારે .....ટેક.

૧) ભવસિંધુ અગાધ ભરિયો, જોતા મન ડરે ................સદ્‌ગુરુ વિના.
૨) ભવ તરવાનું સાધન નામ છે, સદ્‌ગુરુ સાન કરે ........સદ્‌ગુરુ વિના.
૩) નામ નાવમાં ગુરુ બેસાડે, સુકાની પોતે બને ...........સદ્‌ગુરુ વિના.
૪) મોહ મદરૂપી મગરમચ્છ ત્રાસથી, સદ્‌ગુરુ મુક્ત કરે ...સદ્‌ગુરુ વિના.
૫) મોક્ષપદના કિનારે ઉતારી, સદા નિર્ભય કરે .............સદ્‌ગુરુ વિના.
૬) દેવારામ ગુરુની પુરણ દયાથી, ભવસિંધુ જન્તી તરે ....સદ્‌ગુરુ વિના.

## ભજન*

સદ્‌ગુરુ વિના કોન સહાય કરે, કોન સહાય કરે;
સદ્‌ગુરુ વિના કોન સહાય કરે ...........ટેક.

૧) ભ્રમણાના વનમાં ભૂલા પડ્યા જીવનો, કોણ હાથ પકડે ...સદ્‌ગુરુ વિના.
૨) સદ્‌ગુરુ સદ્‌બોધ કરીને, વરતી સ્થિર કરે .....................સદ્‌ગુરુ વિના.
૩) મનના ઉઠતા અનેક વમળોના, આવરણ દૂર કરે ...........સદ્‌ગુરુ વિના.
૪) સોહંપદમાં સદા સ્થાપી, કર્મથી મુક્ત કરે ....................સદ્‌ગુરુ વિના.
૫) કૃપા સાગર સદ્‌ગુરુદેવ છે, પલપલ સહાય કરે .............સદ્‌ગુરુ વિના.
૬) દેવારામ ગુરુ દયા કરીને, જન્તીને ન્યાલ કરે .................સદ્‌ગુરુ વિના.

**<u>ભજન*</u> - <u>(રાગ-શિવરંજની અથવા સંધ્યા)</u>**

ચરણે લ્યો ગુરુ ચરણે લ્યો, દયા કરી ગુરુ ચરણે લ્યો ...............ટેક.

૧) સર્વ તીરથ આપ ચરણમાં, એવો આપ ચરણનો મહિમા;
એ ચરણની સેવા દિયો ..............ગુરુ ચરણે.

૨) જે જન આવે આપ ચરણમાં, ભવજલ તરે એક પલમાં;
તેને મોક્ષ કિનારો આવી ગયો .......ગુરુ ચરણે.

૩) જ્ઞાનગંગા વહે આપ ચરણમાં, મન શુદ્ધ કરે સહજમાં;
એ ગંગામાં નવડાવી દિયો ...........ગુરુ ચરણે.

૪) અવગુણ કોઈ ન રહે અંગમાં, પાપ ધોવાઈ જાય પલમાં;
એ જન સદા નિર્મળ થયો .............ગુરુ ચરણે.

૫) સાચું સુખ તમ ચરણમાં, ન આવે વાણી વર્ણનમાં;
જન્તીને ચરણે સમાવી લિયો .........ગુરુ ચરણે.

**<u>ભજન*</u> - <u>(રાગ-શિવરંજની અથવા સંધ્યા)</u>**

દર્શન દિયો ગુરુ દર્શન દિયો, દાસ જાણી ગુરુ દર્શન દિયો ...ટેક.

૧) દયાળુ ગુરુદેવ મોરારિ, માફ કરો ભૂલ અમારી;
બાળક જાણી ચરણમાં લિયો ...ગુરુ દર્શન.

૨) ઘણાં જન્મથી ભટકત ભારી, ચલિત થઈ છે વૃત્તિ અમારી;
એ વૃત્તિને સુધારી દિયો ........ગુરુ દર્શન.

૩) દર્શન તમારું છે સુખકારી, કહે છે વેદ પુરાણ પોકારી;
સદા સુરતામાં હાજર રિયો ....ગુરુ દર્શન.

૪) નિત્ય રહે સંગત તમારી, સમરણ સેવા લાગે પ્યારી;
એવી ગુરુ કૃપા કરી દિયો ......ગુરુ દર્શન.

૫) તમે છો ગુરુ કરુણાસિંધુ, દાસ જન્તી એક નાનું બિંદુ;
આપ ચરણે વિશ્રામ દિયો ......ગુરુ દર્શન.

**<u>ભજન *</u>**

ઉગમ ગુરુ અવતારી, જેના ગુણ અપરંપારી;
એવા ઉગમ ગુરુ અવતારી .........ટેક.

૧) ભારત દેશમાં આપે પ્રગટ્યા, ગઢ બાંદરાની માંહી;
પૂર્વની પ્રીતે અનાદિની રીતે, અનેક હંસને ઉગારી ......એવા.

૨) મંગલ મૂર્તિ પાવનકારી, દયા સ્વરૂપ દર્શાણી;
સોનલમાતા સંગે નિહાળી, આનંદ લહેર ઉભરાણી ....એવા.

૩) નિરાભિમાની અખંડ આનંદી, મૂર્તિ અતિ નિરાલી;
જ્ઞાન ધારા અખંડ વહે, સ્વાતિ બિંદુ પાણી ................એવા.

૪) તે બિંદુના મોતી પાક્યા, પાક્યા અપરંપારી;
મૂલ એના ઘણાં મોંઘેરા, શોભા બની સારી ..............એવા.

૫) સર્વ સંતોના શિરોમણિ, યુગ પુરુષ પુરાણી;
દાસ જન્તી ગુણ ગાય ગુરુના, ચરણે શીશ નમાવી ......એવા.

**<u>ભજન *</u>**- (લાભુદાદાના ગુણાનુવાદ)

ગામ ગોંડલના વાસી, સદા શરણ તમારું ઉપાસી;
તમે છો ગામ ગોંડલના વાસી ....ટેક.

૧) કરુણા સિંધુ દેવ કૃપાલા, નિજનામના ઉપાસી;
આઠે પહોર અખંડ ધૂન લાગી, મહાપદના વાસી ...........સદા.

૨) મનોહર મૂર્તિ સુંદર ભારી, મધુરી તમારી વાણી;
પ્રવૃત્તિથી પર છો સ્વામી, નિવૃત્તિ તમારી દાસી .............સદા.

૩) સતજ્ઞાનની સમશેર લઈને, સંશયો નાખ્યા કાપી;
નિજ ભક્તિ પ્રેમે પરખાવી, દીધા અભયપદમાં સ્થાપી ....સદા.

૪) અજ્ઞાની અબુધ બાળકની, સુરતામાં સંભાળ રાખી;
વારે વારે સાન કરીને, શિખામણ રૂડી આપી ................સદા.

૫) શરણ તમારું સદા સેવતા, અજ્ઞાન જાય નાસી;
દમેદમમેં દર્શન કરતા, તૂટે જમની ફાંસી .....................સદા.

૬) સદા સુરતામાં હાજર છો, અલખ પુરુષ અવિનાશી;
દાસ જન્તીના શિરોમણિ, ભે ભવની ભાંગી .................સદા.

## <u>ભજન *</u>- (લાભુદાદાના ગુણાનુવાદ)

દાદા તમારું રૂપ મને વાલુ, અહોનિશ સુરતા તમ પર વારું ...........ટેક.

૧) જગતના જનથી જીવન ન્યારું, સદ્ગુરુ સિવાય કાંઈ નહિ પ્યારું;
નિશદિન મુખ પર અમી નિહાળ્યું ............અહોનિશ.

૨) પ્રેમ સ્વરૂપ દાદા તમે દરિયો, નિજ નિજાનંદે અહોનિશ ભરિયો;
આનંદરૂપ છે સ્વરૂપ તમારું ....................અહોનિશ.

૩) દેહાતીતરૂપ જોયું તમારું, દેહ સંબંધથી નહિ સહિયારું;
ઉગમ ગુરુનું ધ્યાન અહોનિશ ધાર્યું ...........અહોનિશ.

૪) અનુભવ વાદળી ચડી અવની પર, વરસી સ્વાતિ હૃદય ભોમિ પર;
મોતી પાક્યા ને એનું મૂલ મોંઘેરું .............અહોનિશ.

૫) જ્ઞાન ભાણનો ઉદય થયો છે, તનના તિમિરને હરી ગયો છે;
આવી કૃપા બીજું કોણ કરનારું ................અહોનિશ.

૬) પરોપકારમાં જીવન વિતાવ્યું, અમારા ભાગ્યને તમે સુધાર્યું;
આવા ગુણને હું કેમ વિસારું ....................અહોનિશ.

૭) તમારા સંગે દાદા કાયમ લેજો, ભવરણમાં અમને ભટકવા ન દેજો;
દાસ જન્તી ઈચ્છે શરણ તમારું ................અહોનિશ.

## <u>ભજન *</u>

લાખ લાખ વંદન, ગુરુ લાભેશ્વરનાથને;
દેવ દયાળુ પરમ કૃપાળુ, અલખ ધણી કિરતારને ..............ટેક.

૧) પિતાશ્રીએ આંગળી ચીંધી, ગુરુ ધાર્યા ઉગમેશ્વરનાથને;
તન મન ધનથી સેવા કીધી, પામ્યા આતમ ધ્યાનને ..........લાખ લાખ.

૨) બાલ્ય યૌવન વય રમવા ખેલવાની, ગાળી ગુરુગમ ધ્યાનમે;
દાસ ભાવે ભક્તિ કીધી, ન મોહ્યા માન પાનમે ................લાખ લાખ.

૩) સંસાર વહેવારના કાર્ય કરતા, રહ્યા ગુરુની સાનમે;
લોહ લગનીથી ગુરુગુણ ગાવે, નિજ સ્વરૂપ ધ્યાનમે ..........લાખ લાખ.

૪) દિલ દરિયામાં ડૂબકી દીધી, પામ્યા આતમ જ્ઞાનને;
અમૂલ્ય મોતી ગોતી લાવ્યા, આપ્યા સર્વને દાનમે .............લાખ લાખ.

૫) મહાજ્ઞાનના ગુરુ દાતા, ટાળ્યા સર્વ અજ્ઞાનને;
પરમ સુખી સર્વને કીધા, હર્યા સર્વ આવરણને ..................લાખ લાખ.

૬) ધન્ય ધન્ય તમ અવતાર, ભવતારણ ભગવાનને;
દાસ જન્તી પર દયા દાખવી, મન રહ્યું તમ નામમે .............લાખ લાખ.

**<u>ભજન *</u>** (રાગ-દાણ ન માગે દાણી)

પરવાનો ગુરુના ઘરનો, પામે વિરલા કોઈ હે જી;
જાત ભાત આવાગમનનો, ભે નાખ્યો ખોઈ હે જી .........ટેક.

૧) સેવા ભક્તિ સત કમાઈથી, મળે પરવાનો સોઈ હે જી;
સદા રહેમ સદ્‌ગુરુની, અનભે ઘર જોઈ હે જી .............પરવાનો.

૨) અનભે ઘર રહે અવિનાશી, પૂરણ બ્રહ્મ સોઈ હે જી;
દર્શન કરતા દોષ ટળે, અખંડ આનંદ હોઈ હે જી ...........પરવાનો.

૩) ત્રિવિધિ સંતાપ ન રહે, ન રહે કલ્પના કોઈ હે જી;
સ્વરૂપાનંદમાં નિત્ય રહે, મળ્યો પરવાનો સોઈ હે જી ......પરવાનો.

૪) ધન્ય ધન્ય સદ્‌ગુરુ, દયા સાગર સોઈ હે જી;
અમર પરવાનો આપ્યો ગુરુએ, મૂલ ઘણેરા હોઈ હે જી ....પરવાનો.

૫) કરુણા મહેર ઘણી કરી, સદ્‌ગુરુ દાતા સોઈ હે જી;
દાસ જન્તીને શરણે લીધો, ભે ભવની ખોઈ હે જી ...........પરવાનો.

**<u>ભજન *</u>** (રાગ-દાણ ન માગે દાણી)

ગુરુચરણ ઉપાસી, જેણે સાચી ફરજને જાણી હે જી ................ટેક.

૧) ગુરુ સ્વરૂપમાં ભાવ રાખી, સત્સંગમાં પ્રીતિ આણી હે જી;
સેવા તણો જેને ભાવ હૃદયમાં, મિથ્યા વાતો તુચ્છ જાણી હે જી ...ગુરુ.

૨) નિત્ય ધ્યાન ગુરુ સ્વરૂપનું, સુરતા નામે ઠેરાણી હે જી;
હર દમેદમ જપી અજંપા, પ્રેમ જ્યોત પ્રગટાણી હે જી ............ગુરુ.

૩) ચડી ખુમારી રોમેરોમમાં, ગુરુ મૂર્તિ નિહાળી હે જી;
નાદની જાલરી વાગે ગગનમાં, વધાઈ મોક્ષની જાણી હે જી .......ગુરુ.

૪) નવ ઈન્દ્રિયો પોત પોતાની, સાચી ફરજમાં આવી હે જી;
મન સમાયું નામમાં, આત્માનંદને જાણી હે જી ......................ગુરુ.

૫) સમર્થ ગુરુ દેવારામ મળિયા, દેહ દશાને ટાળી હે જી;
દાસ જન્તી ગુરુકૃપાથી, ભે ભવની ભાંગી હે જી ....................ગુરુ.

**<u>ભજન *</u>** (રાગ - દાણ ન માગે દાણી)

સુરતા બાણથી સદ્‌ગુરુનું, પૂજન કરીએ સારું હે જી;
સદ્‌ગુરુ કૃપા કરીને, આપે અભય પદ સારું હે જી .....................ટેક.

૧) પહેલા બાણે ગંગાજળથી, સ્નાન કરાવું સારું હે જી;
બીજું બાણ કોમળ અંગને, છે કોરું કરનારું હે જી ......................સુરતા.

૨) ત્રીજા બાણે કનક સિંહાસને, સદ્‌ગુરુને પધરાવું હે જી;
ચોથા બાણે પંચામૃતથી, ચરણ કમળ પખાળું હે જી ....................સુરતા.

૩) પાંચમા બાણે કેસર ચંદનનું, લલાટે તિલક લગાવું હે જી;
છઠ્ઠા બાણે ગુલાબ મોગરાનો, હાર ગૂંથીને પહેરાવું હે જી ............સુરતા.

૪) સાતમા બાણે શુદ્ધ ઘીનો, દીપક લઇ પ્રગટાવું હે જી;
આઠમા બાણે ગૂગળ લોબાનનો, ધૂપ ધણીને ધરાવું હે જી ...........સુરતા.

૫) નવમા બાણે નિવેદ રૂપે, પ્રસાદ ગુરુને જમાડું હે જી;
દસમા બાણે દોઈ કર જોડી, ચરણે શીશ નમાવું હે જી .................સુરતા.

૬) પ્રેમથી ગુરુનું પૂજન કરીને, મારા હૃદય કમળ પધરાવું હે જી;
દાસ જન્તી સદ્‌ગુરુને, નિત્ય ધ્યાનમાં બોલાવું હે જી ..................સુરતા.

**<u>ભજન *</u>** (રાગ - દાણ ન માગે દાણી)

નેમ એવા પાળીએ ભાઈ, આવે પ્રાણ નિયમની માંઈ હે જી;
મન ઇન્દ્રિયો વરતે નિયમમાં, સર્વ કલ્પના જાઈ હે જી .................ટેક.

૧) નેમ નેમ સહુ કોઈ કહે, નેમ જાણે વિરલા કોઈ હે જી;
નેમ એવા જાણીયા જેણે, વહેમ જરા ન હોઈ હે જી ......................નેમ.

૨) એવું નેમ કોઈ વિરલા પાળે, જેને પ્રીત ગુરુ સે હોઈ હે જી;
હર દમેદમ હાજર રહે, તે રીત નેમની હોઈ હે જી .......................નેમ.

૩) નેમ નેમ કહી કંઇક ભૂલ્યા, બાહિર આચાર માંઈ હે જી;
સદ્‌ગુરુની સાન સમજ્યા વિના, મિથ્યા સમય ગુમાઈ હે જી ..........નેમ.

૪) શ્વાસો શ્વાસે સમરણ કરી લે, સુરતા શબ્દની માંઈ હે જી;
દાસ જન્તી આ નેમને પાળી, ગુરુ સ્વરૂપે સમાઈ હે જી ................નેમ.

## <u>ભજન *</u>

મને મળ્યા પ્રગટ દેવ, હું તો કરું ગુરુની સેવ;
મને મળ્યા પ્રગટ દેવ .......ટેક.

૧) પ્રગટ બોલતા ગુરુ જેવા, જોયા નહિ કોઈ દેવ;
સત્ય જ્ઞાન પ્રગટ કહી, કાઢી સર્વ કુટેવ .................મને.

૨) સંશયના કરે સમાધાન, આપે નિજપદ ભાન;
આવરણ મનના સર્વ ટાળે, એવા દયાળુ દેવ ...........મને.

૩) અમી નજરે નિહાળતા, દિવ્ય દ્રષ્ટિવાન દેવ;
કરુણા સભર નજર કરી, શુદ્ધ ભાવ પ્રગટેલ ...........મને.

૪) હથોહથ પ્રસાદ ગ્રહે, સગુણ સાકાર દેવ;
નિરાકાર નિર્ગુણ બ્રહ્મ રૂપે, ઘટોઘટમાં રહેલ ...........મને.

૫) પ્રગટ સેવાય પ્રગટ જોવાય, પ્રગટ જેને સંભળાય;
પ્રગટ પૂજન થાય જેનું, એવા દેવ ગુરુદેવ ..............મને.

૬) પ્રગટ ગુરુ મળ્યા વિના, નહિ કોઈ પાર પહોચેલ;
મહાપદમાં મહાલવા, ધારવા ગુરુદેવ ...................મને.

૭) પૂર્વ કમાઈએ મુજને મળ્યા, ધર્મ ધુરંધર દેવ;
દાસ જન્તીના તારણહારા, દેવારામ ગુરુદેવ ...........મને.

## <u>ભજન *</u>

ગુરુશરણ સાચું, બીજું સાધન સબ કાચું;
મનવા ગુરુશરણ સાચું ....ટેક.

૧) ગુરુશરણે અનેક સીધ્યા, સિદ્ધ સાધક ને સાધુ;
શૌનક ઋષિએ પ્રેમથી, ગુરુશરણ સાધ્યું ..............મનવા.

૨) ગંગા યમુના ગોદાવરી ના'વા, ગુરુશરણમાં જાશું;
નિર્મળ મન એના થયા, જેને ગુરુગમ જ્ઞાન લાધ્યું .....મનવા.

૩) સર્વ તીર્થ સમાય જેમાં, એવા ગુરુચરણે જાશું;
નિર્ભય પદ ગુરુશરણ છે, શબ્દ બ્રહ્મ લક્ષ સાચું ........મનવા.

૪) શબ્દ ગુરુમાં સુરતા વિરામી, અજ્ઞાન એનું નાસ્યું;
માનવ જન્મમાં એ કમાયા, ભર્યું ભક્તિનું ભાતું .......મનવા.

૫) સ્વર્ગ લોકના સુખની વાતું, વેદ પુરાણમાં વાંચીયું;
સદ્‌ગુરુનું શરણ સેવતા, મહાસુખ લાધ્યું ...............મનવા.

૬) ગુરુ વિના ગમ નહિ પડે, ભાંગે નહિ મનની ભ્રાંતુ;
સદ્‌ગુરુની કૃપા થકી, નિજ સ્વરૂપ સમજાતું ............મનવા.

૭) પ્રગટ સ્વરૂપે મુજને મળ્યા, મન આનંદે ઊભરાતું;
દાસ જન્તી ગુરુ દેવારામરૂપમાં, નિત્ય નિત્ય રાચું .....મનવા.

**<u>ભજન *</u>** (રાગ-દેખ પ્રભુ તારા દ્વારે)

ભવજલ તારણહાર સદ્‌ગુરુ, કરુણાના ભંડાર;
સદ્‌ગુરુ ભવજલ તારણહાર ...ટેક.

૧) સંસાર સાગર મોટો દરિયો, મોહ મમતાએ ભરપૂર ભરિયો;
આશા તૃષ્ણાના લોઢે ચડિયો, ભ્રાંતિ ફીણ અપાર .................સદ્‌ગુરુ.

૨) ગુરુ વિના કોઈ ન તરિયા, મદ મગરમચ્છે વહાણ ગળિયા;
કંઈક નર ડૂબી મરિયા, કોણ ઉતારે પાર ............................સદ્‌ગુરુ.

૩) સદ્‌ગુરુ કોઈ ધારો પૂરા, અનુભવમાં નહિ અધૂરા;
સાવધ સુકાની ગુરુ સલુણા, પલમાં ઉતારે પાર ...................સદ્‌ગુરુ.

૪) દેવારામ ગુરુ અમને મળિયા, આતમ જ્ઞાનીને મહા બળિયા;
દાસ જન્તીના કાજ સરિયા, વહેલી કરી છે વાર ...................સદ્‌ગુરુ.

**<u>ભજન *</u>** (રાગ-દેખ પ્રભુ તારા દ્વારે)

સદ્‌ગુરુના શરણ સેવતા, ભાગ્ય રેખા પલટાય;
સેવો ગુરુશરણને ભાઈ .................ટેક.

૧) પ્રકૃત્તિ પડદા સદ્‌ગુરુ તોડે, વૃત્તિને નિજ નામમાં જોડે;
કર્યા કરમની મટકી ફોડે, ફોડે સદ્‌ગુરુરાય ............................સેવો.

૨) જ્ઞાન જ્યોત અખંડ પ્રગટાવે, જન્મો જન્મના અંધકાર જાવે;
નિરંતર નિજરૂપ દર્શાવે, દર્શાવે સદ્‌ગુરુરાય ...........................સેવો.

૩) અખંડ અવિનાશી ગુરુ મળિયા, જન્મો જન્મના પાતક બળિયા;
મૂળ મુકામે જઈને પડિયા, ગુરુશરણની માંય .........................સેવો.

૪) પૂર્વ જન્મના પુન્ય ફળિયા, દેવારામ ગુરુ અમને મળિયા;
દાસ જન્તીના મન મળિયા, ગુરુ સ્વરૂપની માંય ......................સેવો.

**<u>ભજન *</u>** (રાગ-દેખ પ્રભુ તારા દ્વારે)

મનુષ્ય જન્મને સફળ કરવા, સદ્દગુરુ માથે ધાર;
મનવા ગુરુચરણ સિધાવ .............ટેક.

૧) ગુર વિના નહિ આવે આરો, ગુરુ બતાવે મોક્ષ કિનારો;
નામ નિશાન બતાવી નિશ્ચય, ઉતારે પલમાં પાર............... મનવા.

૨) ગોવિંદરૂપ ગુરુને જાણો, અંતરની ભ્રમણા ટાળો;
મન વૃત્તિને વિષયથી વાળો, છોડી દે સર્વ જંજાળ............... મનવા.

૩) તીર્થના તીર્થ સદ્દગુરુ આપે, અવિચળ પદમાં સદાય સ્થાપે;
કરજ કર્મના સર્વ કાપે, આપે મુક્તિ સદાય....................... મનવા.

૪) સગુણ બ્રહ્મ સદ્દગુરુ પ્યારા, નિર્ગુણ નામ સદા ન્યારા;
દાસ જન્તીના પ્રાણ પ્યારા, સદ્દગુરુ સુંદર શ્યામ................. મનવા.

**<u>ભજન *</u>** (રાગ-દેખ પ્રભુ તારા દ્વારે)

સકલ ગુણના ભંડાર સદ્દગુરુ, ભવજલ તારણહાર;
સદ્દગુરુ સકલ ગુણના ભંડાર ...ટેક.

૧) જન્મ સુધારણ જન્મદાતા, સત્ય જ્ઞાન અમીરસ પાતા;
પૂજ્ય પિતા પરમેશ્વર મારા, કરુણાના ભંડાર .............સદ્દગુરુ.

૨) ગામ પીપળિયાના વાસી, કાપી મારી કર્મની ફાંસી;
શિખામણ અમને આપી સાચી, સેવા સત્સંગ સાર .........સદ્દગુરુ.

૩) પ્રેમના પ્યાલા અમને પાયા, છૂટી ગઈ મમતા ને માયા;
નિજ નિજાનંદ રસ રેલાયા, રેલાયા અપરંપાર .............સદ્દગુરુ.

૪) ગુણ ગુરુના અગમ અપારા, પહોંચે નહિ બુદ્ધિ વિચારા;
ગુણાતીત સદ્દગુરુ સ્વામી, વાણી વિલાસથી બા'ર .........સદ્દગુરુ.

૫) દયાળુ દેવ દેવારામ દેવા, નિત્ય કરું તમારી સેવા;
મોક્ષપદના આપ્યા મેવા, જન્તીના તારણહાર ............સદ્દગુરુ.

**ભજન *** (રાગ-શંભુ ચરણે પડી)

ગુરુના ભજન થકી, નિજરૂપ થાશે નક્કી, નિરધારા;
ગુરુના ભજન થકી ઉગારા .............ટેક.

૧) ગુરુ ભજનનો સાચો યોગ, મીટે આ મનનો ભવરોગ;
સમજો જ્ઞાનીજન, આનંદ પ્રગટે અંગ, અપરંપારા ................ગુરુના.

૨) કોઈ અવિદ્યા અંગમાં ન રે'વે, ગુરુ સ્વરૂપમાં જો ડૂબકી દેવે;
લાગે ભક્તિનો રંગ, એમાં પડે નહિ કદી ભંગ, સમજો શાણા ....ગુરુના.

૩) જાગૃત સ્વપ્ન સુષુપ્તિ આગે, તુરિયામાં જો તાર લાગે;
ગરજે નાદ બ્રહ્મ, મીટે જીવપણાનો ભ્રમ, નિજરૂપ વિચારા .......ગુરુના.

૪) નિજરૂપ નિજ આત્મા, એ જ છે સદ્‌ગુરુ પરમાત્મા;
દાસ જન્તીના શ્યામ, સદ્‌ગુરુ દેવારામ, દિલમાં દીદારા ..........ગુરુના.

**ભજન *** (રાગ-શંભુ ચરણે પડી)

ગુરુના ગુણનો નહિ પાર, બ્રહ્મસિંધુ અપાર, ગુરુજી મારા;
વસે જે બાવન બા'રા ........ટેક.

૧) બ્રહ્મસિંધુ ભરપૂર ભરિયો, આનંદ લહેરે અખંડ ઉછળીયો;
અનુભવ મોતી અપાર, ગણતા ન આવે પાર, મૂલ્ય અપારા ...વસે જે.

૨) વેદ જેનો પાર ન પાવે, શ્રીમુખ જેના ગુણ ગાવે;
પાપીને બનાવે પીર, બંધાવે ધારણ ધીર, ગુરુજી મારા ..........વસે જે.

૩) શુદ્ધ ભાવે જો શરણે જાવે, કર્યા કર્મથી તુરત છોડાવે;
આપે અજંપાના જાપ, મટે મનનો સંતાપ, આનંદ અપારા .....વસે જે.

૪) ગુરુકૃપા યોગ છે એવો, થોથાને મોતી બનાવે એવો;
મૂંગાને આપે વાચા, એવા સદ્‌ગુરુ સાચા, જન્તીના પ્યારા .....વસે જે.

**<u>ભજન*</u>** (રાગ-ગંગાસતીના ભજનનો)

ગુરુ તમારા ગુણનો પાર નહિ ને, અનંત ઘણો છે ઉપકાર જી રે;
તમારી કૃપા વિના ગુરુજી, કેમ ઊતરીએ ભવપાર જી રે ..............ટેક.

૧) ભવસાગરમાં અજ્ઞાને ડૂબતાંનો, ઝાલ્યો ગુરુ તમે હાથ જી રે;
નામ નાવમાં સહેજે બેસાડીને, ઉતાર્યો છે ભવપાર જી રે .............ગુરુ તમારા.

૨) નિજ રે દેશમાં મૂળ મુકામમાં, રાખ્યા નિજ ચરણોની માંય જી રે;
અખંડ નાદ બ્રહ્મની, ધૂન ઊઠે છે ત્યાંય જી રે ...........................ગુરુ તમારા.

૩) નાદ બ્રહ્મની અખંડ ધૂનમાં, ભૂલાયું છે દેહનું ભાન જી રે;
કલ્પના મનની સર્વ મટી છે ને, સમજાણી નિજરૂપની સાન જી રે ...ગુરુ તમારા.

૪) ધન્ય રે ધન્ય સદ્‌ગુરુ તમને, ધન્ય રે તમારો ઉપકાર જી રે;
દેવારામ ગુરુ દયા કરીને, ઉતાર્યો જન્તીને ભવપાર જી રે ...........ગુરુ તમારા.

**<u>ભજન*</u>** (રાગ-ગંગાસતીના ભજનનો)

સદ્‌ગુરુના ગુણનો ભાઈ પાર ન આવે, ગુણીજનો જેના ગુણ ગાય જી રે;
સદ્‌ગુરુની પૂરણ કૃપાથી, ભવરોગ મટી જાય જી રે ......................ટેક.

૧) ભવરોગના ભાઈ વૈદ ગુરુદેવ છે ને, નાડ જોઈને કરે નિદાન જી રે;
અનુભવ ઔષધ એવું આપે ને, જડમૂળથી રોગ જાય જી રે .............સદ્‌ગુરુના.

૨) ભવરોગ મટે ત્યારે ભાઈ થાય શાંતિ ને, ઉત્પાત મનનો મટી જાય જી રે;
નિરંતર નામમાં ધ્યાન લાગે ને, આવે આનંદ ઉરમાંય જી રે ............સદ્‌ગુરુના.

૩) એવો મહિમા ભાઈ સદ્‌ગુરુદેવનો રે, જે મુખેથી કહ્યો નવ જાય જી રે;
જીવનું સદા જીવપણું ટાળીને, બ્રહ્મ સ્વરૂપમાં દિયે સમાય જી રે ........સદ્‌ગુરુના.

૪) એવી કરુણા ભાઈ સદ્‌ગુરુદેવની રે, અનુભવી સમજે મનમાંય જી રે;
દેવારામ ગુરુની દયા થઈ ત્યારે, જન્તી ભવરોગથી મુક્ત થાય જી રે ...સદ્‌ગુરુના.

**<u>ભજન*</u>** (રાગ-ગંગાસતીના ભજનનો)

મોટા રે ભાગ્ય ભાઈ તેના કહીએ ને, જેને ભેટ્યા સદ્ગુરુરાય જી રે;
દર્શન કરતા દોષ ટળે ને રે, ભાવ જાગે ભક્તિની માંય જી રે ..........ટેક.

૧) નવધાની ઉપર ભાઈ દશમી ભક્તિની, સાન બતાવે ગુરુરાય જી રે;
સુરતા આપણી શબ્દમાં સંધાવે ને, ધરાવે હરદમ ધ્યાન જી રે .........મોટા રે.

૨) નિત્ય રે નિત્ય ભાઈ નામ અભ્યાસે, આવે સ્થિરતા મનની માંય જી રે;
અનુભવ અજવાળે નિજઘટમાં, ગુરુ સ્વરૂપ દર્શાય જી રે .............મોટા રે.

૩) સગુણ ને નિર્ગુણની ભાઈ થાય એકતા ને, ન રહે દ્વૈત દિલમાંય જી રે;
જીવનપર્યંત એકતાના ભાવમાં, મસ્ત બનીને ગુણ ગાય જી રે ........મોટા રે.

૪) એવો ગુરુગુણ ભાઈ જીવનમાં બંધાયો ને, તે ભટકે નહિ ભવમાંય જી રે;
દેવારામ ગુરુના પાવન ચરણમાં, દાસ જન્તી સદા સમાય જી રે .......મોટા રે.

**<u>ભજન*</u>** (રાગ-ગંગાસતીના ભજનનો)

શુદ્ધ ભાવે ભાઈ પૂજન કરી ગુરુનું ને, ધરીએ હરદમ ધ્યાન જી રે;
સદ્ગુરુજીએ કરુણા કરીને, કરાવ્યું છે બ્રહ્મનું ભાન જી રે .........ટેક.

૧) કબુદ્ધિ કચરો ભાઈ દૂર કરીને, આપ્યું જથારથ જ્ઞાન જી રે;
પ્રપંચ સર્વ મનના મેલાવીને, બતાવ્યું છે સાચું ધ્યાન જી રે .......શુદ્ધ ભાવે.

૨) શ્વાસો શ્વાસમાં ભાઈ શબ્દ બ્રહ્મની, પડે છે અખંડ ટંકશાળ જી રે;
તે જ હું તે જ હું એવું, થઈ રહ્યું છે ગાન જી રે .......................શુદ્ધ ભાવે.

૩) તે જ આપણું ભાઈ નિત્ય સ્વરૂપ છે, સોહં સ્વરૂપ સુજાણ જી રે;
આ દેહ તો ક્ષણભંગુર છે ને, એકપલમાં છે પડનાર જી રે .........શુદ્ધ ભાવે.

૪) આ દેહમાં ભાઈ નિજરૂપને ઓળખીને, સફળ કરો ને અવતાર જી રે;
દેવારામ ગુરુએ દયા કરીને, બતાવી જન્તીને સાન જી રે ..........શુદ્ધ ભાવે.

## ભજન - આરાધી *

ગુરુ તમે છો ગિરધારી રે, અરજ સુણજો અમારી રે .............ટેક.

૧) દેહ મંદિરના દ્વારે પધારો, દર્શન દેવા કાજ;
આપ દર્શનથી ભવદુઃખ મટશે, જેની સંતો પૂરે છે શાખ ........ગુરુ.

૨) દાન પુન્ય વ્રત નિયમથી, તમારું દર્શન દુર્લભ નાથ;
સમરતા તમે દોડી આવો છો, જેની શાસ્ત્રો પૂરે છે શાખ ........ગુરુ.

૩) જાગૃત સ્વપ્ન સુષુપ્તિમાં, સમરિયે દિને રાત;
દયા કરી વેલા પધારો, જોવ છું તમારી વાટ ......................ગુરુ.

૪) ઘણાં જન્મની ગ્રંથિ બંધાણી, ભ્રાંતિ ભાંગો નાથ;
પડદા ભેદી તુરત પ્રગટો, દિલ મંદિરે આજ ......................ગુરુ.

૫) જેના હૃદયે તમે પ્રગટ્યા, ત્યાં પ્રકાશ પડ્યો છે નાથ;
દેહપણાની ભ્રાંતિ ભાંગી, થયો સ્વયં ચૈતન આપ ..............ગુરુ.

૬) દેવારામ ગુરુ સ્વામી અમારા, મને જાણી પોતાનો દાસ;
ઉમંગેથી મારા ઉરમાં પ્રગટ્યા, પૂરી જન્તીની આશ ............ગુરુ.

## ભજન - આરાધી *

હે નાથ મોરી અરજ સૂણો ગુરુરાય, કઠિન આ કળજુગ કરણી;
તેમાંથી દિયો છોડાય, હે નાથ મોરી અરજ સૂણો ગુરુરાય .........ટેક.

૧) મેં મતિ મંદ બુદ્ધિનો હીણો, આવરણમે રહ્યો અટવાય;
મોહપાશના બંધન તોડી, કરો મુક્ત સદાય ........................હે નાથ.

૨) નિત નિત સુરતા મારી, રહે આપ સ્વરૂપની માંય;
દ્વૈતના પડદા દૂર કરી, દિયો આપ સ્વરૂપ દર્શાય ..................હે નાથ.

૩) આપ સ્વરૂપથી પ્રીતિ મારી, તૂટે નહિ જરાય;
રહું સ્વરૂપે ખેલતો, એવી કરો કરુણાય ..............................હે નાથ.

૪) આપ દર્શન વિના, સર્વ દીસે દુઃખદાય;
સદા સદ્‌ગુરુ સંગે રહો તો, આનંદ આનંદ થાય .....................હે નાથ.

૫) દેવારામ ગુરુ દયા સાગર, મુજ મસ્તકે હાથ લગાય;
દાસ જન્તીના તારણહારા, સદા રહેજો સહાય ......................હે નાથ.

## <u>ભજન - આરાધી *</u>

ગુરુ મોરી અરજ સુણોને આજ, તમે છો વિશ્વપતિ મહારાજ;
ગુરુ મોરી અરજ સુણોને આજ ......ટેક.

૧) ભવસાગરમાં નાવ અમારું, ગોથા ખાતું નાથ;
કૃપા કરી કર લંબાવી, પાર ઉતારો નાથ ......................ગુરુ મોરી.

૨) પલપલ ચિત્ત અમારું, ભ્રમિત થાતું નાથ;
તે ચિત્તને આપ સ્વરૂપે, સ્થિર કરોને નાથ ....................ગુરુ મોરી.

૩) આપ સ્વરૂપનો અખંડ આનંદ, વખાણે ઋષિમુનિ નાથ;
એ આનંદમાં અખંડ રાખો, એ જ આશા છે નાથ ............ગુરુ મોરી.

૪) ઘણી ઉંમર વીતી ગઈ છે, વીતી રહી છે નાથ;
આપ સ્વરૂપનું દર્શન આપો, હવે વિલંબ ન કરો નાથ ......ગુરુ મોરી.

૫) દર્શન વિના દુઃખ વિરહનું, મટે નહિ નાથ;
આપ દર્શનથી સબ સુખ થાવે, મીટે જન્મ મરણ નાથ .......ગુરુ મોરી.

૬) તમે અમારા પૂર્ણ પાલક છો, રક્ષક દાતા નાથ;
દાસ જન્તીના તમે છો સ્વામી, દેવારામ દીનાનાથ ..........ગુરુ મોરી.

## <u>ભજન - આરાધી *</u>

ગુરુ તમારા ગુણને કેમ વખાણું નાથ? લીધા જન્મો જન્મ સાથ;
તમે છો પર ઉપકારી નાથ .......ટેક.

૧) રાજા રીઝે તો રાજ સુખ આપે, ન ભવદુઃખ ભાંગે નાથ;
આપ રાજાધિરાજ છો, આપ્યું આત્મ પદનું રાજ ......................તમે છો.

૨) જીવ દશાનું મહાદુઃખ, દૂર કર્યુ છે નાથ;
શિવ સ્વરૂપ સોહં પદની, ભાન કરાવી નાથ ...........................તમે છો.

૩) કમાઈ હીણાને આવું પદ, કોણ આપે નાથ;
અવગુણ અમારા એકેય ન જોયા, ગુણ સાગર દીનાનાથ .............તમે છો.

૪) તમારી સુરતા અમારા ઉપર, અખંડ રહી છે નાથ;
આપ સુરતાની છાંયામાં, ન લાગે ત્રિવિધિ તાપ .......................તમે છો.

૫) ધન્ય ધન્ય સદ્‌ગુરુ દાતા, ધન્ય કૃપા તમારી નાથ;
દેવારામ ગુરુ દયા કરી, ઝાલ્યો જન્તીનો હાથ ..........................તમે છો.

## ગઝલ *

મોટા ભાગ્યે મને ગુરુ સંગ મળિયો,

મનુષ્ય જનમનો ફેરો ફળિયો ...............ટેક.

૧) અજ્ઞાન અંધારે બહુ આથડિયો, ભવરણમાં હું ભૂલો પડિયો;

દયાળુ ગુરુએ મારો હાથ પકડિયો .........મનુષ્ય.

૨) ગુરુના ચરણે શીશ મેં ધરિયો, સેવા ભક્તિએ મારો કાજ સરિયો;

દયાળુ ગુરુએ મારો ઘાટ ઘડિયો ............મનુષ્ય.

૩) નિજનામનો બોધ મને કરીયો, હર દમેદમ ધ્યાન ધરિયો;

અહોનિશ એમાં નાદ ગરજીયો .............મનુષ્ય.

૪) અનુભવ જ્ઞાનનો પ્રકાશ પડિયો, ચૈતન પુરુષ મારી નજરે ચડિયો;

કરી દર્શનને પાયે પડિયો ....................મનુષ્ય.

૫) દેવારામ ગુરુ મારા દયાનો દરિયો, આનંદ લહેરે અખંડ ઉછળિયો;

જન્તી બિંદુ એ સિંધુમાં ભળિયો ............મનુષ્ય.

## ગઝલ *

ગુરુને છોડી હવે બીજે નવ જાજે,

નહિતર નકામી ફજેતી થાશે ............ટેક.

૧) અખંડ ગુરુ તારા ઘટમાં બિરાજે, નાદ બ્રહ્મના વાજા વાગે;

સૂણી નાદ એમાં સ્થિર તું થાજે ..........નહિતર.

૨) ત્રિવેણી તીરથ તું ગુરુને જોજે, દઈને ડૂબકી પાપને ધોજે;

એવો મહિમા તું સમજી જાજે ............નહિતર.

૩) દેવ અવતારો ગુરુને પૂજે, અનુભવથી જરા વિચારી જોજે;

સમજ્યા વિના બીજે દોટ ન દેજે ........નહિતર.

૪) ગોવિંદરૂપ તું ગુરુને જોજે, નીરખીને રૂપ એમાં સમાજે;

ખોટી વાતોમાં તારો વખત ન ખોજે ....નહિતર.

૫) દાસ જન્તી જરા વિચારી જોજે, દેવારામ ગુરુની સન્મુખ રહેજે;

પ્રેમના પ્યાલા ભરી ભરી પીજે .........નહિતર.

## ગઝલ *

મનુષ્ય દેહ ભૂમિમાં, સતનામ બીજક વાવી દે;
કરીને ભજન ગુરુનું, તારો ફેરો સફળ કરી લે ............ટેક.

૧) રપટ હાંકી સત્સંગનો, કપટના ઉપાડા કાઢી લે;
લગનીની દાતરડીથી, વાસનાના થુંબડા વીણી લે .......મનુષ્ય.

૨) ફળ લાગે મોક્ષના, તેને જતનથી જાળવજો;
ધીરજને ધારણાથી, અનુભવીને ખવડાવજો .............મનુષ્ય.

૩) ફળ ખાઈને ખવડાવે, તે સિદ્ધાંત સંતનો છે;
મૂરખ મન સમજે નહીં, તેની કર્મની કઠણાઈ છે ..........મનુષ્ય.

૪) સમર્થ ગુરુ દેવારામ મળિયા, કૃપા અઢળક વરસી છે;
જન્તી બીજ વાવી નામનું, ખેતી સફળ કરી લે ............મનુષ્ય.

## ગઝલ *

તજી આળસને મનથી, સદાય સ્મરણ કરી લેજે;
અમૂલખ અવસર આ આવ્યો, તારો ભંડાર ભરી લેજે ...ટેક.

૧) સત ભજનની મૂડી, ભવોભવ સાથ રહેવાની;
મેળવેલ ધનની થેલી, તે અહીં પડી રહેવાની ............તજી.

૨) કરીને વિચાર સારો, ગુરુનો સંગ કરી લેજે;
વૃત્તિને વિષયથી વાળી, નામમાં પરોવી લેજે ............તજી.

૩) મટે વમળ આ મનના, શાંતિ પદ સંભાળી લેજે;
તુંહી તુંહી બોલે તુજમાં, એ અવાજ સૂણી લેજે ...........તજી.

૪) શું વખાણું ગુરુને, દેવાધિ દેવ દેવાને;
અલ્પ મતિ હું બાળ, સમર્થ નથી કહેવાને ................તજી.

૫) આ કૃપા છે ગુરુની, દાસ જન્તી સમજી લેજે;
બનીને બાળ ગુરુનો, સદા સ્મરણ કરી લેજે .............તજી.

## ગઝલ *

તમે સમજી લેજો જ્ઞાની, ગુરુની થઈ છે મહેરબાની;
આવ્યો અવસર લેજો જાણી, મીટે ચોરાસીની ખાણી ...ટેક.

૧) સદા ગુરુશરણમાં રહેજો, કપટ મનથી તજી દેજો;
ગુરુ કહે તે જ્ઞાનને, હૃદયમાં ધારણ કરી લેજો ............તમે.

૨) ગુરુ છે ઈશ્વર પોતે, એ નિશ્ચય દ્રઢ કરી લેજો;
હવે ફોગટ ફાંફાં, ગોતવાના મૂકી દેજો ....................તમે.

૩) ગુરુ શબ્દે હાજર રહેવું, શ્વાસો શ્વાસે નામ લેવું;
પ્રગટે આનંદની લહેરું, તે સ્વરૂપ સમજી લેવું ............તમે.

૪) બાહિર ગોતે નહિ આવે આરો, વીતી જાશે જન્મારો;
તુંહી તુંહી બોલે તુજમાં, આપે આપ ઓળખાવનારો ....તમે.

૫) દેવારામ દયાળુ એવા, આ ભેદ કહ્યા છે કેવા?
દાસ જન્તી સમજી લેજો, ફેરો સફળ કરી લેજો ............તમે.

## ગઝલ *

સદ્‌ગુરુ કૃપા કરોને નાથ, રહીએ સદા તમારી સાથ .............ટેક.

૧) ભવસાગરમાં બહુ બહુ ભટક્યા, અંધારામાં અહીં તહીં અટક્યા;
જ્ઞાનનો પ્રકાશ પાડો નાથ .............રહીએ.

૨) વૃત્તિનો વળગાડ બહુ ભારી, દેહપણાના ભાવે બંધાણી;
નામના નિશાને રાખો નાથ ...........રહીએ.

૩) તારણહાર તમે છો દાતા, આપ શરણની ચાહુ આશા;
નિભાવજો સદાય મારા નાથ ..........રહીએ.

૪) કૃપાસિંધુ દેવ કૃપાલા, છો અમારા પ્રાણ આધારા;
દાસ જન્તીની અરજ સુણજો નાથ ....રહીએ.

**<u>રામગ્રી *</u>** (રાગ-જળકમળ છાંડી જાને બાળા)

અદભુત શક્તિ છે શબ્દમાં, વિચારીને બોલીએ;
અણઘટતા શબ્દ બોલી, કોઈને નવ દુભાવીએ ..............ટેક.

૧) સંત સમાગમમાં જઈને વીરા, ખોટા પ્રપંચને તજીએ;
નામ સાથે સુરતા રાખી, સદ્‌ગુરુને ભજીએ ................. અદભુત

૨) જીવનનો ધ્યેય હાંસલ કરવા, સંતનું સાનિધ્ય સેવીએ;
મનને ગમતી ખૂજલી કરવા, દૂર દૂર ન ફરીએ ............. અદભુત

૩) સંતના શબ્દો ગ્રહણ કરી, જીવનમાં વણીએ;
વિષય ધાબા ધોઈ નાખી, ભક્તિ રંગ લગાડીએ ............ અદભુત

૪) એક એક સંતોના શબ્દો, અમૂલ્ય માનીએ;
બે ધ્યાની બનીને એવા, શબ્દો ના ગુમાવીએ ................ અદભુત

૫) મૂળ શબ્દનો મહિમા જાણી, શ્વાસો શ્વાસે વાગોળીએ;
આઠે પહોર એ લહેરમાં, મસ્ત બની ફરીએ .................. અદભુત

૬) આ અવસર મળ્યો મોંઘેરો, તેને એળે ન ગુમાવીએ;
દાસ જન્તી દેવારામ ગુરુની, શિખામણ માનીએ............ અદભુત

**<u>રામગ્રી *</u>**

હે જી વાલા અમે રે બાળક સદ્‌ગુરુદેવના, સતનામના ઉપાસી;
પ્રેમનો પ્યાલો મારા ગુરુજીએ પાયો, મારી મટી ગઈ ચોરાસી ...ટેક.

૧) હે જી વાલા ઉલટી ચાલે અમે ચાલ્યા, બંકનાળની વાટે;
ગગન મંડળમાં જઈને વસ્યા, મારા ગુરુજીની પાસે ................હે જી વાલા.

૨) હે જી વાલા ગુરુજીએ અમને રમાડ્યા, પ્રેમ તણાં રાસે;
મીઠી મીઠી મોરલી વગાડી વાલે, હાથ મૂક્યો માથે .................હે જી વાલા.

૩) હે જી વાલા હાથ મૂક્યોને ભ્રમણા ટળી, ટળી કબુદ્ધિ કાળી;
ગળી ગળી આશા તૃષ્ણા, રહ્યા સ્વરૂપમાં ભળી ......................હે જી વાલા.

૪) હે જી વાલા શોભા રે શું વખાણું મારા શ્યામની, મૂર્તિ મનોહર ભાળી;
દાસ જન્તી ગુરુદેવની, વારંવાર બલિહારી ...........................હે જી વાલા.

## <u>દીપોત્સવી રચના</u>

### <u>ધોળ - દીપોત્સવી રચના*</u>

સદ્‌ગુરુ શ્યામ, મળ્યા રે વનમાળી;
કરી ગુરુએ કરુણા ને, થઈ છે દિવાળી ....ટેક.

૧) વિષયના સંગથી, વરતીને વાળી;
લાગી નિજનામમાં ને, થઈ છે દિવાળી ...સદ્‌ગુરુ.

૨) સોહં શબ્દની, ધૂન સંભળાણી;
અતિ આનંદે મારે, થઈ છે દિવાળી ........સદ્‌ગુરુ.

૩) સદ્‌ગુરુ મૂર્તિને, સુરતામાં ભાળી;
કરી દર્શન ને, થઈ છે દિવાળી .............સદ્‌ગુરુ.

૪) કર્મના ફટાકડા, નાખ્યા છે બાળી;
મુક્તપણે હવે, થઈ છે દિવાળી ...........સદ્‌ગુરુ.

૫) દેવારામ ગુરુએ, લીધા સંભાળી;
દાસ જન્તીને, થઈ છે દિવાળી ............સદ્‌ગુરુ.

### <u>ધોળ - દીપોત્સવી રચના*</u>

આવો હરિજન આપણે હેતે મળીએ,
સદ્‌ગુરુ મળ્યા નૂતન વર્ષ ઉજવીએ ...ટેક.

૧) દયાળુ ગુરુએ દયા બહુ કીધી,
જ્ઞાન જ્યોત ઘટોઘટ પ્રગટ કીધી .....આવો.

૨) અજ્ઞાન તિમિર અંતરના ટાળ્યા,
મન વરતી નિજ નામમાં વાળ્યા ......આવો.

૩) કર્મના કરજ ગુરુએ છોડાવ્યા,
નવા ખાતા ગુરુશરણે ખોલાવ્યા .....આવો.

૪) નિત્ય કમાઈ સત ભજનની કરીએ,
દાસ જન્તી ગુરુશરણે રહીએ .........આવો.

## ઝિલણીયું - દીપોત્સવી રચના*

આવ્યો રૂડો દિવાળી દિન, ચાલો ગુરુ ચરણે જઈએ;
ચરણે નમાવીને શીશ, ગુરુ આશિષ લઈએ ............ટેક.

૧) સેવા સત્સંગ ને નામ સમરણમાં, અખંડ રહે પ્રીત;
એવા આશિષ લઈએ ....આવ્યો.

૨) અંતરમુખે અતિ આનંદમાં, ગાઈએ ગુરુના ગુણગાન;
એવા આશિષ લઈએ ....આવ્યો.

૩) ધીરજ ધારણા અને આધિનતા, રહે સરળતા સદાય;
એવા આશિષ લઈએ ....આવ્યો.

૪) ગુરુ નિષ્ઠા ને ધ્યાનની દ્રઢતા, સદા રહે જીવનમાંય;
એવા આશિષ લઈએ ....આવ્યો.

૫) નિત્ય નિત્ય ગુરુ સ્વરૂપમાં, રહીએ સ્થિર સદાય;
એવા આશિષ લઈએ ....આવ્યો.

૬) વિષય વમળના અન્ય આવરણમાં, ભટકે નહિ મન ક્યાંય;
એવા આશિષ લઈએ ....આવ્યો.

૭) દાસ જન્તીને ગતગંગાની સાથે, રાખો ચરણમાં સદાય;
એવા આશિષ લઈએ ....આવ્યો.

**<u>ભજન - દીપોત્સવી રચના*</u>**

બ્રહ્મજ્ઞાની સદ્‌ગુરુ મળ્યા, પોતે પરિબ્રહ્મ રાય;
સદ્‌ગુરુ પોતે પરિબ્રહ્મ રાયજી ....ટેક.

૧) પ્રગટ્યા દીવા સદભાવના, દિલ મંદિરની માંયજી;
પ્રપંચ કચરો દૂર કરીને, સદગુણ રંગોળી પૂરાય ..........સદ્‌ગુરુ.

૨) ખોટા કર્મના ફૂટ્યા ફટાકડા, બળીને ભસ્મ થાયજી;
અહંકાર રાવણ હરીને, પ્રગટ્યા દિલની માંય ............સદ્‌ગુરુ.

૩) નિત્ય ગુરુના સંગમાં, અખંડ આનંદ વર્તાયજી;
ઉદય ભયો જ્ઞાન ભાણ, નૂતન વર્ષ ઉજવાય ..............સદ્‌ગુરુ.

૪) દેવયાન માર્ગ બતાવ્યો ગુરુએ, દેવગતિ પરખાયજી;
દાસ જન્તીના તારણહારા, ધન્ય ધન્ય ગુરુરાય ..........સદ્‌ગુરુ.